૮૬-૯૨ ૮૬-૯૨

# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-જાન્યુઆરી-૨૦૦૭**

ઝીલ હજ્જ-મુહર્રમુલ મુકર્રમ

**હિજરી સન : ૧૪૨૭-૧૪૨૮**

**વર્ષ : ૦૪ અંક : ૦૧, સળંગ અંક : ૩૭**

★ સ્થાપક અને પ્રકાશક ★

ઈસ્લામિક વેલ્ફેર

મિશન-દયાદરા



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧**

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

અઝ : **હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ** رحمۃ اللہ علیہ

ફૌજે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હે
દાફ-એ-ગ઼મ તુમ્હારી દુહાઈ હે

ઉમ્ર ખેલોંમેં હમને ગંવાઈ હે
ઉમ્ર ભર કી યહી તો કમાઈ હે

જબ ખુદા ખૂદ તુમ્હારા હુઆ તો ફિર
કૌન સી ચીઝ હે જો પરાઈ હે

તાજ રખા તેરે સર ર-ફઅ-ના કા
કિસ ક઼દર તેરી ઈઝ્ઝત બળ્હાઈ હે

અંબિયા કો રસાઈ મિલી તુમ તક,
બસ તુમ્હારી ખુદા તક રસાઈ હે

મેરા બેળા કિનારે લગા પ્યારે
નૂહ કી નાવ કિસને તિરાઈ હે

કાશ ! વો હશ્ર કે દિન કહેં મુઝ સે
નારે દોઝખસે તુઝ કો રિહાઈ હે

પ્યારે ખુશ્બૂ તુમ્હારે પસીને કી
ખુલ્દ કે ફૂલોં સે ભી સિવાઈ હે

તયબાહ જાઉં વહાંસે ન વાપસ આઉં
મેરે જી મેં તો અબ યે સમાઈ હે

મર રહા હૂં તુમ આ જાઓ જી ઉઠ્ઠું
શરબતે દીદ મેરી દવાઈ હે

શૌકે દીદારે નૂરીમેં અય ! **'નૂરી'**
રૂહ ખીંચ કર અબ આંખોમેં આઈ હે


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**

# બરકાતે ખ્વાજા (માસિક) જાન્યુઆરી-૨૦૦૭

★ વર્ષ : ૦૪ ★ અંક : ૦૧ ★ સળંગ અંક : ૩૭


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **હુસૈની કિરદાર તથા યઝીદી કિરદારનો તફાવત** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૦ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૨ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૫. | નબી ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૧૫ |
| ૦૬. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાના સાજિદ પટેલ-દયાદરા | ૧૬ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૭ |
| ૦૮. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૯. | ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ | **અઝ** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૨ |
| ૧૦. | યૌમે આશૂરાની ફઝીલત તથા ઈબાદતો | **કાર્યાલય** | ૨૫ |
| ૧૧. | નિગાહે કામિલ | **અઝ** : જનાબ 'જિગર' નબીપુરી (લંડન) | ૨૭ |
| ૧૨. | વર્તમાન શાદીઓની ધૂમધામ અને ઈસ્લામી આદેશ | **રજૂકર્તા** : વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન (M.E.S. સ્કૂલ-રાજપારડી) | ૨૮ |
| ૧૩. | **દારુલ ઉલૂમ દેવબંદના દિગવંત ફાઝિલ મૌલાના અબ્દુલ હકીમની તૌબા !** | **કાર્યાલય** | ૩૦ |
| ૧૪. | **જાતીય (Sexual) શિક્ષણ : બીમારી કે ઈલાજ** | **કાર્યાલય** | ૩૨ |
| ૧૫. | ત્રાસવાદીને જન્મ આપનારાઓને સજા કોણ આપશે ?! | **રજૂકર્તા** : ગુલામ દસ્તગીર નમાઝી-દયાદરા | ૩૫ |
| ૧૬. | **ઈરાકની ઈલ્મી, સાંસ્કૃતિક તથા કલ્ચરલ તબાહી** | **રજૂકર્તા** : મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી (હાલ : મુબારકપુર, આઝમગઢ, યુ.પી.) | ૩૯ |
| ૧૭. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા મોહ્યુદ્દીન-હલદરવા | ૪૩ |
| ૧૮. | આહ ! હાજી યુનુસ માલજી ચલ બસે ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૪૪ |
| ૧૯. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |
| ૨૦. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |

**તમે શાના પર અમલ કરી રહ્યા છો જોઈ લો ?!**

# હુસૈની કિરદાર તથા યઝીદી કિરદારનો તફાવત

તંત્રી લેખ..

ઘણા વરસો પહેલાંની વાત છે કે એક ગામમાં શાદીનો પ્રસંગ હતો. એક યુવાનની શાદીની તારીખ નક્કી થઈ અને સાથોસાથ **શાદી જેવા મુબારક અવસરને ગુનાહોની આંધીથી ભરી દેવા માટે** નાદાન મા બાપ તથા સગાંઓએ **બેન્ડબાજાની ધામધૂમનો પણ બંદોબસ્ત કરી નાખ્યો.** મારા સંબંધી હોવાથી મેં તેમને સમજાવ્યા કે **નિકાહ** રસૂલે પાક ﷺની એક **પ્યારી સુન્નત** છે અને એને સુન્નત સમજીને ગુનાહોથી મેહફૂઝ થવાની નિય્યતે શરીઅતના વર્તુળમાં રહીને કરશો તો એ **અલ્લાહની ઈબાદત** બની જશે, માટે તમો શરીઅતમાં સખત હરામ એવી બેન્ડબાજા, નાચગાનની નહૂસતને વચમાં ન લાવો. બેન્ડના પ્રોગ્રામમાં કેવળ બેન્ડ જ નથી વાગતી પણ અસંખ્ય ખરાબીઓ થતી હોય છે. ઈસ્લામના હુકમો તથા શરીઅતનું મુસલમાનો થકી જ સરેઆમ ઉલ્લંઘન થાય છે....વગેરે ખૂબ સમજાવવા છતાં ન માન્યા તો મેં જણાવ્યું કે હું તમારી શાદીમાં આગલા દિવસોમાં, પાછલા દિવસોમાં કે શાદીના દિવસે આવીશ નહીં. પણ ગુનાહનો નશો જેમના દિમાગે ચઢી ગયો હોય, ભેગા થયેલા મફતના કે નાજાઈઝ માલના નશાએ જેમના દિમાગને ઊંઘાડી દીધું હોય તે કદી સમજે ! તે આપણા શાદીમાં આવવા ન આવવાની પણ પરવા કરશે નહીં. અને એ જ થયું કે ભાઈ ન માન્યા. લોકોનાં દિલો એટલાં સખત થઈ ગયાં છે કે ન જહન્નમનો ડર છે ન જન્નતની પરવા ! ચાહે તેમને કોઈ વડીલ કહે કે વલી પણ કહે કોઈનું માનવા તૈયાર નથી !

## મુર્દા દિલી તે આનું નામ !

ખુદાનું કરવું ને તે યુવાનના ઘર સામે જ તેના જુવાન જોધ સગા મસ્યાયનું મુત્યુ થયું ! તો નક્કી થયું કે હવે આપણા ઘરે નહીં પણ ડાયરેક્ટ સાસરીમાં બેન્ડ લઈ જઈશું. ખુદાને શું મંઝૂર હશે કે અમુક દહાડે સાસરી પક્ષમાં જ એક કુટુંબી યુવાન મોભ જેવા માણસનું મૃત્યુ થયું. હવે શું થાય ?! બેન્ડ તો વગાડવી જ હતી ! જેથી કેટલાક શૈતાની દિમાગના કારીગરોએ એવું ગોઠવ્યું કે મૃત્યુ પામનાર મસ્યાયની માંને ગમે તેમ સમજાવીને તેની પાસે શાદીવાળાને કહેવડાવ્યું કે, મારા પુત્રનું તો મૌત હતું ને મરી ગયો, તમે તમારો પ્રસંગ ન બગાડો ! (બેન્ડ ન વાગવાથી પ્રસંગ બગડે છે ! આ છે મુસલમાની !) છેવટે નક્કી થયું કે ફક્ત ગામમાં બેન્ડ લાવી વગાડવી. બેન્ડ આવી તો સાંજથી જ વરસાદ ચાલુ થઈ ગયો ! જે મોડી રાત સુધી બંધ ન થયો, તો બેન્ડના શોખીનો એક હોલમાં બેન્ડ લઈ ગયા અને ચાલુ વરસાદમાં ત્યાં ખૂબ વગાડી અને યુવાન આધેડ સૌ ખૂબ નાચ્યા ! સૌ સ્ત્રી પુરૂષોએ ભેગા મળીને આ પ્રસંગને માણ્યો. ભલે

અલ્લાહના રસૂલ ﷺ વાજિંત્રોને હરામ કહે, ભલે કહે કે, "મને વાજિંત્રોને નાબૂદ કરવા માટે મોકલવામાં આવ્યો છે." ભલે ફર્માવે કે, "ગીતો સાંભળનારાના કાનોમાં પીગળતુ સીસુ રેડવામાં આવશે !" અલ્લાહની પનાહ !

## ક્યાં છે અહલે બયતના આશિકો ?!

આ છે ઈમામે હુસૈન رضی اللہ عنہની આશિકીનો દમ ભરનારાઓ ! આ છે પાકા સુન્ની અને અહલે બયતના સાચા પાકા આશિક હોવાના દાવેદારો ! હે મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! આ જ નહીં પણ આવા અસંખ્ય બનાવો તથા કરતુતો કેવળ શાદીમાં જ નહીં ગમે તે બહાને ગમે તે પ્રસંગે આપણા કહેવાતા આશિક ભાઈઓ કરતા રહે છે ત્યારે એમને જરાય શરમ નથી આવતી ! અને જ્યારે ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદતનું બયાન થાય છે, આલે રસૂલના ખાનદાનની લાશો કર્બલામાં જાલિમ યઝીદીઓના હાથે ખાકો ખૂનમાં મળવાની દર્દનાક દાસ્તાન કહેવામાં આવે છે તો આંખોએથી આંસૂ વહાવનારા આ આશિકો ઘરે જઈને તરત બધું દર્દ ભૂલી જાય છે. **વરસોથી હું જોઈ રહ્યો છું, મુહર્રમના ઘણા મહિના આવ્યા અને ગયા, હું મુસલમાનોના મહોલ્લાઓએથી પસાર થતો રહ્યો, પણ ઘરે ઘરથી ટી.વી. પર ફિલ્મી ડ્રામાનો શોર સંભળાયો, ટી.વી. સીરિયલોનો અવાજ, નાચગાનનો અવાજ અને ક્રિકેટ મેચની મજા માણવાનો અવાજ વધતો જઈ રહ્યો છે. કોઈ એક આલે રસૂલનો એવો આશિક ન જણાયો જેણે ઈમામે હુસૈન رضی اللہ عنہની મહોબ્બતને ખાતર મુહર્રમમાં ટી.વી. બંધ રાખ્યું હોય ! જો કોઈ તમને મળ્યો હોય તો મારા તરફથી મુબારકબાદ આપી દેજો** ! કેટલાક પ્રસંગે તો ખાસ ચેનલ જ્યાં જોવા મળે તે ઘરની બહાર મસ્જિદ કરતાંય વધારે જોડા ચપ્પલો જોવા મળ્યા ! જ્યારે એક તરફ મસ્જિદમાં નમાઝના સમયે સન્નાટો હોય છે ! કારણ શું ? આજે ક્રિકેટની સેમી ફાઈનલ છે ! ફાઈનલ છે ! આજે કોઈ ખાસ સિરીયલ ચાલી રહી છે ! આજે કોઈ ખાસ નાચગાનનો પ્રોગ્રામ આવ્યો છે !

કેટલીક જગાએ તો એવી હાલત છે કે એક મૌલાના પાકિસ્તાન કરાંચી ગયા હતા. જુમ્આમાં નમાઝ માટે ગયા તો મસ્જિદમાં કોઈ ખાસ વસ્તી ન જણાઈ, મસ્જિદમાં નહિવત સંખ્યા જોતાં પૂછયું કે જુમ્આમાં પણ આવું શાથી છે ?! જવાબ મળ્યો, આજે પાકિસ્તાન તથા બીજા કોઈ દેશની ક્રિકેટ ટીમની ફાઈનલ ચાલી રહી છે જેને જોવા ગયા છે ! આ છે આપણી હાલત ! વિચારો ! આ કૌમ ક્યાં જઈને રહેશે ?!

**કલ્બમેં સોઝ નહીં રૂહમેં એહસાસ નહીં**
**કુછ ભી પયગામે મુહમ્મદ ﷺ કા તુમ્હેં પાસ નહીં**

## રસમી નહીં ! દિલી મહોબ્બત પેદા કરો !

ભાઈઓ ! જેનો સગો બાપ ગુજરી ગયો હોય, જેનો સગો ભાઈ ગુજરી ગયો હોય, ગમગીનીનું જ્યારે વાતાવરણ હોય તો બાપ તથા ભાઈથી મહોબ્બત રાખનારા તે કુટુંબીજનો શું ટી.વી. પર નાચગાન કે ક્રિકેટની મજા માણશે ?! સમાચારના બહાને ટી.વી. ચાલુ રાખીને દિલને બહેલાવશે ?! તો હે ઈમામે હુસૈન رضی اللہ عنہની મહોબ્બતના દાવેદારો ! હે અહલે બયતના ચાહકો ! મુહર્રમમાં એક તરફ ઈમામે

હુસૈનની, શોહદાએ કર્બલાની યાદ મનાવી રહ્યા છો અને બીજી બાજુ ઘરોમાં મનોરંજન માણી રહ્યા છો ! તે પણ એવી ચીજો જોઈને કે જે શરીઅતમાં હરામ છે ! ગૈર મર્દ ઔરતના નાચ ગાનના પ્રોગ્રામો તથા ગૈર મહરમ સ્ત્રીઓને સહકુટુંબ ટી.વી. પર જોઈ રહ્યા છો ! જાહેરમાં તો સાબિત એ જ થાય છે કે **તમારી આ મહોબ્બત રસમ જ પૂરતી જ છે !** બનાવટી છે, એક ધોકો જણાય છે.

માણસને જેનાથી મહોબ્બત હોય છે તેનો પડતો બોલ ઝીલી લેવા માણસ તૈયાર રહે છે, તે જે કહે તે કરવા આકાશ પાતાળ એક કરવાનો હોંસલો રાખતો હોય છે, ગમે તેવો ભોગ મહોબ્બતને ખાતર આપવા તૈયાર હોય છે. આ જ મહોબ્બતની વ્યાખ્યા છે અને **રસૂલે પાક ﷺને જો આપણે આપણી જાન કરતાં વધારે નથી ચાહતા તો આપણે મો'મિન નથી !** હવે તમે જાતે જ તમારા ઝમીરને ઝંઝોળો અને તમારી મહોબ્બતનો તાગ મેળવી લો કે જે ચીજોથી રસૂલે ખુદા ﷺએ મના કરી તેવાં કેટલાં કામો તમે રોજ ઉઠીને સૂતા સુધી કરો છો ? અને જે કરવા માટે કહ્યું એવાં કેટલાં કામો ૨૪ કલાકમાં કરો છો ? તો તમારા મહોબ્બતે રસૂલના દાવાનું રાઝ તમારી સમક્ષ આપોઆપ જાહેર થઈ જશે ! અને ખુદા ન ખ્વાસ્તા ગલત રાહ પર જતા હોઉ તો આજે જ તૌબા કરી લો.

## યઝીદમાં કઈ કઈ ખરાબીઓ હતી ?!

મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આવો ! જુઓ કે ઈમામે હુસૈન رضی اللہ عنہએ કોઈ સત્તાના માટે કે રાજકરણને ખાતર પોતે શહાદત નથી વહોરી, ખાનદાને અહલે બયતના જુવાન જોધ શાહઝાદાઓ તેમજ કુમળી વયના બાળકોની શહાદત કોઈ ધન, સંપત્તિની લાલચમાં નથી થઈ બલ્કે **નાનાજાનની શરીઅતને સલામત રાખવા કાજે જ આ સર્વ અજોડ કુર્બાનીઓ આપવામાં આવી.** જેનું દષ્ટાંત ન આજ સુધી મળે છે ન કયામત સુધી મળવાની શક્યતા છે. દીને હક્કને ખાતર, શરીઅતની રક્ષાને ખાતર કુર્બાની આપનારાં અહલે બયતનાં આ ફૂલોની કુર્બાનીઓનો તો લેહાઝ કરો !

આયનો કદી ખોટુ નથી બતાવતો, જેવા તમે હશો એવું પ્રતિબિંબ તમારું તમને દેખાશે. આવો ! વાસ્તવિક્તાના સાફ સ્વચ્છ આયના સામે ઊભા થઈ જાવ અને ટી.વી. પર દુનિયાને જોવાને બદલે આ આયનામાં તમને પોતાને જોઈ લો. ક્રિકેટનો સ્કોર જોવાને બદલે તમારા નેકી બદીના સ્કોરને તપાસી લો ! હું તમને એક તરફ **યઝીદી કિરદાર** દર્શાવું છું બીજી બાજુ **હુસૈની કિરદાર** દર્શાવું છું, એ બેમાંથી તમારો કિરદાર કયો છે તે જાતે જ નક્કી કરી લો, અને તમારો દાવો શું છે તે પણ વિચારી લો. અને જો તમારો કિરદાર તમારા દાવાની વિરુધ્ધ હોય તો ખુદારા ખુદારા હજી પણ સમય છે, જરૂરથી તમારી ઈસ્લાહ કરી લો.

હે આલે નબીના ચાહકો ! મહાન આલે રસૂલ, સૈયદુસ્સાદાત હઝરત ફાતેમા ઝોહરાના જિગરના ટુકડા, રસૂલે પાક ﷺના અતિ પ્રિય નવાસાને તથા તેમના ખાનદાનને બદ્‌બખ્ત યઝીદે તપતી રેત પર ત્રણ દિવસ ભૂખ્યા પ્યાસા રાખીને કત્લ કરી નાખ્યા તે બદબાતિન ફાસિક તથા ફાજિર હતો, **મુસલમાનોમાં સૌથી પ્રથમ દાઢી મૂંડાવનાર યઝીદ હતો.** હવે જેઓ પોતાને હુસૈની તથા આશિક કહે છે અને દાઢી પણ મૂંડાવે છે તેઓ ગંભીરતાથી વિચારે કે તેઓ યઝીદી કૃત્ય કરીને કોને ખુશ કરી રહ્યા છે અને કોને નારાજ કરી રહ્યા છે ! યઝીદ બેનમાઝી, શરાબી તથા ઝાની હતો, જાલિમ તથા

બેઅદબ ગુસ્તાખ હતો, તેનાં કુકર્મો અતિશય નિમ્ન કક્ષાએ પહોંચેલાં હતાં. હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ જેઓ હઝરત હન્ઝલા ગસીલુલ્ મલાઈકા رضی اللہ عنہના સાહબઝાદા છે તેઓ ફર્માવે છે કે, ''યઝીદ પર અમે ત્યારે હુમ્લાની તૈયારી કરી જ્યારે અમને લોકોને અંદેશો થઈ ગયો કે તેની બદ્કારીઓના સબબે અમારા પર આસ્માનેથી પથ્થર વર્ષા થશે. તેના ફિસ્કો ફુજૂરનો એ આલમ હતો કે લોકો પોતાની માં બહેનો તથા પુત્રીઓ સાથે નિકાહ કરી રહ્યા હતા. (એણે સર્વ જાઈઝ કરી આપ્યું હતું.) શરાબો પીવામાં આવી રહી હતી તથા અન્ય શરીઅતે મના કરેલ બાબતોનો અલલ એલાન રિવાજ થઈ ગયો હતો, અને લોકોએ નમાઝો ત્યજી દીધી હતી.'' *(ખુત્બાતે મુહર્રમ, પેજ–૩૪૧, અઝ : મુફ્તી જલાલુદ્દીન અમજદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ)*

યઝીદ તે બદ્બખ્ત હતો જેણે જમીન પર ફસાદ ફેલાવ્યો, હરમૈન તૈયેબેન તથા ખૂદ કા'બા મોઅઝ્ઝમા તથા રોઝાએ પાકની સખત બેહુર્મતીઓ (બેઅદબીઓ) કરી, મસ્જિદે કરીમમાં ઘોડા બાંધ્યા, તેની લીંડ તથા પેશાબ મિમ્બરે અત્હર પર પડયાં, ત્રણ દિવસ સુધી મસ્જિદે નબવી صلی اللہ علیہ وسلم અઝાન વિનાની રહી, મક્કા મદીના તથા હિજાઝમાં હજારો સહાબા તથા તાબઈનને બેગુનાહ શહીદ કર્યા, કા'બા મોઅઝ્ઝમા પર પથ્થર ફેંક્યા, ગિલાફ શરીફ ફાડયો અને સળગાવ્યો, મદીના શરીફની પાક દામન પારસા સ્ત્રીઓને ત્રણ દિવસ રાત સુધી પોતાના ખબીષ લશ્કર માટે હલાલ કરી આપી, હુઝૂર صلی اللہ علیہ وسلمના જિગરના ટુકડાઓને ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા રાખી સર્વ સાથીઓ સમેટ કત્લ કર્યા, મુસ્તફા જાને રહમત صلی اللہ علیہ وسلمની ગોદમાં ઉછરેલા તને નાઝનીન (શરીર મુબારક) પર શહીદ કર્યા બાદ ઘોડા દોડાવ્યા, તે સરે અન્વર જે બોસાગાહે રસૂલ હતું તેને કાપીને ભાલાની અણીએ ઊંચે ચડાવવામાં આવ્યું અને અહલે બયતની પાક બીબીઓ સાહબઝાદીઓને કેદ કરીને બેહુર્મતીની સાથે તે ખબીષના દરબારમાં લાવવામાં આવી, આનાથી વધીને ક્રુરતા તથા જમીનમાં ફસાદ શો હશે ?! *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૪૪)*

## ઈમામે હુસૈને યઝીદથી બયઅત કેમ ન કરી ?

ઈમામે હુસૈન رضی اللہ عنہએ જોયું કે યઝીદનાં કરતૂતો એવાં છે કે તે શરાબી, ઝાની, બેનમાઝી, ફાસિકો ફાજિર છે અને અગાઉ દર્શાવ્યાં તેવાં શરીઅત વિરુધ્ધ કૃત્યો કરે છે આવો શખ્સ કૌમનો અમીર નથી થઈ શક્તો અને એવો જો અમીર બને તો કૌમને ક્યાં લઈ જાય ! જો તેની બયઅત સ્વીકારી લેવામાં આવે તો શરીઅતે મુસ્તફાથી બગાવતનો ક્રમ શરૂ થઈ જશે, કેમ કે જ્યારે ઈમામ હુસૈન رضی اللہ عنہ જેવી મહાન હસ્તી તેની બયઅત સ્વીકારી લે તો લોકો એવાં ગુનાહિત કૃત્યોમાં કોઈ શરમ મેહસૂસ કરશે નહીં, ન તે કામોને બુરાં જાણશે. જેથી યઝીદની બયઅત ન સ્વીકારી પણ પોતાના પૂરા ખાનદાન સાથે શહીદ થવાનું માન્ય રાખ્યું અને એક પછી એક યુવાન પુત્રોની, બાળકોની લાશો સામે ખડકાતી ગઈ પણ આપે અડગતાપૂર્વક નાનાજાનની શરીઅતની રક્ષા કાજે અંતે પોતે પણ મૌતને વહાલુ કર્યુ. એટલા જ માટે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે :–

**શાહ હસ્ત હુસૈન બાદશાહ હસ્ત હુસૈન - દીન હસ્ત હુસૈન દીં પનાહ હસ્ત હુસૈન**
**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ - હક્કા કે બિનાએ લાઈલાહ હસ્ત હુસૈન**

ભાવાર્થ એ કે ઈમામે હુસૈન رضی اللہ عنہએ પોતે સહકુટુંબ ફના થઈ જઈને નાનાજાનના દીનને બચાવી

લીધો, હુસૈન દીન છે દીનની પનાહ છે. હક્ક તો એ છે કે આપ કલમાનો પાયો છે.

હે મુસલમાનો ! જરા ગંભીરતાથી વિચારો ! એને કેવળ કિસ્સા કે દાસ્તાનના રૂપે ન જુઓ અને કહાની રૂપે ન સાંભળો, પણ તમારા દિલો દિમાગમાં આ કુર્બાનીને જગા આપો અને વિચારો કે **ઈમામે હુસૈન આ કુર્બાનીઓ થકી એક મુસલમાન કેવો હોવો જોઈએ તેનો પયગામ આપી રહ્યા છે. દીને હક્કને ખાતર જે સર્વસ્વ કુર્બાન કરી આપે તેનું નામ મુસલમાન છે ! દુનિયા નારાજ થઈ જાય તો થઈ જાય ! દૌલત જતી રહે તો જતી રહે ! અરે ! ખાનદાન કુર્બાન થઈ જાય તો થઈ જાય, બલ્કે ખૂદ કુર્બાન થવું પડે તો ભલે ! પણ દીને મુસ્તફાને આંચ આવે એવું કૃત્ય મુસલમાને તો ન જ કરવું જોઈએ.**

## આપણો કિરદાર કોના જેવો છે ?!

હે મુસલમાનો ! હે ઈમામે હુસૈનના આશિકો ! હે હુસૈનીઓ ! ઠંડા દિલે ગંભીર બનીને વિચારો કે ઈમામે હુસૈનના પયગામની આપણે શું લાજ રાખી ?! તમારી જાતે તમારી જાતને પ્રશ્ન કરો કે શું શહાદતે હુસૈનના મકસદનો લેહાઝ રાખીને તમે જીવન જીવો છો ?! ગુનાહોનાં કામો, હરામ કામોથી, હરામ કમાઈથી, બેહયાઈથી, બદ્ નજર કરવાથી, તેમજ ગૈર સ્ત્રીઓ પ્રતિ કુચેષ્ટાઓ કરવાથી, ખરાબ ધંધાઓથી, દારૂ, જુગાર, વ્યભિચાર જેવા ગુનાહોથી આજે મુસલમાનો કેટલા દૂર છે ?! શું હાલત છે મુસલમાન નવયુવાનો તથા યુવતીઓની ?! તેમજ વડીલો શું કરી રહ્યા છે ? કેટલા ટકા લોકો છે જેઓ નમાઝે પંજગાનાના પાબંદ છે ? કેટલા દાઢી રાખી રહ્યા છે ?! કેટલી બહેનો છે કે પર્દો કરી રહી છે ?! અરે ! હાલ તો એ છે કે **દાઢી જે સુન્નતે રસૂલ છે તેને રાખવાની શરમ આવે છે ! પર્દો કરવાની બહેનોને શરમ લાગે છે** અને યહૂદ તથા નસારા અને અગ્નિપૂજક તથા મુશ્રિકોની જેમ દાઢીમૂંડા બની ફરવામાં યુવાનો ગર્વ અનુભવે છે અને બહેનો પારદર્શક, ચુસ્ત તથા ટૂંકાં, ટૂંકી બાંય અને ટૂંકી લંબાઈના શર્ટ જેવાં લીરા અને ચીરાવાળાં કપડાં તથા ટી શર્ટ જિન્સ પહેરી મોડેલ કે હિરોઈન જેમ બની ઠનીને અંગ પ્રદર્શન કરવાને ગર્વ અનુભવે છે ! શાદીઓમાં સર્વ શરમ હયાનાં બંધનો ત્યજીને ડાન્સ કરવા લાગે છે, ગૈર મર્દોને બોય ફ્રેન્ડ બનાવી બેહયાઈના મંઝર ખડા કરે છે. બાપ, ભાઈ તથા પતિ વગેરે દૈયૂષ જેમ કાંઈ કરી કે કહી શક્તા નથી !

## હે બહેનો ! પાક બીબીઓથી સબક હાંસલ કરો !

મારી બહેનો ! સાંભળો ! કર્બલાની તપતી રેત પર ત્રણ દિવસની ભૂખી પ્યાસી અહલે બયતની સ્ત્રીઓએ પોતાના કલેજાના ટુકડાઓને યઝીદીઓની તલ્વાર તથા ભાલાઓ સામે ઝઝુમીને શહીદ થતા જોયા પણ કોઈ એક કહેનાર નથી નીકળ્યો કે આ પાક બીબીઓએ પોતાના ચહેરાથી પર્દો હટાવીને હાય પીટ કરી હોય ! મારી બહેનો ! હે ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ની કનીઝાઓ ! નબી صلی اللہ علیہ وسلم ની લાડલી બેટી લખ્તે જિગર હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا એ તો પર્દાની એટલી પાબંદી કરી કે પોતાના વિસાલ બાદ પોતાનો જનાઝો પણ રાતના અંધકારમાં કાઢવા કહ્યું જેથી એમના જનાઝા પર પણ કોઈ ગેર મેહરમની નજર ન પડે ! જ્યારે તમે છો કે જીવતે જીવત ભર પબ્લિકમાં અસંખ્ય ખરાબ નિગાહો

કરનારા લોકો તથા પરાયા યુવાનોની વચ્ચે બેહયાઈભર્યો પોશાક પહેરી અંગ પ્રદર્શન કરીને નચિંત જીવી રહી છો !! સમજી લો, તમારી ભલાઈ તો ફાતિમા ઝોહરાના નક્શે કદમ પર ચાલવામાં જ છે.

હે બહેનો ! સંભલી જાવ ! આ દુનિયા તો જહન્નમ તરફ દોડી રહી છે ! તમે તેની પાછળ લલચામણી નજરે ન જુઓ અને તેની પાછળ ન પડો ! બેહયા નર્તકીઓ, ડાન્સરો, મોડેલોના નક્શે કદમ પર ન ચાલો, નહીં તો તેમની સાથે તમારે જહન્નમમાં જવું પડશે, બલ્કે રસૂલે ખુદાની સાહબઝાદી જન્નતી ઔરતોની સરદાર, ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ની હયા અપનાવો અને તેમના નક્શે કદમ પર ચાલો તો જન્નતની હક્કદાર થશો. આવો, એક હદીષ જોઈ લો ! જેથી શા માટે લોકો જન્નતથી દૂર થઈ રહ્યા છે અને જહન્નમ તરફ ભાગી રહ્યા છે તે સમજાય જાય અને તમે પોતે સાવચેત થઈ જાવ.

## એક ઈબ્રતનાક હદીષ શરીફ

અબૂ દાઊદ, નિસાઈ અને તિર્મિઝીની રિવાયત છે, જ્યારે અલ્લાહ તઆલાએ જન્નત અને જહન્નમને પેદા ફર્માવી તો જિબ્રઈલ علیہ السلام ને મોકલ્યા કે જન્નત અને તેમાં જે કાંઈ છે તેને મેં જન્નતીઓ માટે તૈયાર કરેલ છે, તેને જોઈ આવો. જિબ્રઈલ علیہ السلام એ આવીને જન્નત અને તેમાં રહેનારાઓ માટે તૈયાર કરેલ નેઅમતોને જોઈ અને બારગાહે ઈલાહીમાં જઈને અર્ઝ કરી, તારી ઈજ્જત તથા જલાલની કસમ ! જે પણ તેનો ઉલ્લેખ સાંભળશે તે તેમાં આવવાની કોશિશ કરશે. અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો અને જન્નત પર મુસીબતો લાગુ કરી દીધી. પછી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જાવ અને જુઓ કે મેં જન્નતમાં આવનારાઓ માટે શી વ્યવસ્થા રાખી છે ? **જિબ્રઈલ જન્નતની તરફ આવ્યા તો જોયું કે તેને મુસીબતોમાં છુપાવી દેવામાં આવી છે.** જેથી હઝરત જિબ્રઈલ પાછા આવ્યા અને કહ્યું, **મને તારી ઈજ્જતની કસમ! મને ડર છે કે એમાં કોઈ આવશે નહીં.**

પછી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જાવ ! જહન્નમ અને તેમાં પહોંચનારાઓ માટે મેં જે કાંઈ તૈયાર કર્યું છે તેને જુઓ. **જિબ્રઈલે જહન્નમને જોઈ, તેની એક આગ બીજી આગને કચડી રહી હતી.** જિબ્રઈલ علیہ السلام પાછા આવી ગયા અને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, તારી ઈજ્જતની કસમ ! જે એનો ઉલ્લેખ સાંભળશે તે એમાં આવશે નહીં. અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો અને જહન્નમને વાસનાઓ વડે ઢાંકી દેવામાં આવી. રબ તઆલાએ જિબ્રઈલને હુકમ આપ્યો, હવે જાવ ! અને તેને જુઓ. **જિબ્રઈલ આવ્યા અને જહન્નમને જોઈ અને પાછા જઈને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, તારી ઈજ્જતની કસમ ! મને ડર છે કે કોઈપણ એમાં ગુઝરવાથી બચશે નહીં !** *(મુકાશફતુલ કુલૂબ)*

સારાંશ કે જહન્નમ ઘણી જ ભયાનક જગા છે પણ દુનિયાની લપસણી રંગરેલીઓમાં આકર્ષાવાથી તેમાં લપસી પડાય છે અને જન્નત અતિ આરામદાયક જગા છે પણ તેને પામવામાં ઘણી તકલીફો વેઠવાની છે, હરામ મોજ મજા તથા હરામ કામોથી બચવાનું છે, જેથી તમારું ભલુ ખૂદ જ વિચારી લો.

હે મારા દીની ભાઈઓ ! દિલોમાં દીન તથા સુન્નિયતનું દર્દ પેદા કરો, ઈમામે હુસૈન رضی اللہ عنہ ની શહાદતના વર્ણન પર ચિંતન કરો અને એના મકસદ પર ચિંતન મનન કરો અને દરેક ગુનાહના કામોને ત્યજીને અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર, અહલે બયતની સાચી મહોબ્બતને ખાતર સંપૂર્ણપણે

શરીઅતના પાબંદ મુસલમાન બનો ! દિલમાં નિખાલસતા પેદા કરો, જેવો આશિકીનો દાવો છે તેવો જ તમારો અમલ પણ બનાવો અને રસૂલે પાક ﷺની સુન્નતોના પાબંદ બનો અને સુન્નતોના પ્રચાર કરવા તથા ઈલ્મે દીનના પ્રચાર કરવાના કામોમાં લાગી જાવ, ઈમામ હસન તથા હુસૈન તેમજ અહલે બયતની મહાન હસ્તીઓ જે તકવાનો નમૂનો હતી તેમના તથા સહાબા તેમજ બુઝુર્ગોને દીનના જીવનનો અભ્યાસ કરો અને નેક રાહે ચાલો એમાં જ આપણી બંને જહાનમાં ભલાઈ છે.

## ઈમામ હુસૈનને બાગી કહેનારાઓને મિત્ર કે સગો ન બનાવો !

વળી જો ખરેખર તમે અહલે બયતના સરદાર સૈયદુસ્સાદાત ઈમામે હુસૈન رضی اللہ عنہના આશિક હોઉ તો યઝીદને હક્ક પર કહેનાર તથા ઈમામ હુસૈન رضی اللہ عنہને નાહક્ક પર કહેનાર, યઝીદ પલીદને અમીરુલ મો'મિનીન કહેનાર અને ઈમામ હુસૈનને બાગી કહેનાર ફિર્કાવાળી દેવબંદી વહાબીઓથી સંબંધો, મિત્રતા, ઉઠક બેઠક, શાદી વિવાહ, બંધ કરો અને તેમના હાથનું ઝબહ કરેલું મુરદાર મટન ખાવાથી પરહેઝ કરો, નહીં તો તમારાં દિલો મુર્દા થઈ જશે, ઈમાનનું નૂર હણાઈ જશે, જેથી તેમનાથી દૂર રહો. આશ્ચર્યની વાત છે કે ઈમામ હુસૈનની મહોબ્બતનો દાવો અને તેમના જ દુશ્મનોથી દોસ્તી, સગાઈ તથા ઉઠક બેઠક !! અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને નેક તૌફીક આપે અને સાચા હુસૈની બનાવે. (આમીન)

---

## ૧ એપ્રિલ ૨૦૦૭થી લવાજમમાં વધારો !

**જેવી રીતે મોંઘવારી અન્ય દુનિયાવી પ્રોડક્ટ કરવાવાળાને નડે છે તથા દુનિયવી કામો કરનારા કર્મચારીઓને પગારો ન વધતાં ખેંચ ઉભી થાય છે તેમ દીની વિષયોની કિતાબો, માસિક અંકો વગેરે પ્રસિધ્ધ કરનારા તથા ઈમામો, હુફ્ફાઝ, આલિમોને પણ મોંઘવારી નડતી હોય છે ! જેથી તેમને પણ રાહત થાય તેવો પગારોમાં વધારો કરવો જોઈએ એ સ્વભાવિક વાત છે.**

**આપણુ માસિક "બરકાતે ખ્વાજા" પણ મોંઘવારીનો સામનો કરી રહ્યું છે, કારણ કે મલ્ટિ કલર સુંદર ટાઈટલ તથા ઉમદા કાગળો પર ઉમદા પ્રિન્ટિંગ.... વગેરે સુંદર કામગીરી માટે ઘણો ખર્ચ સહન કરવો પડે છે જેથી નાછૂટકે તા. 1 એપ્રિલ ૨૦૦૭થી વાર્ષિક લવાજમમાં કેવળ વીસ રૂપિયા (રૂા. ૨૦)નો મામૂલી વધારો કરવામાં આવ્યો છે જેની વિગત નીચે કોઠામાં દર્શાવી છે. ૩૧ માર્ચ ૨૦૦૭ સુધી જૂના દરો રહેશે અને ૧ એપ્રિલ ૨૦૦૭થી લવાજમ વધી જશે જેથી આટલા સમયમાં પણ જેમણે જૂના દરોનો લાભ લેવો હોય તેઓ જલ્દીથી લવાજમો મોકલાવી આપે.** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

| | | | |
|---|---|---|---|
| છુટક નકલ | રૂા. ૧૫/– | વાર્ષિક લવાજમ | રૂા. ૧૨૦/– |
| પેટ્રન ગ્રાહક ફી (૧૧ વર્ષ માટે) | રૂા. ૧૩૦૦/– | આજીવન ગ્રાહક | રૂા. ૩૦૦૦/– |

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

| |
|---|
| أُولَٰئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِّن رَّبِّهِمْ |
| وَرَحْمَةٌ ۖ وَأُولَٰئِكَ هُمُ الْمُهْتَدُونَ (١٥٧) إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ |
| مِن شَعَائِرِ اللَّهِ ۖ فَمَنْ حَجَّ الْبَيْتَ أَوِ اعْتَمَرَ فَلَا جُنَاحَ |
| عَلَيْهِ أَن يَطَّوَّفَ بِهِمَا ۚ وَمَن تَطَوَّعَ خَيْرًا فَإِنَّ اللَّهَ |
| شَاكِرٌ عَلِيمٌ (١٥٨) إِنَّ الَّذِينَ يَكْتُمُونَ مَا أَنزَلْنَا مِنَ الْبَيِّنَاتِ |
| وَالْهُدَىٰ مِن بَعْدِ مَا بَيَّنَّاهُ لِلنَّاسِ فِي الْكِتَابِ ۙ أُولَٰئِكَ |
| يَلْعَنُهُمُ اللَّهُ وَيَلْعَنُهُمُ اللَّاعِنُونَ (١٥٩) إِلَّا الَّذِينَ تَابُوا وَأَصْلَحُوا |
| وَبَيَّنُوا فَأُولَٰئِكَ أَتُوبُ عَلَيْهِمْ ۚ وَأَنَا التَّوَّابُ الرَّحِيمُ (١٦٠) إِنَّ |
| الَّذِينَ كَفَرُوا وَمَاتُوا وَهُمْ كُفَّارٌ أُولَٰئِكَ عَلَيْهِمْ لَعْنَةُ اللَّهِ |
| وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ (١٦١) خَالِدِينَ فِيهَا ۖ لَا يُخَفَّفُ |
| عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنظَرُونَ (١٦٢) وَإِلَٰهُكُمْ إِلَٰهٌ وَاحِدٌ |

**તર્જુમો** : આ જ તે (ખુશનસીબ) છે જેમના પર તેમના રબની વિવિધ જાતની નવાઝિશો અને રહમત છે.[૧૮૪] અને આ જ લોકો સીધા માર્ગ પર અડગ છે. બેશક ! સફા તથા મરવા[૧૮૫] અલ્લાહની નિશાનીઓમાંથી છે. તો જે હજ્જ કરે એ ઘરની અથવા ઉમરા કરે તો કાંઈ વાંધો નથી તેને કે ચક્કર લગાડે તે બંનેની દરમ્યાન. અને જે કોઈ ખુશીથી નેકી કરે તો અલ્લાહ તઆલા ઘણો જ કદરદાન ખૂબ જાણવાવાળો છે. બેશક ! જે લોકો[૧૮૬] છુપાવે છે એ ચીજોને જે અમે નાઝિલ કરી રોશન દલીલો અને હિદાયતથી એના પછી કે અમે ઉઘાડીને બયાન કરી આપ્યું એને લોકોના વાસ્તે (મારી) કિતાબમાં એ જ તે લોકો છે કે દૂર કરે છે તેમને અલ્લાહ તઆલા (પોતાની રહમતથી) અને લઅ્‌નત કરે છે તેમને લઅનત કરવાવાળા, અલબત્ત જે લોકો તૌબા કરી અને પોતાની સુધારણા કરી લે અને જાહેર કરી આપે (જે અત્યાર સુધી છુપાવતા રહ્યા) તો એવા લોકોની તૌબા કબૂલ કરું છું અને હું ઘણો જ તૌબા કબૂલ કરનારો અને હમેશાં રહમ ફર્માવનારો છું. બેશક ! જે લોકોએ કુફ્રને અપનાવ્યું અને મૃત્યુ પામ્યા એ હાલ પર કે તેઓ કાફિર હતા, આ જ તે લોકો છે જેમના પર લઅ્‌નત છે અલ્લાહની અને ફરિશ્તાઓની અને સર્વ લોકોની. હમેશાં રહેશે એમાં, ન હલકો કરવામાં આવશે તેમનાથી અઝાબ અને ન તેમને મોહલત આપવામાં આવશે અને તમારો ખુદા એક છે[૧૮૭].

## તફસીર

**૧૮૪.** અલ્લાહ તઆલા એ હિંમતવાન અને ઉચ્ચ હોસલાવાળા લોકોને એ ખુશખબરી આપે છે કે તેમના પર તેમના પરવરદિગારની વિવિધ પ્રકારની બરકતો તથા રહમતો નાઝિલ થાય છે અને

સીધા માર્ગે અડગતાપૂર્વક ચાલવાની તૌફીક આપવામાં આવે છે.

**૧૮૫.** 'શઆઈર' એ 'શઈરહ્'નું બહુવચન છે તેનો અર્થ નિશાની છે. અહનાફ (હનફીઓ)ની નજીક સફા તથા મરવાની વચ્ચે દોડવું હજ્જ તથા ઉમરામાં વાજિબ છે અને આ તાબીરનું કારણ એ છે કે જાહિલિયતના જમાનામાં સફા પર અસાફ અને મરવા પર નાઈલાની મૂર્તિઓ જમાવેલી હતી. ઈસ્લામ લાવ્યા બાદ મુસલમાનોને એ સ્થળે સઈ કરવાનું અયોગ્ય લાગ્યું જ્યાં પહેલાં મૂર્તિઓ રાખેલી હતી. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તમારે તો હઝરત હાજરાની પયરવીમાં દોડવાનું છે, તમારા માટે મુનાસિબ (યોગ્ય) નથી કે તમે મૂર્તિઓના કારણે ઈસ્માઈલ علیہ السلامના વાલિદા મુકર્રમાની સુન્નતને ત્યજી દો. મુસલમાનોના દિલમાં જે નફરત હતી તેને હિકમતપૂર્ણ અંદાઝથી દૂર ફર્માવી દીધી. એટલે કે કોઈ વાંધો નથી, કશી શંકા વિના સફા તથા મરવામાં દોડ લગાડી લીધા કરો.

**૧૮૬.** આ આયતમાં બની ઈસ્રાઈલના તે ઉલમાએ સૂ (બુરા)નું વર્ણન કરીએ છીએ જેઓ પોતાના દુનિયાવી ફાયદાના માટે હુઝૂર صلی اللہ علیہ وسلمના કમાલોને છુપાવતા તથા અલ્લાહ તઆલાના હુકમોને પોતાની ઈચ્છાનુસાર અને મરજી મુજબ તોડ મોડ કરી દેતા હતા. આજે પણ કોઈ આલિમ જો હુઝૂર صلی اللہ علیہ وسلم ના કમાલોના ઈઝહારમાં કંજૂસી કરે અને શરીઅતના હુકમોમાં ફેરબદલ કરે તો તેના માટે પણ આ જ હુકમ છે.

**૧૮૭.** આ આયત કુર્આને કરીમની અઝીમતરીન આયતોમાંથી છે. તેના પ્રથમ ટુકડામાં તૌહીદ (અલ્લાહ એક હોવા વિશે)ની સાબિતી છે અને બીજામાં શિર્કનો નકાર તથા ત્રીજામાં બંનેની દલીલો છે. એટલે કે જ્યારે તેની વિશાળ રહમત પર તમારા અસ્તિત્વ, તમારી સલામતી તથા તમારા ઉદ્ધાર તથા પ્રગતિ અને તમારા આરામ તથા રાહતનો દારોમદાર છે તો એના સિવાય અન્ય કોણ છે જે ઈલાહ તથા મઅબૂદ બનવાનો હક્કાર છે.

## કોઈના પર જુલ્મ કરશો નહીં ! કારણ કે.....

**કાર્યાલય**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہથી રિવાયત છે. આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ જ્યારે મખ્લૂકને પેદા ફર્માવી અને તેઓ ઊભા થઈ ગયા તો તેમણે અલ્લાહની તરફ માથુ ઉઠાવીને જોયું અને કહ્યું, હે અલ્લાહ ! તું કોની સાથે હશે ? રબ્બે જલીલે ફર્માવ્યું, મઝલૂમ (જુલ્મ પામેલા)ની સાથે ત્યાં સુધી કે તેને તેનો હક્ક આપવમાં આવે.

વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہ કહે છે કે, કોઈ જાલિમ બાદશાહે શાનદાર મહેલ બનાવ્યો. એક મુફલિસ વૃદ્ધા આવી અને તેણીએ મહેલની બાજુમાં પોતાની ઝુપડી બનાવી લીધી જેમાં તે સુકૂનથી રહેતી હતી. એકવાર જાલિમ બાદશાહે સવાર થઈને મહેલની આસપાસ ચક્કર લગાડયો તો તેને વૃદ્ધાની ઝુપડી જોવા મળી. તેણે પૂછયું, આ કોની છે ? કહેવામાં આવ્યું કે એક વૃદ્ધા છે તે એમાં રહે છે. તો તેણે હુકમ આપ્યો કે એને તોડી નાખો ! જેથી તેને તોડી નાખવામાં આવી. જ્યારે વૃદ્ધા ડોશી પાછી આવી તો તેણે પોતાની તોડી પાડેલી ઝુપડી જોઈને પૂછયું કે એને કોણે તોડી પાડી છે ? લોકોએ કહ્યું, બાદશાહે જોઈ અને તોડી પાડી. ત્યારે વૃદ્ધા આસ્માન તરફ માથુ ઉઠાવીને બોલી, હે અલ્લાહ ! જો હું હાજર ન હતી તો તુ ક્યાં હતો ? અલ્લાહ તઆલાએ જિબ્રઈલ علیہ السلامને હુકમ આપ્યો, મહેલને તેના રહેવાવાળાઓ ઉપર પલટાવી દો ! અને એવું જ કરવામાં આવ્યું.

–(મુકાશફતુલ કુલૂબ, પેજ–૪૨૮)

દર્સે હદીષે પાક

મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૬ ★

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی الله عنہથી રિવાયત છે, ફર્માવે છે કે સાચા મસ્દૂક નબી صلی الله علیہ وسلمએ ખબર આપી[૧] કે, "તમારામાંનો દરેકનો પેદાઈશનો માદ્દો માંના પેટમાં ચાલીસ દિવસ વિર્ય રહે છે, પછી એટલા જ પ્રમાણમાં (એટલે ચાલીસ દિવસ) જામેલુ લોહી પછી એટલા પ્રમાણમાં લોથળો[૨]. પછી અલ્લાહ તઆલા એક ફરિશ્તો ચાર વાતો બતાવીને મોકલે છે[૩] તો એ ફરિશ્તો તેનાં કામો, તેનું મૃત્યુ, તેની રોજી અને બદ્નસીબ છે સદ્નસીબ છે સર્વ કાંઈ લખી જાય છે[૪]. પછી એનામાં રૂહ ફૂંકવામાં આવે છે. તો એની કસમ ! જેના સિવાય કોઈ મઅબૂદ (પૂજય) નથી કે તમારામાંના અમુક જન્નતીઓનાં કામો કરતા રહે છે, ત્યાં સુધી કે એનામાં અને જન્નતમાં કેવળ એક હાથનું અંતર રહી જાય છે[૫] એવામાં અચાનક લખાયેલી તક્દીર એની સમક્ષ આવે છે અને દોઝખીઓનાં કામો કરી લે છે[૬] પછી ત્યાં જ પહોંચે છે. અને તમારામાંના અમુક દોઝખીઓનાં કામો કરે છે, ત્યાં સુધી કે તેનામાં તથા દોઝખમાં કેવળ એક હાથનું અંતર રહી જાય છે એવામાં એનું લખાયેલ (તકદીર) સામે આવી જાય છે અને જન્નતીઓનાં કામ કરે છે પછી તેમાં દાખલ થઈ જાય છે. *(મુસ્લિમ, બુખારી)*

## ★ સમજૂતી ★

**૧.** 'સાદિક઼' તે જેના સર્વ કથનો સાચાં હોય, 'મસ્દૂક઼' તે જેના સર્વ અમલો સાચા હોય. અથવા 'સાદિક઼' તે જે હોશ સંભાળીને (સમજણો થાય પછી) સત્ય બોલે અને 'મસ્દૂક઼' તે જ પહેલેથી જ સાચો હોય. અથવા 'સાદિક઼' તે જે હક઼ીક઼ત પ્રમાણેની ખબર આપે અને મસ્દૂક઼ તે જે પોતાની જીભ મુબારકથી કહી આપે તેના પ્રમાણેની હક઼ીક઼ત થઈ જાય. હુઝૂર صلی الله علیہ وسلمમાં સર્વ ખૂબીઓ એકત્ર છે.

**૨.** એટલે કે માંના ગર્ભમાં વિર્ય ચાલીસ દિવસ સુધી એ જ હાલતમાં સફેદ રંગનું રહે છે, પછી લાલ રંગનું લોહી બની જાય છે. પછી ચાલીસ દિવસ જામીને ગોશ્ત બને છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે, આદમ علیہ السلامનું ખમીર ચાલીસ વરસ અને મૂસા علیہ السلامનો કિયામ તૂર પર ચાલીસ દિવસ રહ્યો, એટલા માટે વિર્ય પર દરેક ચાલીસ દિવસ પછી પરિવર્તન આવે છે. વળી જન્મ થયા બાદ નિફ઼ાસ ચાલીસ દિવસ છે. બુદ્ધિની પાકટતા ચાલીસ વરસમાં થાય છે. આ હદીષ સૂફીઓના ચિલ્લાની દલીલ છે. અહલે સુન્નત મૈયતનું ચાલીસમું આ જ કારણે કરે છે કે ચાલીસમાં પરિવર્તન (ઈન્કિલાબ) છે.

**૩.** એટલે કે તકદીર લખનાર ફરિશ્તો જે ગર્ભો માટે નિયુક્ત છે, એક જ ફરિશ્તો છે જે સર્વ જગતની ગર્ભવતી સ્ત્રીઓનો નિગરાં છે. જાણવા મળ્યું કે તે હાઝિર તથા નાઝિર છે.

**૪.** કે એ શું કરશે ? ક્યાં અને ક્યારે મરશે ? શું શું ખાશે ? અને શું પીશે ? તેનો અંત કુફ્ર પર થશે કે ઈમાન પર ? યાદ રાખશો કે આ ચીજો તે પાંચ ઈલ્મો (ઉલૂમે ખમ્સા) છે જેના બારામાં ફર્માવવામાં આવ્યું : وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ આ ફરિશ્તો અલ્લાહની તાલીમાનુસાર માણસોની સર્વ ચીજો જાણે છે. મિર્ક઼ાતમાં છે કે આ વાતો એક તખ્તીમાં લખીને બાળકના ગળામાં નાખી આપે છે.

વધુ પેજ નં. ૪૨ પર..

شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ **ઉર્દૂ અનુવાદક** ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ **ગુજરાતી અનુવાદક** ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## *વિભાગ : ૧૪*

## નબી કરીમ صلی اللہ علیہ وسلمની બહાદુરી અને દઢતા

ગુસ્સાની તાકાતને અક્કલના તાબે રાખવાનું નામ બહાદુરી છે અને આ ફઝીલત છે જ્યારે કે મનુષ્યને મૌત અથવા કોઈ નુકસાનની તરફ ધકેલી દેવામાં આવે અથવા તેને તે તરફ પોતે જ આગળ વધવું પડે ત્યારે તે દઢ નિશ્ચયી અને સંતોષી રહે અને કોઈ પણ પ્રકારના ભય અને શંકાને પોતાના ઉપર ઘેરાવ કરવા ન દે ત્યારે તે દઢતા છે જેની પ્રશંસા કરવામાં આવે છે અને તેની કમાલાત (વિશિષ્ટતાઓ)માં ગણત્રી કરવામાં આવે છે.

ફખ્રે દો આલમ علیہ السلامનો આ બંને ખૂબીઓમાં જે મકામ છે તે કોઈના પર છુપો નથી. વારંવાર આપનો સામનો મહાન બહાદુરો અને શસ્ત્ર સજ્જ લોકોથી થયો, પરંતુ આપ તેમના મુકાબલામાં દઢ રહ્યા, આપે ક્યારેય પણ પીછે હઠ કરી નથી, ન મેદાનથી મોં ફેરવી લીધું બલ્કે આપ આગળ જ વધ્યા છે. જો કે આપના સિવાય એવો કોઈ બહાદુર નથી જેને આવા સમયે પાછળ હટવું ન પડયું હોય.

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારાથી હદીષ બયાન કરી અબૂ અલી જબ્બાનીએ, જેની મને ઈજાઝત આપી છે. તેમનાથી હદીષ બયાન કરી કાઝી સિરાજે, તેમનાથી અબૂ મુહમ્મદ અસલીએ, તેમનાથી અબૂ ઝૈદ ફકીહે, તેમનાથી મુહમ્મદ બિન યૂસુફે, તેમનાથી મુહમ્મદ બિન ઈસ્માઈલે, તેમનાથી ઈબ્ને બશારે, તેમનાથી ગુઝરે, તેમનાથી શઅબાએ, તેમણે અબી ઈસ્હાકથી, તેમણે હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી સાંભળી કે તેમનાથી કોઈ શખ્સે સવાલ કર્યો કે, શું તમે હુનૈનના દિવસે રસૂલ صلی اللہ علیہ وسلمને મૂકીને ભાગવા પર લાચાર બની ગયા હતા? ત્યારે તેમણે ફર્માવ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ડર્યા ન હતા, મેં સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلمને એક સફેદ રંગના ખચ્ચર પર સવાર થયેલા જોયા જેનાં પેંગડાં અબૂ સુફયાન બિન હારિષ رضی اللہ عنہએ પકડયાં હતાં. આપ બરાબર આગળ વધી રહ્યા હતા અને વારંવાર ફર્માવતા હતા. **અનન્નબિય્યુ લા કઝિબ.** (હું નબી છું તેમાં કોઈ જૂઠ નથી.) બીજી રિવાયતમાં છે કે, આપ એ પણ ફર્માવતા હતા, **અના ઈબ્નુ અબ્દુલમુત્તલિબ** (હું અબ્દુલ મુત્તલિબની ઔલાદ છું.) આ દિવસે અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી વધીને કોઈ બહાદુર જોયો નહીં.

હઝરત બરાઅ رضی اللہ عنہના ઉપરાંત બીજા હઝરાતે ફર્માવ્યું કે, બહાદુરીના ગુણની દઢતાના લીધે આ સમયે નબી કરીમ صلی اللہ علیہ وسلم ખચ્ચર પરથી ઉતરીને પગપાળા થઈ ગયા હતા.

ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ (વફાત : હિ.સ. ૨૬૧) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماની રિવાયત નકલ કરી છે કે, જયારે (હુનૈનના દિવસે) મુસલમાન અને કાફિરો એક બીજા સાથે ટકરાયા ત્યારે મુસલમાનોને પીછેહઠ કરવી પડી પરંતુ રસૂલ صلی اللہ علیہ وسلم બરાબર પોતાના ખચ્ચરને કાફિરોની તરફ ધકેલતા રહ્યા હતા. મેં (હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ) ખચ્ચરની લગામ પકડેલી હતી અને રોકતો હતો કે ખચ્ચર તેજીથી વધારે આગળ વધી ન જાય. જયારે કે અબૂ સુફયાને (બિન હારિષ) પેંગડાં પકડયાં હતાં. પછી અવાજ આપ્યો, અય મુસલમાનો ! *(હદીષના અંત સુધી કમાફી—જામેઅ સહીહ મુસ્લિમ)*

રસૂલુલ્લાહ ﷺ ક્યારેક ગુસ્સો પ્રગટ કરતા ત્યારે કેવળ "હુકૂકુલ્લાહ" (અલ્લાહના હક્કો)ના બારામાં જ કરતા અને પોતાના જાતી મામલાની લીધે ક્યારેય નારાજ થતા ન હતા. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہનું બયાન છે કે, મેં કોઈને રસૂલલ્લાહ ﷺથી વધુ બહાદુર અને સખી જોયો નથી. હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે, જ્યારે યુદ્ધનું મેદાન ગરમ થઈ જતું, ધમસાણથી લડાઈ ચાલતી ત્યારે અમે રસૂલુલ્લાહ ﷺની પનાહ લેતા હતા. આવા સમય પર તમામ મુજાહિદીન કરતાં આપ કાફિરોના વધુ નજીક રહેતા હતા. જેમ કે જંગે બદરમાં પણ અમે આપની પનાહમાં હતા. જ્યારે કે આપ કાફિરોના બિલ્કુલ નજીક પહોંચી ગયા હતા. કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે, તે મનુષ્ય મહાન શૂરવીર ગણવામાં આવે છે જે ઘમસાણની લડાઈના સમયે આપના નજીક રહેતો હતો, કેમ કે આપ બધાથી આગળ અને કાફિરોના બિલ્કુલ નજીક રહેતા હતા.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, રસૂલ ﷺ સૂરત અને સીરતમાં સૌથી શ્રેષ્ઠ, બહાદુરી અને સખાવતમાં બધાથી ઉચ્ચ અને સંપૂર્ણ હતા. એક રિવાયતમાં છે કે, એક રાત્રે સમગ્ર મદીનામાં હલચલ મચી ગઈ. (કેમ કે એવો અવાજ સાંભળ્યો જે ભયના સમયે આપવામાં આવે છે.) કેટલાક લોકો અવાજ તરફ ગયા ત્યારે તેમણે જોયું કે, રસૂલુલ્લાહ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી પાછા આવી રહ્યા છે. આપ અવાજની તરફ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہના ઘોડાની નગ્ન પીઠ પર સવાર થઈને તુરત જ ચાલ્યા ગયા હતા અને હાલતનું નિરીક્ષણ કરીને લોકોને પાછા આવતાં મળ્યા. પાછા આવતી વખતે આપ લોકોને ફર્માવતા હતા કે, ગભરાવવાની કોઈ વાત નથી !

હઝરત ઉમર ઈબ્ને હસીન رضی اللہ عنہથી રિવાયત છે કે, કાફિરોનું લશ્કર જ્યારે નજીક આવતું હતું ત્યારે રસૂલુલ્લાહ ﷺ પહેલા વાર કરવાવાળામાંથી હતા. ઓહદના રોજ જ્યારે યુદ્ધના મેદાનમાં ઉબય બિન ખલ્ફે આપને જોયા ત્યારે નામ લઈ લલકારવા લાગ્યો અને કહ્યું કે, જો આજે મુહમ્મદ ﷺ જીવતા રહી ગયા તો મારી ખૈર નથી. બનાવ એવો હતો કે, જંગે બદરમાં તે કૈદ પકડાયો હતો અને રસૂલલ્લાહ ﷺએ તેને ફિદીયો લઈને છોડી દીધી હતો. ફિદીયો દઈને પાછા આવતા સમયે તેણે નબી કરીમ ﷺથી કહ્યું હતું કે, મેં એક ઘોડો પાળ્યો છે જેને દરરોજ અનાજ ખવડાવું છું, તેના પર સવાર થઈ એક દિવસે આપને કતલ કરીશ ! ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું હતું કે, ઈન્શાઅલ્લાહુ તઆલા ! એક દિવસ તમારો અંત મારા મુબારક હાથે થશે. જંગે ઓહદમાં ઉબય બિન ખલફ તે જ ઘોડા પર સવાર હતો અને રસૂલુલ્લાહ ﷺને જોતાં જ તેણે તાબડતોડ હુમલા કરવાના શરૂ કરી દીધા હતા. કેટલાય સહાબાએ કિરામ તેનો સામનો કરવા આવી ગયા હતા, પરંતુ હબીબે પરવર દિગારે બધાને હટાવવાનો હુકમ આપ્યો અને હઝરત હારિષ બિન ઉમૈયા رضی اللہ عنہનો ભાલો લઈ આપે તેને હવામાં હલાવ્યો અને ઉબય બિન ખલ્ફથી સંગ્રામ કરવા લાગ્યા અને તેની ગરદનને છેદી નાખી જેના કારણે તે લથડિયું ખાતો ઘોડા પરથી નીચે પડી ગયો. કેટલીક રિવાયતોમાં છે કે તેની પાંસળી તૂટી ગઈ.

જ્યારે ઉબય બિન ખલફ કાફિરોના લશ્કરમાં પાછો પહોંચી ગયો ત્યારે કહેવા લાગ્યો કે, મુહમ્મદે મને કતલ કરી દીધો છે. કાફિર તેને સાંત્વન આપતા અને કહેતા હતા કે, તમારો ઘા તો તદન સામાન્ય છે ! તે કહેતો હતો કે, જેટલી તકલીફ મને થઈ રહી છે, જો આ જ પ્રમાણે બધાના સાથે થાય તો ખરેખર બધા જ મરી જશે. શું તમને ખબર નથી કે, મુહમ્મદે કહ્યું હતું કે, તને હું કતલ કરીશ. ખુદાની કસમ ! જો તે કોઈના પર થૂંકી પણ દે તો તેને હલાક થવા માટે આ જ પૂરતુ છે. જેથી મક્કા મુકર્રમાની તરફ પાછા ફરતા સમયે 'સર્ફ' નામના સ્થળે દમ તોડી જહન્નમમાં દાખલ થઈ ગયો હતો.

કાર્યાલય

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## સ્ત્રી તથા પુરૂષ વિજ્ઞાનની દષ્ટિએ

ચેતન શક્તિનું મૂળભૂત કેન્દ્ર માનવનું મગજ છે, તેના વધારા તથા ઘટાડા અને કમજોરી તથા શક્તિ પર ચેતનશક્તિની તીવ્રતા તથા સુસ્તીનો દારોમદાર છે. પરંતુ જ્યારે માનસશાસ્ત્રની વિદ્યાના પ્રયોગોને લક્ષમાં રાખીને આપણે વિચારીએ છીએ તો એમાં પણ સ્ત્રી અધિક અશક્ત પુરવાર થાય છે. આ વિદ્યાએ સાબિત કરી આપ્યું છે કે સ્ત્રીના મગજ (ભેજા) અને પુરૂષના મગજમાંના માવામાં સખત તફાવત છે. પુરૂષના મગજનો સરેરાશ સ્ત્રીના મગજ કરતાં ૧૦૦ ડ્રામ વધારે છે. જો કોઈ એના જવાબમાં કહે કે આ વધારો સ્ત્રી તથા પુરૂષના શારીરિક તફાવત પર આધારિત છે તો એ પણ ગલત છે, કેમ કે એનું સંશોધન થઈ ચૂક્યું છે કે પુરૂષના મગજનું કદ તેની શારીરિક સ્થિતિ સાથે એ નિસ્બત ધરાવે છે જે ચાલીસની સંખ્યાને એક સાથે હોય છે, પણ સ્ત્રીનું મગજ તેની શારીરિક શક્તિ સાથે ચુમ્માલીસ તથા એકની નિસ્બત ધરાવે છે. એનાથી જાહેર થાય છે કે જો સ્ત્રીના મગજની કમી શારીરિક કમજોરી પણ આધારિત છે તો પછી આ તફાવત શા માટે જોવા મળે છે ?

એ ઉપરાંત સ્ત્રીના માથાના મગજમાં કરચલીઓ ખૂબ જ ઓછી છે અને તેના પર્દાઓની વ્યવસ્થા પણ અપૂર્ણ છે. માનસ શાસ્ત્રના નિષ્ણાતોએ આ તફાવતને એ બંનેવ જાતિઓના તફાવતો દર્શાવતી ચીજોમાં એક મહત્વની બાબત ઠરાવેલ છે.

આ પ્રમાણે સ્ત્રી તથા પુરૂષના મગજોની (જૌહરે સંજાબી) ચેતનશક્તિમાં પણ આ સખત ફરક જોવા મળ છે, જૌહરે સંજાબી એ ચેતન શક્તિનું કેન્દ્ર છે એટલા માટે આ ફરક કોઈ મામૂલી ફરક નથી.

આ વિગતો પરથી જાણવા મળે છે કે કુદરતે દુનિયાની વ્યવસ્થાને ચલાવવા માટે સ્ત્રી તથા પુરૂષ માટે અલગ અલગ વર્તુળો તથા એકબીજાથી અલગ ફરજો તથા જિમ્મેદારીઓ લાગુ કરી છે. એ હેતુના માટે સ્ત્રીને જે લાયકાતોની જરૂરત હતી તે એનામાં રાખી દીધી અને પુરૂષને જે લાયકાતો જરૂરી હતી તે તેના શારીરિક બંધારણમાં રાખી દીધી, કેમ કે પુરૂષ તથા સ્ત્રી જીવન રથનાં બે પૈંડા છે, બંનેના સહકાર વિના જીવનની ગાડી નથી ચાલી શકતી. એટલા માટે કુદરતે તે બંનેવમાં એકબીજાના માટે આકર્ષણ પણ રાખી દીધું........એ તકાઝો છે કે સ્ત્રી તથા પુરૂષના આકર્ષણનો આ સંબંધ એક વર્તુળની અંદર રહે, એ વર્તુળથી આગળ ન વધે. એ વર્તુળથી આગળ વધી જવાનાં જે નુકસાનો થઈ શકે છે તે એ છે કે સમાજ વેર વિખેરનો શિકાર થઈ જશે અને સંસ્કારની સર્વ પ્રગતિ અટકી જશે. ભૂતકાળમાં અસંખ્ય સંસ્કારી કૌમો આ જ કારણે અધોગતિનો શિકાર થઈ ગઈ.

ઈસ્લામે માનવ પ્રકૃતિના આ પાયાના નિયમને લક્ષમાં રાખીને સ્ત્રી તથા પુરૂષના માટે અલગ અલગ કાર્યક્ષેત્ર નિશ્ચિત કર્યું છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **"સ્ત્રી જ્યારે ઘરથી બહાર નીકળે છે તો શૈતાન તેણીની સાથે થઈ જાય છે."** એક હદીષમાં છે કે, **"જ્યાં ગેરમેહરમ સ્ત્રી તથા પુરૂષ એકાંતમાં હોય છે ત્યાં ત્રીજો શૈતાન હોય છે."**

માનવ ફિતરત (પ્રકૃતિ) અને ઈસ્લામી તા'લીમાતથી વિમુખ થવાનું પરિણામ છે કે આજે પશ્ચિમી માહોલ આપણા માટે બોધ પાત્ર બની ચૂક્યો છે. **સર્વ પ્રગતિઓ છતાં સ્ત્રી તથા પુરૂષનો સંતોષ (ચૈન) અદશ્ય થઈ ચૂક્યો છે. તેમની જિંદગીઓની કડવાશના બનાવો વાંચીને મેહસૂસ થાય છે કે આ જિંદગી એવી છે જે મૌતથી પણ બદતર છે,** જેમ કે ખુશહાલ (માલદાર) પશ્ચિમી દેશોમાં આપઘાતના બનાવો સૌથી વિશેષ બની રહ્યા છે. *(મઆશરાએ જમહૂરિયત ઔર ઈસ્લામ)*

આપે આગળના લખાણમાં સારી રીતે એ વાતનો અંદાજો લગાડી લીધો કે જેવી રીતે ઈસ્લામે સ્ત્રીને પુરૂષ કરતાં કમજોર તથા કમતર રાખી છે અને સાયન્સે પોતાના અર્વાચીન સંશોધનમાં પણ તેણીને કમજોર ઠરાવી છે. બલ્કે ઈસ્લામે સ્ત્રીને છુપાવીને રાખવાની ચીજ બતાવી છે.

પરંતુ જ્યારે આ છુપાયેલી ચીજ અને બાપર્દા ચીજ ઉઘાડી તથા જાહેર થાય છે અને પુરૂષથી ખભે ખભા મિલાવી ચાલવાની કોશિશમાં રહે છે તો તેનાં નુકસાનો વર્તમાન યૂરોપી જિંદગી પરથી સ્પષ્ટ જોવા મળે છે.

# રહમતે દારૈનના ﷺ શાયદાઈ

★ રજૂકર્તા ★

ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

(૩) હુઝૂર ﷺના એલાને નબુવ્વત પછી સ.હિ. ૧૧માં અલ્લાહ તઆલાએ યષરબવાળાઓને ઈસ્લામની તરફ વાળી દીધા જેથી એ વર્ષે છ નેક પ્રકૃતિવાળા ખઝરજીઓ ઈસ્લામની સઆદત પામીને યષરબ પાછા ગયા. આગલા વર્ષે યષરબના બાર માણસોએ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને ઈસ્લામને કબૂલ કરવાની ખૂશનસીબી પ્રાપ્ત કરી. એનાથી આગલા વર્ષે પંચોતેર હક્કને માનનાર યષરબથી મક્કા પહોંચ્યા અને રહમતે આલમ ﷺના દસ્તે હક્ક પરસ્ત પર એ અહદની સાથે બયઅત કરી કે આપ ﷺ યષરબ તશરીફ લાવે તો અમે અમારી જાનો, માલ અને ઔલાદોની સાથે આપની હિફાઝત કરીશું. આ બયઅત 'બયઅતે ઉકબા કબીરા' કહેવાય છે. એના પછી હુઝૂર ﷺએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને યષરબની તરફ હિજરત કરવાની રજા આપી દીધી. જેથી ઘણા બધા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین મક્કાની જમીનને અલ્ વિદાઅ કહીને યષરબ ચાલ્યા ગયા. એ મુહાજિરોમાં હઝરત સઅદ رضی اللہ عنہ અને એમના નાની વયના ભાઈ ઉમેર رضی اللہ عنہ પણ સામેલ હતા. યષરબ પહોંચીને હઝરત સઅદ رضی اللہ عنہ અને ઉમેર رضی اللہ عنہ પોતાના મોટા ભાઈ ઉત્બા બિન અબી વક્કાસના મકાનમાં રોકાયા. ઉત્બાએ જંગે બઆષના પહેલાં મક્કામાં એક વ્યક્તિને કતલ કરી દીધો હતો અને કિસાસ (બદલા)ના ડરથી ભાગીને તેણે યષરબમાં પનાહ લીધી હતી. ઉત્બા મુશ્રિક હતો, છતાં એમણે ઘણી જ ખુશ દિલીથી પોતાના બંને હક્કપરસ્ત ભાઈઓને પોતાને ત્યાં રોક્યા. બદ્કિસ્મતીથી ઉત્બા ઘણા લાબાં સમય સુધી કુફ્ર તથા શિર્કના અંધકારમાં ભટકતો રહ્યો પરંતુ એમની ઈસ્લામ દુશ્મનીએ નાના ભાઈઓને રજમાત્ર પણ અસર ન કરી અને શરૂથી લઈને છેવટ સુધી ઈસ્લામની સાથે એમની દીવાનગીભરી મહોબ્બત યથાવત રહી. હઝરત સઅદ رضی اللہ عنہની હિજરતના થોડાક સમય પછી સરવરે આલમ ﷺએ પણ યષરબને પોતાના મુબારક કદમોથી ઈજ્જત આપી અને એ પૂરાણુ શહેર યષરબમાંથી મદીનતુન્નબી ﷺ બની ગયું.

હિજરતના પછી મુસલમાનોને અમુક અંશે શાંતિ નસીબ થઈ અને તેઓ કાફિરોની તકલીફોથી મેહફૂઝ થઈ ગયા, તેમ છતાં મક્કાના મુશ્રિકોના હુમ્લાનો ખતરો દરેક સમયે હાજર હતો. આ ખતરાને લક્ષમાં રાખીને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین દરેક સમયે શસ્ત્રોથી સજજ રહેતા હતા, અને કાશાનાએ નબવી પર કાયદેસરથી પહેરો આપ્યા કરતા હતા. એ જમાનામાં હઝરત સઅદ رضی اللہ عنہને પણ અમુક સમયો પર પહેરો દેવાની ખુશનીસીબી પ્રાપ્ત થઈ. મદીના પર હુમ્લાની રોકથામ અને મક્કાના મુશ્રિકોની હિલચાલ પર નજર રાખવાના માટે હુઝૂર ﷺ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینની નાની નાની સશસ્ત્ર ટોળીઓ સમયાંતરે મક્કાની તરફ રવાના કરતા રહેતા હતા. આ ચળવળોને સરાયા (લડાઈ)થી ઓળખવામાં આવે છે. જંગે સરૈયાએ બદરથી પહેલાં જે લડાઈઓ થઈ એમાંથી

વધુ પેજ નં. ૨૪ પર..

# ફતવા વિભાગ

-કાર્યાલય

## દલાલીમાં ટકવારી નક્કી કરવી કેવી ?

શું ફર્માવે છે ઉલમાએ અહલે સુન્નત તથા શરીઅતના મુફતીઓ નીચેના મસ્અલામાં કે, દલાલ તથા એજન્ટ દલાલી કરે છે અને એમાં ટકાવારી નક્કી કરે છે, દા.ત. મકાન તથા જમીનની દલાલી, ગાડીઓની દલાલી અથવા વિદેશ મોકલવાની દલાલી... વિગેરે આ સૌ શરીઅતની રૂએ જાઈઝ છે કે નહીં ?''

શરીઅતમાં દલાલી જાઈઝ છે તો તે કઈ અને કેટલી દલાલી ? મહેરબાની કરીને સરળ ભાષામાં વિસ્તારપૂર્વક દલાલીયુક્ત જવાબ અર્પણ કરશો. *(**પ્રશ્નકર્તા** : મુહમ્મદ આકિબખાન બરકાતી–પેટલાદ)*

**અલ્જવાબ** : દલાલ અને એજન્ટ જો દલીલીમાં ટકાવારી (પરસન્ટેઝ) નક્કી કરે તો એ **નાજાઈઝ** તથા **હરામ** છે. રદુલ મુહ્તારમાં તાતર ખાનિયહ્થી છે :–

**فی الدلال والسمسار یجب اجر المثل وما توا ضعوا علیه ان فل کل عشرۃ دنانیر کذا فذالك حرام علیھم**

''દલાલ અને એજન્ટમાં અજર (બદલો) મિષ્લ વાજિબ છે, અને એ વાત પર જો સહમત થાય અથવા શરત મૂકે કે દરેક દસ દીનાર પર આટલા તો **હરામ** છે.''

દલાલી તથા એજન્સી ઈજારો છે, અને ઈજારો વિના શંકાએ જાઈઝ છે, દલાલ તથા એજન્ટ જો ખરીદનાર તથા વેચનારના તરફથી દોડધૂપ કરે, મહેનત તથા કોશિશ કરે તો એ કામમાં જેટલું ચાલ્યો અને જેટલી કોશિશ કરી એટલી જ મજૂરી પામશે. અને જો બેઠાં બેઠાં બે ચાર વાતો કરી, સલાહ આપી, કહ્યું, ખરીદી લો ઘણુ સારું છે. અથવા વેચી દો, તમારા હક્કમાં બેહતર છે, તો કાંઈ મળશે નહીં. કેમ કે, મજૂરી આવવા જવા તથા મહેનતની હોય છે, કેવળ વાતોની નથી હોતી. રદુલ મુહતાર, બઝાઝિયહ્માં છે :–

**الدلالۃ والاشارۃ لیست بعمل یستحق به الاجر وان قال لرجل بعینه ان دللتنی علی کذا فلك کذا ان مشی له فدله فله اجر المثل للمشی لا جله۔**

''માર્ગદર્શન તથા નિર્દેશ કરવું એ કોઈ કામ નથી જેનાથી મજૂરીનો અધિકાર બને. **હા ! જો કોઈ ચોક્કસ વ્યક્તિને કહ્યું કે તમે મારું માગદર્શન કરો તો તમારા માટે આટલુ મહેનતાણુ છે. તો જો તે કામ માટે ચાલ્યો અને માર્ગદર્શન કર્યું, તો હવે તેને મહેનતાણુ મળશે.**

ગમઝુલ ઓયૂનમાં ખઝાનતુલ અકમલથી : **اما لو دله بالکلام فلا شئی له۔** ''જો કેવળ જીભ વડે કહી આપ્યું તો કાંઈ મળશે નહીં.''

અને કામનુ મહેનતાણુ એ છે કે આવા કામ અને આટલા કામમાં આટલી કોશિશ પર જ યોગ્ય મજૂરી થતી હોય એનાથી વધુ પામશે નહીં, ભલે ગમે તેટલા વધારે નક્કી કરી લીધેલ હોય. હા ! જો સોદો કામના મહેનતાણાથી ઓછામાં થયો તો ઓછુ જ પામશે. ખાનિયહ્ તથા ઈશ્બાહમાં પણ એ જ પ્રમાણે છે. *(બહવાલા ફતાવા રઝવિય્યહ્, ભાગ–૮)* વલ્લાહુ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ કલીમ અશરફ મિસ્બાહી *(ખાદિમે તદરીસ વલ્ ઈફતા દારુલ ઉલૂમ કાદરિય્યહ્, રઝવિય્યહ્, શેરપૂરા પેટલાદ–ગુજરાત) ૫ જમાદિઉલ આખર, હિ.સ. ૧૩૨૭, ઈ.સ. ૨/જુલાઈ/૨૦૦૬)*

દરેક મુસ્લિમે જાણવો જરૂરી હુક્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## કૂવાનું પાણી

**મસ્અલો** : કૂવામાં કોઈક માણસ યા જાનવરનો પેશાબ કે વહેતું લોહી અથવા તાડી કે સેંધી કે કોઈ પ્રકારના દારૂના ટીપાં કે નાપાક લાકડી કે નાપાક કપડું કે નાપાક ચીજ પડી જાય તો બધું પાણી કાઢવું. *(ખાનિયા વગેરે)*

**મસ્અલો** : જે ચોપગાં જાનવરોનો ગોશ્ત (માંસ) ખાવામાં નથી આવતો તેના મળ, મૂત્ર કૂવામાં પડવાથી કૂવો નાપાક થઈ જશે. એ જ પ્રમાણે મરઘી અને બતકની અઘારથી કૂવો નાપાક થઈ જશે. અને એવી બધી જ હાલતોમાં કૂવાનું બધું જ પાણી કાઢવું પડશે.

**મસ્અલો** : જે કૂવાનું પાણી નાપાક થઈ ગયું હોય તેનું એક ટીપું પણ પાક કૂવામાં પડી જાય તો તે કૂવો પણ નાપાક થઈ જશે. જે હુકમ પહેલા કૂવાનો હતો તે જ હુકમ બીજા કૂવાનો પણ થઈ ગયો. એ જ રીતે ડોલ, દોરડું, ઘડો, જેમાં નાપાક કૂવાનું પાણી લાગ્યું હતું તે પાક કૂવામાં પડશે તો પણ કૂવો નાપાક થઈ ગયો ગણાશે.

**મસ્અલો** : કૂવામાં માણસ, બકરું, કુતરું કે કોઈપણ લોહીવાળું કોઈ વહેતા લોહીવાળુ જાનવર એની જેટલું કે એનાથી મોટું પડીને મરી ગયું તો બધું જ પાણી કાઢવું પડશે.

**મસ્અલો** : મરઘો, મરઘી, બિલાડી, ઉંદર, સબકલી અથવા બીજું કોઈ વહેતા લોહી વાળુ જાનવર એનામાં મરીને, ફુલી જાય કે ફાટી જાય તો બધું જ પાણી કાઢવું પડશે.

**મસ્અલો** : આ જાનવરોમાંથી કોઈ બહાર મર્યુ અને પછી કૂવામાં પડે તો પણ એ જ હુકમ છે. એટલે કે બધું જ પાણી કાઢવું પડશે.

**મસ્અલો** : સબકલી કે ઉંદરની પૂંછડી કપાઈને કૂવામાં પડી તો ભલે ફુલી કે ફાટી ન હોય તો પણ બધું જ પાણી કાઢવું પડશે, પરંતુ જો તેની જડમાં મીણ લગાડી દીધેલું હોય અને પછી પડી તો વીસ ડોલ પાણી કાઢવું.

**મસ્અલો** : બિલાડીએ ઉંદરને પકડયો અને ઘાયલ કર્યો, પછી તે તેનાથી છૂટીને કૂવામાં પડયો તો બધું જ પાણી કાઢવું પડશે.

**મસ્અલો** : કાચું બાળક અથવા મરેલું પેદા થએલું બાળક કૂવામાં પડયું તો બધું પાણી કાઢવું ભલે પડવા પહેલા નવડાવી દીધું હોય.

**મસ્અલો** : સુવ્વર, પાણીમાં પડયું ભલે પછી તે જીવતું જ નીકળ્યું તો પણ બધું જ પાણી કાઢવું પડશે.

**મસ્અલો** : સુવ્વર સિવાય બીજું કોઈ જાનવર કે જેનું બોટેલું નાપાક છે, જેમ કે વાઘ, વરૂ, ગીધ, કૂતરું... વગેરે કૂવામાં પડયું અને શરીર ઉપર કોઈ નાપાકી લાગેલી હતી એવી ખાત્રીપૂર્વક જાણ ન હોય અને એનું મોં પાણીમાં ન પડવા પામ્યું હોય તો પાણી પાક છે એને વાપરવું જાઈઝ છે. પરંતુ એહતેયાતને ખાતર વીસ ડોલ કાઢી લેવું બહેતર છે.

**મસ્અલો** : કોઈક જાનવર કે જેનું થૂંક નાપાક છે. જેમ કે કૂતરું, વાઘ, ચિત્તો, ગીધ, વરું જો કૂવામાં પડી જાય અને એનું મોં પાણીમાં બોળાયું તો કૂવો નાપાક થઈ ગયો, બધું પાણી કાઢવું જોઈએ.

**મસ્અલો** : ગધેડું, ખચ્ચર કૂવામાં પડયું અને જીવતું નીકળી આવ્યું પરંતુ એનું મોં પાણીમાં પડયું હતું તો કૂવો નાપાક થઈ ગયો, બધું પાણી કાઢવું

પડશે. અને મોં ન પડયું હોય કે તો વીસ ડોલ પાણી કાઢવું પડશે. *(કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : છૂટી ફરતી મરઘી કૂવામાં પડી અને જીવતી નીકળે તો કૂવો પાક છે, પરંતુ વીસ ડોલ કાઢી નાખે. *(કાઝીખાન)*

**મસ્અલો** : જે જાનવરોનું બોટેલું મકરૂહ છે (જેમ કે બિલાડી, ઉંદર, સાપ, સબકલી) તે કૂવામાં પડે અને જીવંત નીકળે તો વીસ ડોલ પાણી કાઢવું.

**મસ્અલો** : કોઈપણ જાનવર નાનું હોય કે મોટું કૂવામાં પડે અને એના શરીર ઉપર નાપાકી લાગ્યાની ચોક્કસપણે ખાત્રી હોય તો કૂવો નાપાક થઈ જશે અને બધું પાણી કાઢવું પડશે. જેમ કે મરઘીએ મળ (અઘાર) પગો વડે ખોતરી અને પગો સાફ થયા પહેલાં જ કૂવામાં પડી તો કૂવો નાપાક થઈ જશે. બધું જ પાણી કાઢવું પડશે. અથવા ઉંદરે મળ ભરેલા ખાડામાં ગોથું ખાધું પછી તરત જ કૂવામાં પડયો તો કૂવો નાપાક થઈ ગયો, બધું પાણી કાઢવું પડશે. કેમ કે કૂવો નાપાકી પડવાથી નાપાક થયો છે, ઉંદર કે મરઘી પડવાથી નહીં.

**મસ્અલો** : કૂવામાં જાનવર પડયું કે જેનું બોટેલું પાક છે જેમ કે બકરી વગેરે અથવા મકરૂહ છે. (જેમ કે ઉંદર, મરઘી.... વગેરે) તે પડયું છતાં કોઈ પણ પાણી ન કાઢયું અને વુઝૂ કરી લીધું તો વુઝૂ થઈ ગયું. (રદુલ મુહતાર, કાઝીખાન વગેરે)

**મસ્અલો** : જોડો (બૂટ), ચપ્પલ કે દડો કૂવામાં પડયો અને એ નાપાક હોવાની ચોક્કસપણે ખાત્રી છે તો બધું પાણી કાઢવું પડશે, નહીં તો વીસ ડોલ પાણી કાઢવું. નાપાક હશે તો ફક્ત ખ્યાલ મોતબર ન ગણાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : મરઘીનું તાજું ઈંડું કે જેની ઉપર હજુ ભીનાશ બાકી હોય અને તે પાણીમાં પડી જાય તો તેથી પાણી નાપાક થશે નહીં, જ્યારે કે પેટની તરી (ભીનાશ) સિવાય બીજી કોઈ નાપાકી તેની સાથે લાગેલી ન હોય. એવી જ રીતે બકરીનું બચ્ચુ પેદા થતાં જ પાણીમાં પડયું પરંતુ મર્યું નહીં તો પાણી નાપાક થશે નહીં.

**મસ્અલો** : હવામાં ઉડનાર હલાલ જાનવર જેમ કે કબૂતર, ચકલીની અઘાર અથવા શિકારી પક્ષી સમડી, શકરો, બાઝની અઘાર કૂવામાં પડી જવાથી કૂવો નાપાક થશે નહીં. એવી જ રીતે ઉંદર અને ચામાચીડીયાના પેશાબથી પણ કૂવો નાપાક થશે નહીં. (ખાનિયા વગેરે)

**મસ્અલો** : સોયની અણી જેવડા બારિક ઝીણા ઝીણા પેશાબના છાંટા પડી જવાથી અથવા નાપાક ધૂળ પડવાથી કૂવો નાપાક થશે નહીં. *(બહારે શરીઅત વગેરે)*

**મસ્અલો** : પાણીનું જાનવર જેમ કે માછલી, દેડકો વગેરે પાણીમાં જ જન્મે છે કે તે જો કૂવામાં મરી જાય અથવા મરેલું કૂવામાં પડે તો કૂવો નાપાક થશે નહીં. ભલે ફુલીને ફાટી જાય, પરંતુ ફાટીને એના અણુઓ પાણીમાં ભળી જાય તો તે પાણીને પીવું હરામ.

**મસ્અલો** : જમીન અને પાણીના દેડકાનો એક જ હુકમ એટલે કે એના મરવા બલ્કે સડી જવાથી પણ નાપાક થશે પરંતુ જંગલનો મોટો દેડકો કે જેમાં વહી શકે તેટલું લોહી હોય એનો હુકમ ઉંદરના હુકમ જેવો છે. પાણીના દેડકાના પંજાની આંગળીઓની વચ્ચે ચામડીનું જોડાણ હોય છે જ્યારે જમીનના દેડકાની એવી નથી હોતી. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જેની પેદાઈશ પાણીમાં ન હોય પરંતુ પાણીમાં રહેતું હોય તો તેના મરવાથી પાણી નાપાક થઈ જશે.

**મસ્અલો** : ઉંદર, ચેણ, ચકલી, સબકલી, કાચંડો કે એના જેવડું અથવા એનાથી નાનું કોઈ પૂછડીવાળું જાનવર કૂવામાં પડી મરી જાય પરંતુ હજુ ફૂલ્યું કે ફાટયું ન હોય તો વીસ ડોલથી ત્રીસ ડોલ પાણી કાઢવું. જો ફુલીને ફાટી જાય તો બધુ જ પાણી કાઢવું જોઈએ.

**મસ્અલો** : કબૂતર, બિલાડી કે મરઘી પડીને મરી જાય અને ફૂલે કે ફાટે નહીં, તો ચાલીસથી સાઈઠ ડોલ સુધી પાણી કાઢવું પરંતુ એ પણ ફૂલી ફાટી જાય તો બધું જ પાણી કાઢવું જોઈએ.

**મસ્અલો** : બે ઉંદરો પડીને મરી જાય અને હજુ ફૂલી કે ફાટી ગયા ન હોય તો ૨૦ થી ૩૦ ડોલ પાણી કાઢગું જોઈએ. પરંતુ ત્રણ ચાર કે પાંચ હોય તો ચાલીસથી સાઈઠ ડોલ પાણી કાઢવું જોઈએ અને જો છ (૬) હોય તો બધું જ પાણી કાઢવું જોઈએ.

**મસ્અલો** : બે બિલાડીઓ પડીને મરી જાય તો બધું પાણી કાઢવું જોઈએ.

**મસ્અલો** : વુઝૂ વિનાનો માણસ કે જેના ઉપર ગુસલ ફરજ છે તે જરૂરત વિના કૂવામાં ઉતરે અને એના શરીર ઉપર નાપાકી ન લાગી હોય તો ૨૦ ડોલ પાણી કાઢવું જોઈએ. અને ડોલ કાઢવા માટે ઉતર્યો તો કંઈ નહીં.

**મસ્અલો** : કૂવામાં માણસ પડયો અને જીવતો નીકળ્યો અને એનાં કપડાં કે શરીર ઉપર કોઈ નાપાકી લાગેલી ન હતી તો કૂવો પાક છે, ૨૦ ડોલ પાણી કાઢી નાખવું.

**મસ્અલો** : જે જાનવરોમાં વહેતું લોહી હોતું નથી જેમ કે મચ્છર, માખી વગેરે એમના મરવાથી પાણી નાપાક થતું નથી.

**ફાયદો** : માખી શાક દૂધ વગેરેમાં પડી જાય તો તેને ડૂબાડી બહાર કાઢી ફેંકી દેવી અને શાક દૂધ વગેરેને કામમાં લેવું. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : મુરદાર જાનવરોનું હાડકું કે જેમાં ગોશ્ત કે ચીકાશ લાગેલો હોય અને તે પાણીમાં પડી જાય તો તે પાણી નાપાક થઈ ગયું. બધું જ પાણી કાઢવું પડશે. પરંતુ જો ગોશ્ત કે ચીકાશ લાગેલી ન હોય તો પાણી પાક છે. પરંતુ સુવ્વરનું હાડકું ગમે તેવું પડયું હોય તો પણ તેનાથી પાણી નાપાક થઈ જશે. ભલે તેના ઉપર ગોશ્ત કે ચીકાશ હોય કે ના હોય. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બાળકે કે કાફિરે પાણીમાં હાથ નાંખ્યા, જો એના હાથ નાપાક હોવાની ખાત્રી છે તો તે પાણી નાપાક થઈ જ જશે એ વાત સ્પષ્ટ છે. પરંતુ જો નાપાકીવાળા હાથ ન હોય તો પાણી પાક છે પણ બીજા પાણીથી વુઝૂ કરવું બેહતર છે.

**મસ્અલો** : લીંડી, ગોબર (સૂકુ છાણ), લીંડ જો કે નાપાક છે. પરંતુ એ થોડાક પ્રમાણમાં હોય તો માફ છે. પાણીની નાપાકીનો હુકમ લાગુ પડશે નહીં. *(બાનિયા વગેરે)*

**મસ્અલો** : બધું પાણી કાઢવાનો મતલબ એ કે એટલુ કાઢવું કે આખરે ડોલ નાંખતાં અડધી ડોલ પણ ડૂબે નહીં. કૂવાની માટી સુદ્ધાં કાઢવાની કે દિવાલ ધોવાની જરૂરત નથી. એ તો પાક થઈ ગઈ છે.

**મસ્અલો** : આ જે હુકમો લખવામાં આવ્યા કે આટલું આટલું પાણી કાઢવામાં આવે એનો મતલબ એ કે તે ચીજ જે કૂવામાં પડી કે જેના કારણે પાણી નાપાક થયું છે. તેને પહેલી કાઢવામાં આવે પછી હુકમ મુજબ પાણી કાઢે. જો તે ચીજ પાણીમાં પડી રહેવા દીધી તો ગમે તેટલું પણ પાણી કાઢવામાં આવે બેકાર છે.

**મસ્અલો** : જે કૂવા ઉપર વપરાતુ ડોલ નક્કી પ્રમાણનું જ હોય છે તો ગણત્રી પણ ડોલના પ્રમાણે જ કરવી. ભલે મોટી ડોલ હોય કે નાની. પરંતુ જો કૂવાની ખાસ નક્કી ડોલ ન હોય તો એટલી મોટી ડોલ હોવી જોઈએ જેમાં એક સાઅ (લગભગ ૧૦ શેર) પાણી વજનમાં આવી શકે. (સાઅ અરબી વજનનું માપ છે જે આપણા ૩૫૧ રૂપિયાભાર લગભગ થાય છે. *(બહારે શરીઅત, ફતાવા રઝવિય્યહ)*

**મસ્અલો** : ડોલ ભરેલી જ નીકળવી જરૂરી નથી. કાઢતી વેળા થોડુંક પાણી છલકાય કે અથડાઈને નીકળી પડયું તો પણ જેટલું વધ્યું છે તે અડધાથી વધું છે તો પૂરી ભરેલી ડોલના બરાબર જ ગણાશે.

**મસ્અલો** : નાની, મોટી જુદા જુદા પ્રકારની ડોલો વડે પાણી કાઢયું તો હિસાબ કરીને દરેક ડોલના ૧૦ શેર પાણીના હિસાબે ડોલો ગણી લેવી જોઈએ.

**મસ્અલો** : જે કૂવાનું પાણી નાપાક થઈ ગયું હોય તેમાંથી જેટલું પાણી કાઢવાનો હુકમ છે તેટલું કાઢી લીધું તો હવે તે ડોલને દોરડું કે જેના વડે પાણી કાઢયું છે તે પણ પાક થઈ ગયું, ધોવાની જરૂરત નથી.

**મસ્અલો** : જો કોઈ કૂવો એવો હોય કે ગમે તેટલુ પાણી કાઢવા છતાં તેમાંથી ઘટતું જ નથી તેમાં નાપાકી પડી ગઈ કે કોઈક એવું જાનવર પડી મરી ગયું કે જેના મરવાથી બધું પાણી કાઢવાનો હુકમ છે કે પ્રથમ તો માપ વડે જાણી લે કે કેટલું પાણી છે, જેટલું હોય તે બધું જ કાઢી લેવું. કાઢતી વેળા એ જે પાણી નવું વધે છે તે કાઢવાની જરૂરત નથી. દાખલા તરીકે પ્રથમ જાણી લીધું કે કૂવામાં એક હજાર ડોલ પાણી છે, તો હજાર ડોલ કાઢી લેવી. કૂવો પાક થઈ ગયો ગણાશે. અને જાણવાનું કે અત્યારે કૂવામાં કેટલું પાણી છે એની રીત એ છે કે બે પરહેઝગાર મુસલમાનો જેમને એ બાબતનો અનુભવ હોય કે કૂવામાં કેટલું પાણી છે તે બતાવી શકે. તેઓ જેટલી ડોલો કહે તેટલી કાઢી નાંખવી. કૂવો પાક થઈ જશે.

એક રીત એ પણ છે કે, પાણીની ઊંડાઈ કોઈક લાકડી દોરડાથી માપી લેવી, પછી અમુક માણસો એક સાથે ખૂબ ઝડપથી ૧૦૦ ડોલો પાણી ખેંચી કાઢે પછી ફરીથી માપે તો જેટલું પાણી ઓછું થયું તે હિસાબે પાણી કાઢી લેવું. જેમ કે પ્રથમ વેળા માપતાં જણાયું કે દસ હાથ પાણી છે પછી સો ડોલ પાણી કાઢતાં જણાયું કે હવે નવ હાથ છે. તો જણાયું કે દસ હાથની એક હજાર પાણીનો કૂવો છે તો તેટલી ગણીને કાઢી લેવી એટલે કૂવો પાક થઈ જશે.

**મસ્અલો** : કૂવામાંથી મરેલું જાનવર નીકળ્યું તો એના પડવાના સમયની ખબર છે તો તે વખતથી નાપાક ગણાશે. એના પછીથી જો કોઈકે વુઝૂ કે ગુસલ કર્યું છે તો ન તો વુઝૂ થયું કે ન તો ગુસલ થયું. જેટલી નમાઝો પઢી તે પણ ન થઈ, ફરીથી પઢવી પડશે. એવી જ રીતે એવા પાણીથી કપડાં ધોયાં અથવા કોઈક રીતે કપડાં કે શરીર પર લાગ્યું તો કપડાં અને શરીરને પણ ફરીથી પાક કરવાં જરૂરી છે. એવા શરીર અને કપડાંથી પઢેલી નમાઝો ફરીથી પઢવી જરૂરી છે (ફરજ છે.) અને જો જાનવર પડવાની ખબર નથી કે ક્યારે પડયું, ક્યારે મર્યું તો જે વખતે જોયું તે જ વખતથી નાપાક ગણાશે, ભલે ફુલી–ફાટી ગયું હોય. એના પહેલાં પાણી નાપાક ગણાશે નહીં, પહેલાં જે વુઝૂ કર્યું ગુસલ કર્યું, કપડાં ધોયાં તેનો કોઈ વાંધો નથી. તયસીરન એના ઉપર અમલ છે. (જવાહિરન નય્યેરહમાં પણ કહ્યું છે અને એના ઉપર ફતવો છે.)

## તૌબા કરનારના ગુનાહ મિટાવી દેવામાં આવે છે!

અસ્બહાનીની રિવાયત છે કે જ્યારે બંદો પોતાના ગુનાહોથી તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેના રક્ષક ફરિશ્તાઓને, તેના શરીરના અંગોને અને જમીનના તે ટુકડાને જેના પર તેણે ગુનોહ કર્યો છે, (દરેક સ્થળેથી) તે બંદાના ગુનાહને મિટાવી દે છે, એટલે સુધી કે તે કિયામતમાં અલ્લાહ તઆલાની બારગાહમાં રજૂ થશે અને તેના ગુનાહોની કોઈ ગવાહી આપનાર હશે નહીં. અસ્બહાનીની એક રિવાયત છે કે ગુનાહો પર શર્મિંદો થનાર અલ્લાહ તઆલાની રહમતનો ઈન્તેઝાર કરનાર હોય છે અને ઘમંડી અલ્લાહ તઆલાની નારાજગીની રાહ જોનાર હોય છે. હે અલ્લાહના બંદાઓ ! જાણી લો કે દરેક અમલ કરનારો પોતાના અમલને પામશે અને દુનિયાથી જશે નહીં ત્યાં સુધી કે તે પોતાના સારા તથા બુરા અમલોને જોઈ લેશે. અને અમલોનો દારોમદાર તેના ખાત્મા પર છે, અને રાત દિવસ તમારી સવારીઓ છે તેના પર સવાર થઈને આખેરતની તરફ સારી સફર કરો, તૌબામાં મોડુ કરવાથી બચો, કેમ કે મૌત અચાનક આવે છે ! તમારામાંનો કોઈ અલ્લાહના હુકમને કારણે સુસ્ત ન થઈ જાય કેમ કે આગ તમારાથી તમારા પગરખાંઓ કરતાં પણ નજીક છે. પછી હુઝૂર ﷺએ આયત પઢી : **તર્જુમો** : "તો જે કોઈ રજકણ જેટલી પણ નેકી કરશે તેને જોશે અને જે કોઈ રજકણ બરાબર ગુનોહ કરશે તેને જોશે." *(મુકાશફતુલ કુલૂબ)*

# ખુલફાએ રાશિદીન અને

## ઈસ્લામી અખ્લાકનું બંધારણ

અઝ : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી,
સદર : જામિઆ અશરફિયા-મુબારકપુર
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ ખૌફે ખુદા ★

મુસલમાનોના સર્વ અખ્લાક (સુસંસ્કાર)નું મૂળ તેમનું ઈમાન અને ખુદાનો ડર છે. આ એવી ચીજ છે જે દરેક હાલતમાં માણસને ઉચ્ચ અખ્લાકનું નિમંત્રણ આપે છે. જો એ ન હોય તો ટેમ્પરરી રીતે અથવા દેખાવ પૂરતો માણસ સારી વાતો અપનાવી શકે છે પણ જો તેને કોઈ ચેતવણી કે બદનામીનો અંદેશો ન હોય તો તે કાંઈ પણ કરી શકે છે. એ જ પ્રમાણે કોઈ શક્તિવાન અને વિજયી કોઈ કમજોર તથા હારી ચૂકેલા સાથે કોઈ પણ સખતથી સખત કરાર કરી લે. પરંતુ જો તેની અંદર જો વચનભંગ તથા બેવફાઈ પર ખુદાનો ખૌફ નથી તો કોઈ પણ સમયે તે કરાર વિરુદ્ધ વર્તન કરી શકે છે, અને હારેલો તથા કમજોર તેનું કાંઈ બગાડી શકશે નહીં. રહી ગયો દુનિયામાં બદનામી તથા બેઈજ્જતીનો ભય તો જૂઠનો ખૂબ ખૂબ પ્રચાર એવી શક્તિ છે જે કોઈ પણ કમજોરના સત્યને આસાનીથી જેર કરી શકે છે. દુનિયા એ જ માનશે જે સાંભળશે. આજે જે અખ્લાકી નીચતા આવી ચૂકી છે એનો સૌથી મોટો સબબ ખુદાના ડરની ઉણપ અને દુનિયાની લાલચ છે. ખુલફાએ રાશિદીનની સ્થિતિ આ પ્રમાણે હતી :–

**(૧)** હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ એકવાર બૈતુલ માલ સાફ કર્યો તેમાં એક દિરહમ રહી ગયો હતો. સંજોગોવસાત હઝરત ઉમરનો કોઈ પુત્ર ત્યાંથી પસાર થયો તો હઝરત અબૂ મૂસા અશઅરીએ તે દિરહમ તેને આપી દીધો. ફારૂકે આ'ઝમે બાળકના હાથમાં દિરહમ જોયો તો પૂછયું, આ તને ક્યાંથી મળ્યો? તેણે જણાવ્યું, હઝરત અબૂ મૂસાએ આપ્યો છે. હવે હઝરત ઉમર હઝરત અબૂ મૂસાની પાસે આવ્યા. ફર્માવ્યું, તમને મદીનામાં ઉમરની ઔલાદથી નબળુ કોઈ ઘર ન મળ્યું ?! તમે ચાહો છો કે એક દિરહમને ખાતર ઉમ્મતની દરેક વ્યક્તિ એ એક દિરહમમાં તેનો જે હક્ક મારવામાં આવે છે તેની માંગણી કરે ? અને આખેરતમાં આપણાથી સવાલ થાય ? એવું કહ્યું અને તે દિરહમ લઈને માલે ગનીમતમાં દાખલ કરાવી આપ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૮)*

**(૨)** હઝરત ઉમરે હઝરત સલ્માન ફારસી رضی اللہ تعالیٰ عنہ ને પૂછયું, હું બાદશાહ છું કે ખલીફા ? તેમણે કહ્યું કે જો તમે આ જમીનથી એક દિરહમ કે ઓછુવત્તુ વસૂલ કર્યું પછી તેને ત્યાં ખર્ચ્યું જ્યાં તેનો ખર્ચ કરવાનો હક્ક ન હતો તો તમે બાદશાહ છો, ખલીફા નથી. આ સાંભળીને હઝરત ઉમરની આંખો અશ્રુમય બની ગઈ. *(તબકાતે ઈબ્ને સઅદ, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૪)*

**(3)** હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના એક ફરઝંદનો અંતિમ સમય હતો. તે વારંવાર પોતાના તકીયાની તરફ નજર નાખતો, તેની વફાત થઈ ગઈ. તો લોકોએ સિદ્દીકે અકબરને કહ્યું, આપના ફરઝંદને અમે વારંવાર તકીયા તરફ નજર કરતો જોયો છે. તકીયો હટાવવામાં આવ્યો તો તેની નીચે પાંચ કે છ દીનાર મળ્યા. હઝરત અબૂબક્રએ હાથ પર હાથ માર્યો અને ઈન્નલાલિલ્લાહિ.....પઢવા લાગ્યા. ફર્માવ્યું, હે ફલાણા ! હું નથી માનતો કે તારું ખોળીયું એ દીનારનો ભાર ઉઠાવી શકશે.

**(૪)** પોતાના વિસાલ વખતે સિદ્દીકે અકબરે ફારૂકે આ'ઝમને ખૌફે ખુદાની તલ્કીન કરી અને આ પ્રમાણે વસિયત કરી :–

"હે ઉમર ! અલ્લાહનો એક તે હક્ક છે જે રાતમાં અદા થાય છે, તે તેને દિવસે કબૂલ નથી કરતો. અને એક તે હક્ક છે જે દિવસમાં અદા થાય છે, તે તેને રાતમાં કબૂલ નથી કરતો. યકીન જાણો ! કે **જ્યાં સુધી ફર્ઝ અદા કરવામાં નહીં આવે તો કોઈ નફલ કબૂલ થશે નહીં !** ઉમર ! તમે જોયું નથી કે કિયામતના દિવસે જેનો મીઝાને અમલ ભારે થયો, એ કારણે ભારે થયો કે તેમણે હક્કની પયરવી કરી અને તેમના હક્કનું પલ્લુ ભારે રહ્યું. અને જે મીઝાનમાં કાલે કેવળ હક્ક જ રાખવામાં આવશે તેણે ભારે થવું પણ જોઈએ. હે ઉમર ! જોયું નહીં કે કિયામતના દિવસે જેનું અમલનું ત્રાજવું હલકુ રહ્યું એ સબબે હલકુ થયું કે તેમણે બાતિલની પયરવી કરી અને બાતિલ તેમના ઉપર હલકો રહ્યો. અને જે મીઝાનમાં કાલે બાતિલ જ રાખવામાં આવશે તેણે પણ હલકુ જ હોવું જોઈએ.... (છેવટ સુધી) *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૧૭૭, અલ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૮)*

**(૫)** મિસ્રના ગવર્નર હઝરત અમ્ર ઈબ્ને આસે મુઆવિયા ઈબ્ને ખદીજને ફતહે ઈસ્કંદરીયાની ખબર આપવા માટે મદીના ફારૂકે આઝમની પાસે મોકલ્યા. તેઓ પહોંચ્યા તો બપોરનો સમય હતો. સવારી મસ્જિદના દરવાજે બેસાડી અને ખૂદ મસ્જિદની અંદર ચાલ્યા ગયા. થોડીવાર ન થઈ હતી એવામાં એક બાંદી આવી ગઈ કે અમીરુલ મો'મિનીન બોલાવે છે. ખૈર ખબર તથા ખાવા પીવા પછી હઝરત ઉમરે મુઆવિયાને પૂછયું, તમે મારી પાસે આવવાને બદલે મસ્જિદમાં ક્યા વિચારથી જતા રહ્યા ? તેમણે અર્ઝ કરી, મેં વિચાર્યુ કે બપોરનો સમય છે, અમીરુલ મો'મિનીન કયલૂલા કરી રહ્યા હશે. ફર્માવ્યું, તમે બુરુ ગુમાન કર્યુ ! સાંભળી લો ! જો દિવસે સૂવું છું તો પ્રજાનું નુકસાન અને તેમની બર્બાદી છે અને જો રાતે સૂવુ છું તો મારું પોતાનું નુકસાન છે અને મારી બર્બાદી છે. મુઆવિયા ! આ બંને વાતો હોવા છતાં સૂવાનું કેવું ? *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૨૬)*

રહી ગઈ અન્ય ચીજો જેમ કે બીમારોની ખબર કાઢવી, કમજોરોની મદદ, દુ:ખદર્દવાળાઓને આશ્વાસન, પડોશીઓનો ખયાલ વગેરે અન્ય અખ્લાક તો એમાં ખુલફાએ કિરામનો હિસ્સો અન્ય લોકોથી વિશેષ હતો. હઝરત ઉમરની પાસે રાજ્યોમાંથી કોઈ પ્રતિનિધિમંડળ આવતું તો તેને પૂછતા કે તમારા અમીરની શું સ્થિતિ છે ? તેઓ પ્રશંસા કરતા તો પૂછતા કે શું તે બીમારોની ખબર કાઢે છે ? શું ગુલામોની ખબર પૂછે છે ? કમજોરો સાથે ભલો વર્તાવ કરે છે ? શું પોતાના દરવાજા બહાર લોકોની ફરિયાદ સાંભળવા બેસે છે ? તેમાંની કોઈ વાતના વિશે જો તેઓ નકારમાં જવાબ આપતા તો હઝરત ઉમર તે અમીરને બરતરફ કરી દેતા. *(તારીખે તિબરી, ૫/૨૨૨)*

એ સર્વનું પરિણામ એ હતું કે તેમણે કૌમમાં હુર્રિયત (લોકશાહી)ની રૂહ ફૂંકી દીધી અને અમીરો માટે હક્કની પયરવી સિવાય કોઈ ચારો ન રહ્યો. કમજોરો, બીમારોની ઈમદાદ તથા અયાદત (ખબર અંતર પૂછવી) તેમની તબીઅત બની ગઈ અને દરેક શખ્સ એવું સમજતો હતો કે કોઈ હાકિમે જો અમારા પર જુલ્મ કર્યો તો એક એવી પનાહગાહ (શરણ સ્થાન) મૌજૂદ છે જ્યાં જાલિમોનું જોર ચાલી શક્તુ નથી. એ સૌથી વિશેષ એ છે કે ખૂદ અમીરુલ મો'મિનીનની જો પકડ થતી તો તેઓ હક્ક સ્વીકારવાને માટે હસ્ત મુખે તૈયાર રહેતા અને તેના શુક્રગુઝાર રહેતા જેણે તેમને નાહક્કથી રોક્યા અને હક્કની હિદાયત કરી. આ કેવળ એટલા માટે કે તેમનાં દિલોમાં ખુદાનો ખૌફ અને આખેરત પર ઈમાન હતું. તેઓ દુનિયાની બેઈજ્જતી તથા ઝિલ્લતને આખેરતની બેઈજ્જતી તથા સજા સામે તુચ્છ સમજતા હતા અને ત્યાંની આફિયત (ભલાઈ)ને અહીંની મોટી મોટી સગવડો પર અગ્રતા આપતા હતા.

મુહમ્મદ ઈબ્ને મુસ્લિમા તે મહાન સહાબી હતા જેમને હઝરત ઉમર ગવર્નરોના સંબંધે ફરિયાદોની

ચકાસણી તથા જાહેરમાં તેની તપાસના માટે મોકલતા રહેતા હતા. એકવાર એમને ફારૂકે આ'ઝમે પૂછી લીધું, તમે મને કેવો પામો છો ? તેમણે કહ્યું, ખુદાની કસમ ! આપને એવો જ પામુ (જોઉં) છું જેવું હું ચાહું છું, અને જેવું દરેક શખ્સ ચાહે છે જે આપની ભલાઈ ચાહે છે. હું તમને માલ જમા કરવા માટે શક્તિમાન હોવા છતાં ખૂદ માલથી દૂરી અપનાવનાર અને માલની વહેંચણીમાં આદિલ જાઉં છું. અને જો ન્યાયના માર્ગથી તમે મોંઢુ ફેરવ્યું તો અમે તમને સીધા કરી દઈશું જેવી રીતે તીરને ઓજાર વડે સીધુ કરી દેવામાં આવે છે. હઝરત ફારૂકે ફર્માવ્યું, ખુદાનો શુક્ર છે કે તેણે મને એવી કૌમમાં રાખ્યો છે કે જો હું વાંકો થઈ જાઉં તો તેઓ અને સીધો કરી નાખે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૦)*

**આ તે ઉચ્ચ અખ્લાક (સંસ્કાર, આદતો) છે જેનું ઉદાહરણ કોઈપણ કૌમના મહાનથી મહાન આબિદો તથા પવિત્ર પુરૂષોમાંથી નથી મળી શક્તું. અને જહાંબાની તથા હુકમરાનીના ક્ષેત્રે ખુલફાએ રાશિદીને જે સાવધાનીઓ વર્તી છે અને જે રીતે કૌમને રાહત પહોંચાડી છે અને ખૂદને દરેક આરામથી દૂર રાખ્યા છે તેનું દ્દષ્ટાંત કોઈ અન્ય કૌમમાં મળવાની શક્યતા એ નાહક્કની કલ્પનાથી વિશેષ કાંઈ નથી.** આજે બાતિલની શક્તિ અને મુસલમાનોની મુજરિમાના સતત ગફલતને લોકોના માટે જાત જાતની ઝબાનદરાઝીનો દરવાજો ખોલી નાખ્યો છે, પરંતુ **દરેક ઈન્સાફપસંદ તથા હક્ક જોનાર ફૈંસલો કરી શકે છે કે આલમી અમ્ન (વિશ્વશાંતિ) અને કાયમી ખુશહાલી ઈસ્લામી કાનૂનો તથા ઈસ્લામના રસૂલ તથા ખુલફાએ રાશિદીનની સીરતના અનુસરણ વિના હાંસલ થઈ શક્શે નહીં.**

**وصلی اللہ تعالیٰ علیٰ سیّدنا محمدٍ واٰلہٖ وصحبہٖ اجمعین**

પેજ નં. ૧૬ નું ચાલુ....

ઉબૈદા બિન હારિષ સરૈયાએ હમઝા رضی اللہ عنہ અને સરૈયાએ અબ્દુલ્લાહ બિન જહશમાં હઝરત સઅદ رضی اللہ عنہ એક આમ મુજાહિદની હેસિયતથી શરીક થયા અને એક સરૈયામાં આઠ મુજાહિદોની સરદારી કરી. આ ચળવળને એમના નામની નિસ્બતથી 'સરાયાએ સઅદ બિન અબી વક્કાસ' رضی اللہ عنہ કહેવામાં આવે છે. એમાં હઝરત સઅદ رضی اللہ عنہ પોતાના આઠ સાથીઓની સાથે કુરૈશની ચાલચલગતની ખબર કાઢવા ખરાર સુધી ગયા, પરંતુ મુશ્રિકોથી સામનો ન થયો.

ઈબ્ને હેશામનું બયાન છે કે સરૈયાએ ઉબૈદા બિન હારિષ رضی اللہ عنہમાં પણ જો કે મારકાપ સુધી નોબત ન પહોંચી પરંતું હઝરત સઅદ رضی اللہ عنہએ કુરૈશની તરફ એક તીર ચલાવી જ દીધું. સહીહ બુખારીમાં ખૂદ હઝરત સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે હું પહેલો અરબ છું જેણે ખુદાની રાહમાં તીર ચલાવ્યું.

એ જમાનામાં અમુક ચળવળોમાં હઝરત સઅદ رضی اللہ عنہને ખૂદ સરવરે આલમ ﷺની સંગતમાં ગઝવહ લડવાનો મોકો પણ નસીબ થયો. આ સખત તંગદસ્તીનો સમય હતો. સહીહ બુખારીમાં હઝરત સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સંગાથે ગઝવહ કરતા હતા અને અમારી પાસે ઝાડનાં પાંદડાં સિવાય ખાવાની કોઈ ચીજ ન રહેતી, ત્યાં સુધી કે અમારું મળ એવું હોતું કે જેવું કે ઊંટ કે બકરીનું હોય છે ! એમાં કોઈ ફરક ન હોતો ! (એટલે લીંડીઓ થતી હતી)

તબ્રીએ ગઝવએ બવાતમાં હઝરત સઅદ رضی اللہ عنہની હાજરીનું ખાસ રીતે વર્ણન કર્યું છે. આ ગઝવહ રબીઉલ અવ્વલ હિ.સ. ૨માં થયો. એમાં ૨૦૦ સહાબા હુઝૂર ﷺની સાથે હતા. એમાં હઝરત સઅદ બિન અબી વક્કાસ પણ સામેલ હતા અને હુઝૂર ﷺએ એમને લશ્કરનો સફેદ ઝંડો આપ્યો હતો. આ મુકદ્દસ લશ્કર કુરૈશના એક મોટા કાફલાથી ટકરાવા માટે બવાતના સ્થળ સુધી ગયું પરંતુ કુરૈશનો કાફલો જેમાં બસો માણસો અને અઢી હજાર ઊંટ હતાં તેઓ બચીને નીકળી ગયા.

# યૌમે આશૂરાની ફઝીલત તથા ઈબાદતો

(કાર્યાલય)

ઈસ્લામનો દરેક મશહૂર અને મુબારક દિવસ રોજ કરતાં અધિક ઈબાદત કરીને જ પસાર કરવાની ઈસ્લામ તા'લીમ આપે છે. દસ મુહર્રમ શરીફ એટલે યૌમે આશૂરાના મુબારક દિવસે ઈસ્લામમાં ઘણા મુબારક પ્રસંગોનો યાદગાર દિવસ છે. જેમાં ઈમામે હુસૈન رضی اللہ عنہ એ ઈસ્લામની શરીઅતને ઝિંદા રાખવા શહાદત વ્હોરી લીધી એવા મુબારક દિવસે તાઝીયાદારીના નામે ખૂબ ધાંધલ ધમાલ ચાલે છે. મુસલમાનો ! ગંભીરતાથી ધ્યાન કરો. વર્તમાનકાળમાં ચાલતી **તાઝીયાદારી જે શીઆઓની દેખાદેખી જાહિલ સુન્નીઓમાં પણ ચાલી રહી છે.** તાઝીયાદારીની આ સર્વ ધાંધલ ધમાલ, વર્તમાન ખરાબીઓ સાથેની જુલૂસબાઝી સર્વ **સદંતર હરામ** છે, એનાથી દૂર રહેવું. તમારે ગૈર કૌમોની જેમ નાચ કૂદ કે મનોરંજન ધાંધલ ધમાલમાં અટવાવાનું નથી. સાંભળો :–

**જે કોઈ મોહર્રમના પ્રથમ જુમ્આનો રોઝો રાખે તો તેના પાછલા ગુનાહો માફ થઈ જાય છે.** *(રાવી : હઝરત અનસ رضی اللہ عنہ )*

**જે કોઈ મોહર્રમના ત્રણ રોઝા રાખે તો તેના માટે ૯૦૦ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.**

## આશૂરાની રાતના નવાફિલ

**ચાર રકાત નફલ નમાઝ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** પચાસ વખત પઢે.

**ફઝીલત** : પઢનારાના પચાસ વર્ષ આગળના અને પચાસ વર્ષ પાછળના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

**ચાર રકાત નફલ નમાઝ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"આયતુલ કુર્સી"** એક વખત અને **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે. નમાઝ પઢી લીધા બાદ ૧૦૦ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે પછી દુઆ માંગે.

**ફઝીલત** : આ પઢનાર ગુનાહોથી પાક થઈ જશે અને તેને જન્નતમાં અગણિત નેઅમતો પ્રાપ્ત થશે.

**બે રકાત નફલ નમાઝ** : **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે.

**ફઝીલત** : હક્ક તઆલા તેની મહેરબાનીથી કયામત સુધી આ પઢનારની કબ્રને રોશન અને મુનવ્વર રાખશે.

હદીષે પાકમાં આશૂરાના રોઝાથી ઘણી ફઝીલત આવી છે. રમઝાન શરીફ પછી બેહતર રોઝા મુર્હરમના આશૂરાના રોઝા છે. ૯, ૧૦, અથવા ૧૦, ૧૧ એમ બે દિવસે રોઝા રાખી યહૂદીઓની મુખાલેફત કરો.

## આશૂરાના દિવસના નવાફિલ

**૪ રકાત નફલ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી ત્રણ ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ફાતિમાતુઝ્ઝોહરાની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ પાંચ વખત **"કુલ્હુવલ્લાહ**

**શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈનની રૂહે મુબારકને પહોંચાડે.

**૬ રકાત નફલ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી જે સૂરત યાદ હોય તે ક્રમશઃ (તરતીબથી) પઢે અથવા ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. આ છ રકાત પૂરી થાય ત્યારે સજદામાં જઈ સાત વખત **"કુલ યા અય્યહુલ્ કાફેરૂન"**ની સૂરત પઢે અને તેનો સવાબ તમામ શોહદાએ કરબલાની રૂહ મુબારકને પહોંચાડે.

## દુઆએ આશૂરા

આશૂરાના દિવસે ફજરની નમાઝ બાદ સૂર્ય ઊંચે ચઢયા બાદ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)** પછી કોઈ પણ સૂરત પઢે અને સલામ બાદ એક વાર આ દુઆ પઢો :–

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ. યા કાબિલ તૌબતિ આદમ યૌમ આશૂરાઅ, યા ફારિજ કર્બિ ઝીન્નૂનિ યૌમ આશૂરાઅ, યા જામિઅ શમ્લિ યઅ્‌કૂબ યૌમ આશૂરાઅ, યા સામિઅ દઅ્‌વતિ મૂસા વ હારૂન યૌમ આશૂરાઅ, યા મુગીષ ઈબ્રાહીમ મિન્નારિ યૌમ આશૂરાઅ, યા રાફિઅ ઈદ્‌રીસ ઈલસ્સમાઈ યૌમ આશૂરાઅ, યા મુજીબ દઅ્‌વતિ સાલિહિન્ ફિન્નાકૃતિ યૌમ આશૂરાઅ. યા નાસિર સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ યૌમ આશૂરાઅ. યા રહ્‌માન દુન્યા વલ્આખિરતિ વ રહીમહુમા સલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ્ વ સલ્લિઅલા જમીઈલ્ અંબિયાઈ વલ્મુર્સલીન વક્‌દિ હાજાતિના ફીદુન્યા વલ્આખિરતિ વ અતિલ્ ઉમ્રના ફી તાઅતિક વ મહબ્બતિક વ રિદાક વ અહ્‌યિના હયાતન્ તૈયિબતંવ્ વતવફ્‌ફના અલલ્ ઈમાનિ વલ્ઈસ્લામિ બિરહ્‌મતિક યા અર્હમર્રાહિમીન. અલ્લાહુમ્મ બિઈઝ્ઝિલ્ હસનિ વઅખીહિ વઉમ્મિહી વ અબીહિ વજદ્દિહી વ બનીહિ ફર્રિજ અન્ના મા નહ્‌નુ ફીહિ.**

પછી સાત વાર પઢે :–

**સુબ્હાનલ્લાહિ મિલ્અલ્મીઝાનિ વ મુન્તહલ્ઈલ્મિ વલ્મબલગર્રિદા વઝિનતલ્ અર્શિ લામલ્જાઅ વલા મન્જાઅ મિનલ્લાહિ ઈલ્લા ઈલૈહ. સુબ્હાનલ્લાહિ અદદ શશ્ફઈ વલ્વત્રિ વ અદદ કલિમા તિલ્લાહિત્તામ્માતિ કુલ્લિહા નસ્અલુકસ્સલામત બિરહ્‌મતિક યા અર્હમર્રાહિમીન. વહુવ હસ્બુના વ નિઅ્‌મલ્ વકીલ. નિઅ્‌મલ્ મૌલા વ નિઅ્‌મન્નસીર. વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્‌બિહી વ અલલ્ મુઅ્‌મિનીન વલ્મુઅ્‌મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અદદ ઝર્રાતિલ્વુજૂદિ વ અદદ મઅ્‌લુમાતિલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.**

આ અમલ કરનારને અગણિત ઈબાદતનો સવાબ મળશે.

આશૂરાના દિવસે કોઈપણ સમયે બાવુઝૂ થઈને ૭૦ વાર પઢે : **હસ્બિયુલ્લાહ વ નિઅ્‌મલ્વકીલ.** ગુનાહોની માફી માટે આ વઝીફો અફઝલ છે.

## આશૂરાના દિવસના મુસ્તહબ કામો

**(૧)** રોઝો રાખવો **(૨)** સદકો કરવો **(૩)** નફલ નમાઝ પઢવી **(૪)** ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ શરીફ પઢવું **(૫)** આલિમોની ઝિયારત કરવી **(૬)** યતીમોના માથા ઉપર હાથ ફેરવવો **(૭)** પોતાના બાલ–બચ્ચાંની ખાધા ખોરાકીમાં વધારો કરવો **(૮)** ગુસ્લ કરવું **(૯)** સુરમો લગાડવો **(૧૦)** નખ કાપવા **(૧૧)** બીમારોની ખબર કાઢવી **(૧૨)** દુશ્મનોથી મેળાપ કરવો **(૧૩)** આશૂરાની દુઆ પઢવી.

# નિગાહે કામિલ

અઝ........✍

જનાબ 'જિગર' નબીપુરી (લંડન)

હઝરત હસન બસરી رضی اللہ عنہના પડોશમાં એક અગ્નિપૂજક રહેતો હતો, તેનું નામ શમઉન હતું. જે બીમાર હોવાથી હઝરત હસન બસરી رضی اللہ عنہ તેની ખબર લેવા ગયા તો જોયું કે તે અગ્નિના ધૂમાડાથી કાળો પડી ગયો હતો. આપે તેને કહ્યું કે, તું મુસલમાન થઈ જા ! અલ્લાહ તઆલા તારા પર રહમ ફર્માવશે.

તેણે કહ્યું, ''મને ત્રણ ચીજો મુસલમાન બનતાં રોકે છે : **(૧)** તમે મુસલમાનો દુનિયાને બુરી સમજો છો પરંતુ દુનિયાની લાલચ છોડતા નથી. **(૨)** તમે મૌતને બરહક્ક (યોગ્ય) સમજો છો, પરંતુ એના માટે કોઈ તૈયારી નથી કરતા. અને **(૩)** તમને ખુદાના દીદાર (દીદારે ઈલાહી)નો મોહ છે પરંતુ તેના હુકમોની અવગણના કરો છો.''

હઝરત હસન બસરી رضی اللہ عنہ એ જવાબ આપ્યો, ''તમે જે વાત કરો છો એ નિશાની અલ્લાહને ઓળખનાર લોકોની છે. માની લો કે મુસલમાન એવું કરે છે પરંતુ તમે એ કહો કે અગ્નિપૂજા કરીને તમે શું મેળવ્યું ?! મુસલમાન કાંઈ નહીં તો તૌહીદ (અલ્લાહ એક હોવા)નો તો સ્વીકાર કરે છે ને ?! તમે સિત્તેર વરસ અગ્નિપૂજા કરી. આપણે બંનેવ અગ્નિમાં હાથ નાંખીએ. મારા અલ્લાહમાં એ કુદરત છે કે એ ઈચ્છે તો મને અગ્નિ કોઈ નુકસાન નહીં પહોંચાડી શકશે.'' આમ કહી અગ્નિમાં હાથ નાખ્યો. અગ્નિએ કાંઈ પણ અસર કરી નહીં પરિણામે હાથ બળ્યો નહીં. શમઉન આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો, એનું દિલ નૂરે ઈસ્લામથી જગમગાવા લાગ્યું, એ બોલ્યો : ''સિત્તેર વરસ અગ્નિપૂજા કરી છે ! હવે શું કરું ?!''

હઝરત હસન બસરી رضی اللہ عنہએ કહ્યું :–

'' મુસલમાન થઈ જા !'' તે બોલ્યો, ''આપ કરારનામુ લખી આપો કે જો મુસલમાન થઈ જાઉં તો અલ્લાહ મારા બધા જ ગુનાહો માફ કરી દેશે.''

આપે કરારનામુ લખી આપ્યું તો તેણે કહ્યું કે, બસરાની સજ્જન વ્યક્તિઓની સાક્ષી તરીકે સહીઓ કરાવો. આપે બસરાની સજ્જન વ્યક્તિઓના હસ્તાક્ષર પણ કરાવી આપ્યા.

શમઉન દિલથી મુસલમાન થઈ ગયો અને વસિયત કરી કે, અય હસન બસરી ! رضی اللہ عنہ જ્યારે હું મરી જાઉં ત્યારે તમે મને ગુસલ આપજો . કબ્રમાં તમે જ મને ઉતારજો અને આ કરારનામું પણ મારા હાથમાં જ મૂકી દેજો ! જેથી કયામતના દિવસે ઈસ્લામ કબૂલ કરવાનો સબૂત મારી પાસે હોય. પછી કલમો પઢયો અને મૃત્યુ પામ્યો.

તેની વસિય્યત પ્રમાણે હઝરત હસન બસરી رضی اللہ عنہએ ગુસલ આપ્યું. જનાઝાની નમાઝ પઢી દફન કર્યો. એ જ રાત્રે આપે શમઉનને સ્વપ્નમાં જોયો તો તે ઘણો જ ઉચ્ચ કક્ષાનો પોશાક અને શાહી તાજ પહેરી જન્નતમાં ફરી રહ્યો હતો. આપે પૂછયું, ''તારા પર શું ગુજરી ?!'' તેણે કહ્યું કે, ''મારા પર અલ્લાહનો એ ફઝલો કરમ થયો કે વર્ણન નથી કરી શક્તો ! હવે તમારા માથા પર મારી કોઈ જવાબદારી નથી. લો, આ તમે મને લખી આપેલું કરારનામુ કે મારે એની હવે જરૂર નથી.'' જ્યારે હઝરત હસન બસરી ઊંઘમાંથી જાગૃત થયા તો કરારનામું આપના હાથમાં હતું.

*(હિકાયતુસ્સાલેહીનમાંથી)*

**ડિસે.–૦૬ બરકાતે ખ્વાજા (માસિક) અંકમાં શરતચૂકથી રહી ગયેલ જોડણીની ભૂલ સુધારો**

| પેજ | લીટી | ભૂલ | સુધારો |
|---|---|---|---|
| ૦૫ | ૨૪ | માથાં | માઠાં |
| ૦૮ | ૩૦ | માથુ | માઠુ |

# વર્તમાન શાદીઓની ધૂમધામ અને ઈસ્લામી આદેશ





**લેખ હરિફાઈમાં પ્રથમ આવનાર લેખ**

**રજૂકર્તા** : વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન
(M.E.S. સ્કૂલ–રાજપારડી)

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! રબ તબારક વ તઆલાએ સ્ત્રી અને પુરૂષનું સર્જન કર્યું છે. તેની સાથે સાથ દરેકે જિંદગી કઈ રીતે પસાર કરવી તેના નીતિ નિયમો પણ કુર્આની આદેશોના આધારે તથા તેના પ્યારા હબીબ ﷺના ફર્માનો થકી મુબારક હદીષો રૂપે આપણી સમક્ષ રજૂ કરેલાં છે. આ બધા નીતિ નિયમો અને આદેશોમાં નિકાહ (શાદી) કરીને તેના નિયમો અનુસાર જીવન જીવવાનું પણ મહત્વ પ્રસ્તૂત છે.

શાદી ધાર્મિક ચીજોમાંથી એક ખૂબ જ મહત્વનો અને શાનદાર શરઈ હુકમ છે. શાદી કુર્આનનું ફર્માન અને અંબિયાએ કિરામ તથા રસૂલો અને ખાસ કરીને હુઝૂર નબી ﷺની મુકદસ સુન્નત છે અને સ્ત્રી તથા પુરૂષની પાક દામનીનો ઝરીયો અને ઈન્સાની વંશની હયાતીનો વસીલો છે. પણ આજે આ શાદી જેવી પવિત્ર ચીજને માત્ર ફેશન માટેનો ઝરિયો બનાવી લેવામાં આવ્યો છે.

વર્તમાનમાં મોટા ભાગે નિકાહ બિલકુલ સુન્નત વિરુધ્ધ કરવામાં આવે છે. આજે શાદી ઈસ્લામના દુશ્મનોના તૌર તરીકાને અપનાવીને કરવામાં આવી રહી છે જેમાં પશ્ચિમી સમાજના ખરાબ રીત રિવાજો મહત્વનો ભાગ ભજવે છે. આજનો મુસ્લિમ સમાજ ગૈર કૌમની સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યો છે. વર્તમાનમાં શાદીઓ બેન્ડબાજા, નાચગાન, બેપર્દગીની ધૂમધામ, મેક–અપના લપેડાઓ અને નામ માત્રનાં કપડાંઓથી સજતી ઔરતોની ભીડમાં થતી હોય છે. શાદીઓમાં સુન્નત તરીકાથી દા'વત ખાવાને બદલે ટેબલ–ખુરશી તો ઠીક પણ હવે તો ઊભા ઊભા બૂફે ડિનર ખાવામાં આવે છે જે ઈસ્લામથી સદંતર વિરુધ્ધ છે. આજે શાદીઓમાં લાખો કરોડો રૂપિયા ખર્ચાઈ જાય છે પણ તે માત્ર બેન્ડબાજા, નાચગાન અને ખાવા પીવા પાછળ જ ખર્ચાય છે. આજની શાદીઓમાં દહેજોના થાળ ભરીને સરઘસો કાઢી વાગતે ગાજતે ગીતો સાથે શેરીઓમાં ફરી, પ્રદર્શનો કરીને છોકરીઓને ઘરેથી વિદાય આપવામાં આવે છે. જ્યારે વરરાજા પાછળ ચાલે છે અને બેન્ડબાજાવાળા તથા નાચવાવાળા આગળ ચાલે છે. નાચવામાં પોતાના જ મિત્રો, સગાઓ અને પુત્રના લગ્નમાં કેટલીકવાર બાપ પણ નાચવા લાગે છે ! નાનપણમાં છોકરો બાપ સામે નાચતો ગાતો હતો, ત્યારે યુવાનીમાં બાપ છોકરા સામે નાચે છે !

આજના યુગમાં સુન્નત પ્રમાણે નિકાહ કરવાવાળા ઘણા ઓછા લોકો રહી ગયા છે. એ હાલ છે કે જે સુન્નતો છે તેમને પણ લોકોએ પોતાના મનથી ફેરબદલી કરી નાખી છે, શાદી જેવા પવિત્ર સંબંધને, નિકાહ જેવી પવિત્ર સુન્નતને પણ નાજાઈઝ તથા હરામ કાર્યોથી વિકૃત બનાવી દીધી છે.

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! આ બધાં કૃત્યો ઈસ્લામી જીવનમાં નથી, નિકાહ કરવા નિભાવવા માટેના ઈસ્લામમાં ઘણા નીતિ નિયમો છે. હદીષ શરીફમાં હુઝૂરે અકરમ ﷺએ નિકાહ વિશે ઈર્શાદ ફર્માવ્યો છે જેમાં નિકાહનો હેતુ દર્શાવ્યો છે કે :–

''હે યુવાનોની જમાઅત ! તમારામાં જે કોઈ નિકાહની તાકાત ધરાવે છે, તે નિકાહ કરે, કેમ કે શાદી (અજનબી સ્ત્રીઓ તરફ નજર કરવાથી) નજરો રોકનાર અને શર્મગાહોની રક્ષા કરનાર છે. અને જેમનામાં નિકાહની ત્રેવડ નથી તો રોઝા રાખે કેમ કે રોઝા શહવત (વાસના)ને તોડી નાખનાર છે.'' *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૨૬૮)*

નિકાહનો કેટલો પાકીઝા હેતુ છે કે માણસ પર સ્ત્રી પ્રતિ નજર પણ કરવાથી બચે અને જેથી વ્યભિચાર જેવી ભયંકર બુરાઈથી બચે. જ્યારે આ શાદીની પવિત્ર

સુન્નત કે જે ઈબાદતના સ્થાને છે તેને જ અદા કરવામાં ગુનાહોની રેલમછેલ કરવામાં આવે ! આ કેટલી શરમજનક વાત છે.

વળી શાદી વિશે અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે કે :–

**તર્જુમો** : "તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને સારી લાગે બે–બે અને ત્રણ–ત્રણ અને ચાર–ચાર. પછી જો તમે ડરો કે બે પત્નીઓને બરાબર રાખી શકશો નહીં તો એક જ કરો." *(પારા–૪, સૂરએ નિસાઅ, આ.૩)* અને બીજી એક જગ્યાએ ઈર્શાદ ફર્માવે છે :–

**તર્જુમો** : "અને નિકાહ કરો તમારામાં જેઓ નિકાહ વગરના હોય અને પોતાના લાયક ગુલામો તથા લોંડીઓના. જો તેઓ ગરીબ હશે તો અલ્લાહ તેમને માલદાર કરી દેશે." *(પારા–૧૮, સૂરએ નૂર, આ. ૨૪)*

અહીંયા બંનેવ આયતોમાં અલ્લાહ તબારક વ તઆલા નિકાહ કરવાનું કહે છે. જેમાં પ્રથમ તમારાથી થઈ શકે તેટલી (ચાર સુધી) શાદીઓ કરો અને બીજી આયતમાં તમે તમારા ગુલામો અને લોંડીઓની પણ શાદી કરી આપો, પછી ભલે તેઓ ગરીબ હશે, અલ્લાહ તેમને માલદાર કરી આપશે.

અહીં કેવળ નિકાહ કરીને પવિત્ર જીવન ગુજારવાના આદેશો છે, જેને બદલે આજના મુસલમાનોએ નિકાહના પ્રસંગને ચોતરફથી શૈતાની કામો વડે ઘેરી લીધો છે ! અસંખ્ય ગૈર શરઈ રસમો શાદીની વિધિમાં ભેળવી દીધી છે.

હે પ્યારા ઈસ્લામી ભાઈ બહેનો ! રસૂલે પાક ﷺની સાહબઝાદીઓની શાદી જુઓ અને સમાજમાં ફેલાયેલી બુરી રસમોનો માતમ કરો. જો તાજદારે મદીના ﷺની એ મરજી હોત કે મારી લખ્તે જિગરની શાદી ખૂબ ધામધૂમથી થાય તો એના માટે આપના જાંનિષારો પોતાનું સર્વસ્વ કુર્બાન કરવા તૈયાર હતા, પરંતુ ગરીબોના ગમખ્વાર આકા ﷺ જાણતા હતા કે માલદારો પોતાની દૌલતથી ધામધૂમથી શાદી કરી લેશે પણ હું ધામધૂમથી મારી પુત્રીની શાદી કરીશ તો ગરીબો મારી સુન્નત કેમ કરીને અદા કરી શકશે ! ઉપરાંત **દુનિયાવાળાઓને દર્સ આપવાનો હતો કે દૌલત હોય તો પ્રદર્શન ન કરશો બલ્કે સાદગી અપનાવી સંયમથી શાદીઓ કરશો.**

હે આશિકે રસૂલ હોવાના દાવેદારો ! શું નબીએ કરીમ ﷺનો તરીકો તમને પસંદ નથી કે હરામ કામોની ધાંધલ ધમાલ, ફટાકડાબાજી, બેન્ડબાજા તથા ડાન્સ સાથે તમો ઈસ્લામના દુશ્મનોના તરીકા અપનાવી શાદીઓ કરો છો ? અય નવયુવાનો ! શું અહલે બયતે અતહાર, સાદાતે કિરામે, આલેપાકે રસૂલે બેન્ડબાજા, નાચગાન અને બેપર્દગીની ધૂમધામ તથા નગ્ન દેખાય તેવાં કપડાંઓથી સજતી ઔરતોની ભીડભાડમાં શાદીઓ કરી હતી ? શું દહેજના થાળો ભરી સરઘસો કાઢી વાગતે ગાજતે ગીતો સાથે શેરીઓ ફરી પ્રદર્શન કરીને છોકરીઓને ઘરેથી વિદાય કરી હતી ? શું ફોટાબાજી, વી.ડી.ઓ. શુટિંગના બેહયાઈભર્યાં દશ્યો તેઓમાં પણ સર્જાયાં હતાં ? અસ્તગફિરુલ્લાહ ! હરગિઝ નહીં ! તેઓ પાક પવિત્ર હસ્તીઓ હતી જેમને ગુનાહોથી નફરત અને શરીઅતથી સુન્નતથી બેહદ મહોબ્બત હતી.

સાંભળો ! નબીએ કરીમ ﷺના આશિકો ! નબી પાકને ગરીબોથી પ્યાર હતો. તો તમે પણ ગરીબોથી પ્યાર કરો ! અને તમે રસૂલથી મહોબ્બતના દાવેદાર છો તો સાંભળો ! જેને જેનાથી મહબ્બત હોય તેની પ્યારી ચીજ તે આશિકને પણ પ્યારી જ લાગે છે. જો તમે ખરેખર જ આશિકે રસૂલ છો તો ગરીબોને તરછોડી અમીરોને શાદીઓની મજલિસોથી શા માટે સજાવો છો ! એવું કેમ ? કેટલીય ગરીબ છોકરીઓ છે કે જે ગરીબાઈને કારણે ખર્ચો ન હોવાથી શાદીથી મેહરૂમ રહી જીવ રૂંધીને જીવી રહી છે. તો હે નબીના દીવાનાઓ ! એવી ગરીબોની દિકરીઓને તે નાણા વડે પરણાવો જેના વડે તમે જહન્નમ વહોરી રહ્યા છો, બેન્ડબાજા, ફટાકડા, નાચગાનની પાર્ટીઓ, વી.ડી.ઓ. શુટીંગો... વગેરેની ધમાલ મચાવી રહ્યા છો, એને છોડો અને ગરીબોની છોકરીઓ પરણાવી જન્નત કમાવો.

અલ્લાહ તબારક વ તઆલા દરેક મો'મિનને નેક તૌફીક અતા ફર્માવે અને સુન્નત તરીકાથી શાદી કરવાની તૌફીક આપે. (આમીન)

### મલકપુર, જિ. કટીહાર, બિહારના મુનાઝરાના પરિણામે

# દારુલ ઉલૂમ દેવબંદના દિગવંત ફાઝિલ મૌલાના અબ્દુલ હકીમની તૌબા !

(કાર્યાલય)

[ઈમામ અહમદ રઝા મુવમેન્ટ (રજી.) ટયાનરી રોડ, બેંગ્લોર–૪૫ ના ઉર્દૂ પોસ્ટર પરથી અનુવાદ]

તા. ૮, ૯ મે–૨૦૦૫ના રોજ મલકપુર, જિ. કટીહાર, બિહારમાં ઉલમાએ અહલે સુન્નત (બરેલ્વી) તથા દેવબંદના આલિમો વચ્ચે "ખત્મે નબુવ્વત"ના વિષય પર એક મુનાઝરો થયો જેમાં અલ્લાહના ફઝ્લથી અહલે સુન્નત (બરેલ્વી)ને ઉઘાડી ફતહ હાંસલ થઈ. અને દેશભરમાં ધૂમધામથી જશ્ને ફતહ મનાવવામાં આવ્યો. ૨૬, જૂન–૨૦૦૫ના રોજ બેંગ્લોર શહેરમાં પણ એક જશ્ન રાખવામાં આવ્યો જેની કામયાબીથી ખસીયાણા પડી જઈને બાતિલ ફિર્કાવાળાઓએ જાત જાતના જૂઠા પ્રોપેગન્ડા કર્યા અને નીચતાની હદ તોડી નાખી. જ્યારે બનાવની વાસ્તવિક્તા એ છે કે પોતાની આંખો વડે મુનાઝરાના અહેવાલને જોઈને અને બંને જમાઅતના મુનાઝિરોની બહષો સાંભળીને દેવબંદી ધર્મના અનુયાયીઓની મોટી સંખ્યાએ અહલે સુન્નત (બરેલ્વી)ના મઝહબને અપનાવી લીધો, એ જ રીતે કેટલાયે દેવબંદી આલિમો પણ પોતાની પૂરાની માન્યતાને છોડીને અહલે સુન્નતમાં સામેલ થઈ ગયા, જે અહલે સુન્નતના મસ્લકની હક્કાનિયત તથા દેવબંદી મઝહબના બાતિલ (ખોટો) હોવાની ઉઘાડી નિશાની છે. એટલા માટે અમે દારુલ ઉલૂમ દેવબંદના એક અગ્રગણ્ય ફાઝિલનું તૌબાનામુ તથા દારુલ ઉલૂમ દેવબંદથી તેમની ફરાગતની સનદોની ફોટો કોપીઓ વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યા છીએ.


તા. ૮, ૯ મે–૨૦૦૫ના રોજ જિ. કટીહાર, બિહારમાં એક ઐતિહાસિક મુનાઝરો થયો જેમાં ફરી એકવાર લાખો મુસલમાનોની રૂબરૂ દેવબંદી તબ્લીગી બાતિલ (ગલત) માન્યતાઓનાં ચિથડાં વેરાઈ ગયાં અને એકદમ ઓપન થઈ ગયું કે **દેવબંદી તબ્લીગી આલિમો પણ કાદયાનીઓની જેમ હુઝૂર ખાતમુન નબીય્યન ﷺને આખરી નબી નથી માનતા. તેમની નજીક હજી પણ કોઈ નબી પેદા થઈ શકે છે !**

### તૌબાનામાનું લખાણ


મેં (અબ્દુલ હકીમ મુહમ્મદ રમઝાન, રહેવાસી ફીલોટોલા ઝાઈનપુર, જિ. રાજમહલ, સાહબગંજ, ઝારખંડ) ઈ.સ. ૧૯૮૩થી દારુલ ઉલૂમ દેવબંદમાં રહીને તા'લીમ મેળવી અને ઈ.સ. ૧૯૮૬માં ફરાગત હાંસલ કરી. મારો સનદ નં. ૩૧૩ છે. ૮, ૯ મે–૨૦૦૫ના રોજ મલકપુર હાટ જિ. કટીહારમાં દેવબંદી આલિમો તથા સુન્ની આલિમો વચ્ચે હુઝૂર ﷺ આખરી નબી હોવા વિશેના વિષયમાં મુનાઝરો થયો. દેવબંદી આલિમો તરફથી મૌલાના તાહિર હુસૈન ગયાવી અને બરેલ્વી આલિમો તરફથી મુહમ્મદ મતીઉર્રહ્માન રઝવી મુનાઝિર હતા. બંને દિવસના મુનાઝરામાં મુનાઝિરોની ચર્ચાઓ સાંભળીને, **મુનાઝિરો તથા મુનાઝરાની પરિસ્થિતિ જોઈને મારા ઝમીરે મને ઝંઝોળ્યો તથા હજાર ઠંડા દિલથી ચિંતન મનન પછી એ નતીજા પર પહોંચ્યો કે બરેલ્વી ઉલમાનું કાસિમ નાનોત્વીની કિતાબ 'તહઝીરુન્નાસ' પરનો વાંધો યોગ્ય છે. ખરેખર**

**મૌલાના (નાનોત્વી)થી આ કિતાબના ચર્ચા હેઠળના લખાણમાં ખત્મે નબુવ્વતનો ઈન્કાર થઈ ગયો છે, જેની કોઈ સહીહ તાવીલ નથી થઈ શક્તી.** અને મૌલાના તાહિર હુસૈન ગયાવી હજાર જીભ ચાલાકી અને હઠધર્મીથી એને સહીહ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા. જ્યારે એ વાત સર્વ શ્રોતાઓ સમક્ષ ઉઘાડી થઈ ગઈ તો તેમણે જાન બચાવવાના માટે પ્રપંચ (ધોકા)નો આશરો લેવાની કોશિશ કરી અને બરેલ્વી મુફ્તી મુહમ્મદી મતીઉર્રહ્માન સાહબ પર હઝરત ઈસા عليه السلامની નબુવ્વતને મસ્લૂબ (નષ્ટ) થઈ જવાનો ઈલ્ઝામ લગાડયો જે છેવટે જૂઠો સાબિત થયો. **એટલા માટે મેં અને મારી સાથે ઘણા લોકોએ બરેલ્વી મુનાઝિર મુફ્તી મતીઉર્રહ્માન સાહબનો મૌકફ (માન્યતા) જે અહલે સુન્નતની માન્યતા છે અને સહીહ ઈસ્લામી માન્યતા છે તેને અપનાવી લીધી.** અલ્લાહ તઆલા અમને લોકોને હક્ક પર અગડતા આપે અને એના પર ખાત્મો કરે, અને અમારી જેમ અન્ય ઘણા ગલત ફહમીમાં સપડાયેલા શખ્સોને પણ હક્ક઼ કબૂલ કરવાની તૌફીક઼ બખ્શે. ફક્ત વસ્સલામ.


**હકીર બંદો :** અબ્દુલ હકીમ મુહમ્મદ રમઝાન
*(ફીલોટોલા, નરાઈનપુર, જિ. રાજમહલ, સાહબગંજ, ઝારખંડ)*





તૌબાનામાની ફોટો કોપી




દારુલ ઉલૂમ દેવબંદની સનદની કોપી




દારુલ ઉલૂમ દેવબંદની સનદની કોપી



دفتر تعلیمات دارالعلوم دیوبند

DARUL-ULOOM DEOBAND U.P.

MARKS SHEET

This is to certify that ..ABDUL HAKIM.. S/o MOHD. RAMZAN has passed the FAZIL Examination of Darul-uloom Deoband held in 1986. He has obtained the following marks in this examination.

| S.No. | Subject | Max. Marks | Pass Marks | Marks Obtd. |
|---|---|---|---|---|
| 1 | Bukhari Sharif | 50 | 30 | 45 |
| 2 | Muslim Sharif | 50 | 30 | 47 |
| 3 | Tirmizi Sharif | 50 | 30 | 50 |
| 4 | Abudaud Sharif | 50 | 30 | 50 |
| 5 | Nasai Sharif | 50 | 30 | 48 |
| 6 | Ibne Maja Sharif | 50 | 30 | 47 |
| 7 | Tahavi Sharif | 50 | 30 | 40 |
| 8 | Shamail Tirmizi | 50 | 30 | 50 |
| 9 | Motta Imam Malik | 50 | 30 | 45 |
| 10 | Motta Imam Mohd. | 50 | 30 | 47 |
| | Total | 500 | 300 | 477 |

Passed in Ist Division

Nazim Majlise Talimi
Darul-Uloom Deoband

દારુલ ઉલૂમ દેવબંદની માર્કસની કોપી

# જાતીય (Sexual) શિક્ષણ : બીમારી કે ઈલાજ

**(કાર્યાલય)**

માનવીની પ્રાકૃતિક જરૂરિયાતમાં એક જાતીય લાગણી (Sex) પણ છે. માનવવંશની વૃદ્ધિ માટે અલ્લાહ તઆલાએ જે માનવીની અંદર.....રાખેલ છે એ ભાવનાઓને જો પાકીઝા (પવિત્ર) તરીકાથી કાનૂનના બંધારણમાં પૂર્ણ કરવામાં આવે તો ઈન્સાનિયતનું ઘડતર અને માનવવંશની વૃદ્ધિ તથા સલામતીનો એ પ્રાકૃતિક (ફિતરી) ઝરીયો છે. અને એટલા માટે ઈસ્લામે તેને પ્રોત્સાહન આપ્યું છે. પરંતુ જો આ પ્રાકૃતિક ભાવનાએ ગલત માર્ગ અપનાવી લીધો તો એટલા જ અંશે ઈન્સાનિયતને માટે એ તબાહ કરનાર પણ છે અને આજે પશ્ચિમી દેશો પ્રાયોગિક રીતે એનો અનુભવ કરી રહ્યા છે.

ઈ.સ. ૧૯૯૬ની ગણત્રી તથા સરવે પ્રમાણે દુનિયામાં જાતીય (Sexual) બીમારીઓના ૨૩ કરોડ ત્રણ લાખ બીમારો હતા, જેમાંથી એક કરોડ વીસ લાખ બીમાર આતશકન, છ કરોડ વીસ લાખ સૂઝાકના, આઠ કરોડ નેવુ લાખ **Chlamydia**ના અને સીત્તેર કરોડ **Trichomonas**ના બીમારોનો અંદાઝો કરવામાં આવ્યો છે. *(મગરબી તેહઝીબ ઈન્હેતાતકી શાહે રાહ પર, પેજ–૨૫૭)*

તંદુરસ્તીના આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના ઈ.સ. ૧૯૯૭ના રિપોર્ટ પ્રમાણે દુનિયામાં દર વરસે સોળ કરોડ ત્રણ લાખ વ્યક્તિઓ જાતીય (Sexual) બીમારીઓમાં સપડાય છે. હિંદુસ્તાનના ડાયરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસે જાતીય બીમારીઓના નિષ્ણાતોની એક કોન્ફ્રન્સને સંબોધન કરતાં કહ્યું હતું કે, "દેશમાં જાતીય બીમારીઓ ઘણી જ ઝડપભેર ફેલતી જઈ રહી છે અને દરેક વીસ વ્યક્તિઓમાં એક વ્યક્તિ એમાં સપડાયેલ છે." *(હવાલો : ઉપર મુજબ, પેજ–૨૫૯)*

એ વાત કાંઈ ઢાંકી છુપી નથી કે **"એઈડસ્"ની બીમારીનો મૂળ સબબ જાતીય સ્વચ્છંદતા છે (ગમે ત્યાં સેક્સ માણવું છે) અને ૭૫% બીમારી જાતીય સંભોગથી જ ફેલાય છે.** અત્યારે આફ્રિકા અને અમુક એશિયાઈ દેશો એઈડસ્ના તોફાન હેઠળ સપડાયેલા છે. સાઉથ આફ્રિકા તથા બોત્સવાનામાં એનાથી અસર પામેલા વ્યક્તિઓની ટકાવારી ૩૦%થી પણ આગળ નીકળી ચૂકેલ છે. અને આપણા હિંદુસ્તાનમાં એચ.આઈ.વી. ઈન્ફેકશન એટલા અધિક પ્રમાણમાં વધી રહ્યું છે કે નિષ્ણાતોનું માનવું છે કે એ આ બીમારીમાં સપડાવાના એતબારથી સાઉથ આફ્રિકાને પણ પાછળ પાડી દેશે. આ મુસીબત માણસના ખૂદના અમલનો અંજામ છે. કેમ કે જ્યારે માણસ ફિતરત (કુદરત)થી બગાવત કરે છે તો જરૂરથી ઠોકર ખાય છે અને સજાપાત્ર બને છે. અફસોસ ! કે કુદરતની ચેતવણીથી લોકો બોધગ્રહણ કરતા અને પોતાનું ચાલ ચલણ સુધારવાની કોશિશ કરતા, એને બદલે પશ્ચિમી સંસ્કૃતિ એ સબક શીખવાડી રહી છે કે **બુરાઈ (ઝિના) સુરક્ષિત પદ્ધતિથી કરો !** જેના લીધે પશ્ચિમી સમાજ એક **'કોન્ડમ કલ્ચર'** બની ચૂકેલ છે અને ન કેવળ યુવાન તથા ઉમરવાળા લોકો આ કલ્ચરનો હિસ્સો છે બલ્કે **નવયુવાન બાલિગ થવાની અણીએ પહોંચેલા ઓછી વયના છોકરા તથા છોકરીઓ પણ એમાં સપડાય ચૂકેલ છે. સ્કૂલો અને કોલેજોમાં એના માટે (સેક્સ માણવા) બાકયાદા સહૂલતો પૂરી પાડવામાં આવે છે.** માનવી મનેચ્છાઓની ગુલામીનો એવો ગુલામ બની ગયો છે કે તે એક

ચીજને ઝહેર સમજીને પણ તેનો ઉપયોગ કરે છે !

પશ્ચિમી સમાજમાં પવિત્ર તથા કાનૂની (નિકાહ પછીના) સેક્સને બદલે સુરક્ષિત સેક્સના આ ખયાલે એ ખયાલનો પણ વધારો કર્યો છે કે બાળકોને નાની વયથી સેક્સની તા'લીમ (જાતીય શિક્ષણ) આપવામાં આવે, ત્યાં સુધી કે પ્રાઈમરી સ્કૂલમાંથી જ બાળકીઓ તથા બાળકોને આ શિક્ષણ આપવામાં આવે છે. (એટલે સેક્સ કઈ રીતે માણવો તથા કોન્ડમ વગેરે વાપરવું વગેરેની તા'લીમ) અફસોસ કે આપણો દેશ પણ પશ્ચિમી સમાજનું અનુકરણ કરવાની કોશિશ કરી રહ્યો રહ્યો છે. અને આ ધાર્મિક તથા સમાજિક મોભા ધરાવતા દેશમાં પણ સુરક્ષિત પદ્ધતિથી (ઝિનાનો) ગુનોહ કરવાનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. અને એના અનુસંધાનમાં સ્કૂલોમાં સેક્સની તા'લીમ (જાતીય શિક્ષણ)ની વાત ચાલી રહી છે. જેમ કે થોડાક દિવસો પહેલાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને એલાન કર્યું છે કે હવે છટ્ઠા વર્ગથી સેક્સની તા'લીમ આપવામાં આવશે.

એ વાત વિચારવા પાત્ર છે કે આટલી નાની વયથી સેક્સની તા'લીમ આપવી એ બીમારી છે કે દવા તથા અમૃત છે કે ઝહેર ? ક્યાંક એવું તો નથી કે આ બે માસના દૂધ પીતા બાળકને ભેંસનો ગોશ્ત ખવડાવવા સમાન થશે ! કેમ કે **જયારે કોઈ ચીજની તા'લીમ આપવામાં આવે છે તો માણસનું તેના બારામાં આકર્ષણ જાગે છે તથા તેના પ્રયોગો કરવાની ઉત્કંઠા દિલમાં જાગે છે અને આ ઉત્કંઠા તથા આકર્ષણ એને અમલી સ્વરૂપ આપવા સુધી પહોંચાડે છે.** એટલા માટે પશ્ચિમી દેશોમાં નાની વયના છોકરા છોકરીઓમાં વ્યભિચારનું પ્રમાણ ખૂબ જ પ્રમાણમાં વધેલું છે, અને પુખ્ત થતાં જ સગર્ભા થવાના તથા ગર્ભપાતના બનાવોની પુષ્કળ ભરમાર છે. **સ્કૂલોમાં કાયદેસર રીતે ગર્ભ નિરોધક વસ્તુઓ (કોન્ડમ વગેરે)ની સગવડો પૂરી પાડવામાં આવી છે.** અને મારે એશિયાની બહાર એક દેશમાં જવાનું થયું તો જાણવા મળ્યું કે ત્યાં અમુક સ્કૂલોમાં Rest Room રાખવામાં આવ્યા છે. જાહેરી રીતે તો એ અભ્યાસ દરમ્યાન થાકી જનારાઓ માટે આરામગૃહ છે પરંતુ હકીકતમાં વિદ્યાર્થી વિદ્યાર્થીઓના માટે બુરાઈ (વ્યભિચાર) કરવાનો અડ્ડો છે.

ઈસ્લામી દષ્ટિ બિંદુને સમજવા માટે અમુક મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જોઈએ :–

પ્રથમ વાત એ છે કે ઈસ્લામ બુરાઈને રોકવામાં માને છે, ન કે બુરાઈને સુરક્ષિત પદ્ધતિથી રિવાજ આપવામાં આવે. એટલા માટે જાતીય શિક્ષણ (સેક્સની તા'લીમ) કરતાંય અધિક મહત્વ સંસ્કારિક્તાની તા'લીમનું છે. એવું હોવું જોઈતુ હતું કે પ્રાથમિક વર્ગોથી લઈને મેટ્રીક સુધી એક વિષય સંસ્કારિક્તાના સંબંધે (સારી આદતો અપનાવવા સંબંધે) કોર્સમાં દાખલ કરવામાં આવે જેમાં વિવિધ ધાર્મિક રીતે તથા સંસ્કારિક શિક્ષણથી ચારિત્ર્યની મજબૂતી તથા પવિત્રતાના મહત્વને જાહેર કરવામાં આવે. તેમજ કુસંસ્કારોથી સમાજને જે નુકસાન પહોંચે છે તેની સમજ આપવામાં આવે.

બીજી મહત્વની વાત એ છે કે ઈસ્લામ એવી તમામ વાતોથી મના કરે છે જે બુરાઈની તરફ લઈ જનારી છે, ચાહે તે શિક્ષણના નામથી થતી હોય. એટલા માટે સગીર વયના (નાબાલિગ) બાળકોને જાતીય અંગોની વિગતો સમજાવવી, સંભોગના વિશે બતાવવું અને સેક્સ માણવાનો સુરક્ષિત તરીકો બતાવવો કોઈ પણ રીતે યોગ્ય નથી, કેમ કે એનાથી બુરાઈની (વ્યભિચારની) ચળવળ ખડી થઈ જાય છે.

ત્રીજી વાત એ કે જે છોકરા પુખ્ત થઈ ચૂક્યા છે તેમને એ રીતે જાતીય શિક્ષણ આપી શકાય છે કે તેઓ સેક્સ માટેના અંગોના કાર્યોને સમજે અને તેના ગલત ઉપયોગના નુકસાનોથી વાકેફ થાય, અને એ

સર્વ તા'લીમ એ રીતથી થાય કે શબ્દો તથા તાબીરમાં પર્દા (સભ્યતા)નો ખયાલ રાખવામાં આવ્યો હોય. કુર્આન મજીદે પુરૂષ તથા સ્ત્રીના સંભોગના તરીકા પર રોશની નાખી છે, પરંતુ એવા પર્દા તથા સંસ્કારપૂર્ણ રીતે કે બુરાઈની કલ્પના પણ દિમાગમાં નથી આવતી અને જાઈઝ સંબંધ તથા રિશ્તાની પવિત્રતા સલામત રહે છે. એટલા માટે અરબી ભાષામાં સ્ત્રી તથા પુરૂષના સંભોગ અને ગુપ્તાંગ વગેરેના માટે જાહેરી રીતે કોઈ શબ્દ નથી જોવા મળ તો નથી જેને શબ્દકોશવાળાઓએ કોઈ એક ખાસ ભાવાર્થ માટે ઘડયો હોય, બલ્કે ઈન્ડાયરેક્ટલી નિર્દેશ કરતા શબ્દો બોલવામાં આવે છે. અને બોલવાના એ'તેબારથી પણ એ વાત લેહાઝને પાત્ર છે કે એ ભાવાર્થોને પ્રદર્શિત કરવા માટે અરબીમાં અને ખૂદ કુર્આન તથા હદીષમાં વિવિધ શબ્દો આવ્યા છે. કદાચ એનું કારણ એ હોય કે જ્યારે કોઈ નિર્દેશ કરતો શબ્દ ખાસ ભાવાર્થના માટે પુષ્કળ પ્રમાણમાં વાપરવા લાગે છે તો ક્રમે ક્રમે એ શબ્દ સ્પષ્ટ શબ્દના દરજામાં આવી જાય છે અને ઉઘાડો મેહસૂસ થવા લાગે છે, એટલા માટે હવે બીજા નિર્દેશમય શબ્દનો ઉપયોગ થવા લાગે છે, અને આ રીતે આ વિષયને જાહેર કરનારા શબ્દોની સંખ્યા વધતી જાય છે. જાતીયતા (સેક્સના વિષય)ની તા'લીમમાં પર્દાદારીની બાબતને પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે.

ચોથી વાત એ છે કે બાલિગ (પુખ્ત) છોકરા તથા છોકરીઓને પણ કમસેકમ આ વિષયોની તા'લીમ મિશ્ર કલાસોમાં ન આપવામાં આવે, બલ્કે બંનેની જરૂરત તથા સહૂલતના પ્રમાણે અલગ અલગ લેકચરની વ્યવસ્થા અલગ અલગ રાખવામાં આવે કેમ કે જાતીય જ્ઞાનના બારામાં પુરૂષો તથા સ્ત્રીઓની જરૂરિયાતો અલગ અલગ છે. તેમજ એ પણ જરૂરી છે કે છોકરીઓના માટે પુરૂષ શિક્ષક હોય અને સ્ત્રીઓના માટે સ્ત્રી શિક્ષક હોય, કેમ કે મિશ્ર વાતાવરણ આવા વિષયોના બયાન તથા રજૂઆતને ગલત સોચની તરફ લઈ જાય છે.

જો આ વાતોનું ધ્યાન ન રાખવામાં આવ્યું તો જાતીયતાની (સેક્સની) તાલીમ એ ઈલાજને બદલે બીમારી સાબિત થશે અને તેનાથી ફાયદાને બદલે સમાજને અકથ્ય નુકસાન પહોંચશે. કમસે કમ આપણા દેશ હિંદુસ્તાનમાં (જ્યાંના મિજાઝમાં ધર્મ સંસ્કાર વણાયેલ છે) એના માટે આ બાબતોમાં પશ્ચિમનું આંધળુ અનુકરણ અત્યંત નુકસાનકર્તા પુરવાર થશે. અને આ રીતે આપણે પશ્ચિમની ઈલ્મી રચનાત્મક પ્રગતિમાં તો ભાગીદાર ન બની શકીશું પરંતુ તેના કુસંસ્કારો તથા સામાજિક ખરાબીઓનો બોજ જરૂર આપણી કમર પર ઉઠાવી લઈશું. *(મુસ્લિમ ટાઈમ્સ વીકલી, મુંબઈ, ૨૦ થી ૨૬ નવેમ્બર-૦૬)*

## મુર્હરમ તથા સફરમાં નિકાહ

**આ જમાનામાં ઘણા લોકોએ વિના કારણે આ ખયાલને પોતાના દિમાગના ખૂણામાં જગા આપી રાખી છે કે મુહર્રમ અથવા સફરમાં નિકાહ અથવા કોઈ અન્ય તેવો પ્રસંગ ન કરવો જોઈએ અને મોટા ભાગના લોકો તેના ઉપર અમલ કરે છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ **એ આ ગલત ખયાલને નષ્ટ કરવાની કોશિશ કરી છે. જોઈ લેશો, એક સાઈલ (પ્રશ્ન કરનારે) આપની બારગાહમાં આવીને સવાલ કર્યો કે, "મુહર્રમ તથા સફરમાં નિકાહ કરવો મના છે ?!" આપે જવાબ આપ્યો, "નિકાહ કોઈ મહીનામાં મના નથી. એ માન્યતા (ઉપર જણાવેલ) ખોટી છે."** (અલ્ મલ્ફૂઝ-કામિલ, પેજ-૩૬)

ત્રાસવાદીના જન્મદાતા બ્રિટન તથા અમેરિકા !

# ત્રાસવાદીને જન્મ આપનારાઓને સજા કોણ આપશે ?!

રજૂકર્તા : ગુલામ દસ્તગીર નમાઝી-દયાદરા

જેવી રીતે જુલ્મ, બળ તથા ક્રુરતાની ઉમર લાંબી નથી હોતી એવી જ રીતે જુલ્મ, બળ પ્રયોગ તથા ક્રુરતા સહન કરવાની પણ હદ હોય છે. જ્યારે જુલ્મ બળ તથા ક્રુરતા વધે છે તો ફના થઈ જાય છે એ જ રીતે જુલ્મ, બળ પ્રયોગ તથા ક્રુરતાની સહન શક્તિનો બંધ તૂટી જાય છે તો બગાવત (વિદ્રોહ) જન્મ લે છે, ત્રાસવાદ ઉછેર પામે છે, બદલાની કાર્યવાહીના માટે પોતાના જીવને ખત્મ કરીને આત્મઘાતી બોમ્બર બનવાની ભાવના પેદા થાય છે.

એ વાત નિશ્ચિત છે કે કોઈ મજબૂત કારણ વિના ન તો કોઈ બગાવત માટે તૈયાર થાય છે ન ત્રાસવાદી બનવાનું પસંદ કરે છે ન કોઈ આત્મઘાતી બોમ્બર બનીને પોતાની જાતને હલાક કરવાના માટે તૈયાર થાય છે. ઘમંડના અતિરેકે જ્યારે પણ માનવ અધિકારોને પોતાના પગો નીચે કચડયા છે તો બગાવતોએ જન્મ લીધો છે. જુલ્મ તથા જોર જ્યારે બેલગામ થયું છે તો ત્રાસવાદી પ્રવૃત્તિઓએ માથુ ઉંચક્યું છે, અને જ્યારે બળપ્રયોગ સખ્તીની હદથી પાર નીકળ્યો છે તો આત્મઘાતી બોમ્બરોએ જન્મ લીધો છે જેમણે પોતાની બદલાની ભાવનાને લઈને પોતાને કશાય ડર કે ભય વિના તબાહીમાં ફેંકી દીધા છે. અત્યંત ભયાનક મૌતને હસતાં હસતાં ગળે લગાડયું છે.

પેલેસ્ટાઈનના મુજાહિદ હોય કે હિઝબુલ્લાહ, તાલિબાન હોય કે અલ્‌કાયદા હોય, તમામે તમામ એ જ હક્ક મારવાનું, જુલ્મ કરવાનું તથા બળ તથા સખ્તીનું ફળ છે જે જગતના માનવોને પોતાના બુટની નીચે રાખવાના માટે પશ્ચિમી દેશો અને તેની હેઠળ ઉછેર પામેલી તાકતોએ ભેટ ધરેલ છે. પોતાની ભૂમીમાં પોતાના ઘરબાર, પોતાનાં સગા વહાલાંથી મેહરૂમ થઈ જનારી પેલેસ્ટાઈની કૌમને જ્યારે પોતાની ચારેવ તરફ અંધકાર જ અંધકાર જણાવા લાગ્યો, જ્યારે અમેરિકી સામ્રાજ્યવાદીઓ અને ઈઝરાઈલી યહૂદીઓએ એમના માટે જીવન જીવવું તંગ કરી આપ્યું તો એમની સમક્ષ એ સિવાય કોઈ ચારો ન રહ્યો કે નાના નાના બાળકો અને યુવાન હાથોમાં પથ્થરો લઈને ટેન્કોની સામે આવી જાય, સ્ત્રીઓ લયલા ખાલિદ અને પુરૂષ યાસર અરફાત બની જાય અને જુલ્મ જ્યારે હદથી વધી જાય તો પુરૂષ તથા સ્ત્રી આત્મઘાતી બોમ્બર બનીને પોતાના પર થનારા માનવતા હણનારા જુલ્મોનો બદલો લેવાના માટે પોતાને હલાક કરવાનું શરૂ કરી આપે. હિઝબુલ્લાહનું અસ્તિત્વ પણ ઈઝરાઈલ તથા તેમના આકાઓના જુલ્મો સિતમની દૈન છે. તાલિબાન તથા અલ્‌કાયદા એ કોની તથા કયા સંજોગોની પેદાવાર છે, દરેક સમજબુઝ ધરાવનાર શખ્સ સારી રીતે જાણે છે. કોણ રાજનીતિક દિમાગ ધરાવનાર એ વાતથી વાકેફ નથી કે અફઘાનિસ્તાનથી રશિયાની ફોજોને ચાલ્યા જવા મજબૂર કરવા માટે અમેરિકાએ પાકિસ્તાની તા'લીમ કેન્દ્રોમાં તાલિબાની લડવૈયાઓને તૈયાર

કરીને તેમને શસ્ત્રો તથા બોમ્બગોળા આપીને જંગના મેદાનમાં ઉતાર્યા હતા. અને આજે જે ઓસામા બિન લાદેન પશ્ચિમી સામ્રાજ્યો માટે જાણે મલકુલ મૌત બનેલ છે અને આજે ઓસામા બિન લાદેનની જે અલ્ કાયદા અમેરિકા અને બ્રિટનના લોકોને ધ્રુજાવી રહેલ છે એ તેમના જ ગયબી હાથની દૈન છે.

આજે દુનિયાભરમાં જે સંજોગો ખડા કરવામાં આવી રહ્યા છે કે માનવ જગતની બીજી સૌથી મોટી વસ્તી મુસલમાનને ત્રાસવાદી જાહેર કરીને બીજી કૌમોમાં તેમની વિરુધ્ધ નફરત, બગાવત, શંકા કુશંકાઓનું વાતાવરણ ખડુ કરવાની જે કોશિશ કરવામાં આવી રહી છે એના પરિણામો શું આવશે એ અંજામથી બેખબર સત્તાધારીઓ એના વિશે વિચારવાની રજમાત્ર પણ તકલીફ નથી ઉઠાવતા. તેમણે એ હકીકતને સ્વીકારી લેવી જોઈએ કે તેઓ આજે નહીં તો કાલે ચાલ્યા જશે, આજે જે સત્તાના નશામાં સપડાયેલ છે તે કાલે ખત્મ થઈ જશે અને તેઓ એ રીતે નામ નિશાન વિનાના થઈ જશે જેવી રીતે જાલિમ તથા જાબિર સત્તાધીશો થતા રહે છે, પરંતુ તેઓ આજે જે રોપી રહ્યા છીએ તેને આવનાર નસલો કાપશે (વાવે તેવું લણે) અને એ વાત પર અફસોસથી હાથ ઘસશે કે તેઓએ આટલા સકૂંચિત દષ્ટિવાળા, સ્વાર્થી, માનવતાના દુશ્મન, પોતાના અંજામથી બેખબર લોકોને સત્તા ચલાવવાનો મોકો શા માટે આપ્યો ?!

અફઘાનિસ્તાનમાં તેમણે જે કાંઈ કર્યુ છે, ઈરાકમાં જે તબાહી મચાવી છે, પેલેસ્ટાઈન તથા લેબનોનમાં માનવતાને હણનારા જે જુલ્મના બનાવો ખડા કરી રહ્યા છે અને ત્રાસવાદના ખાત્માના માટેની કોશિશના નામ પર જે જુલ્મો સિતમ કરી રહ્યા છે તેનાથી ત્રાસવાદનો ખાત્મો તો શક્ય થશે નહીં, અલ્બત્ત નફરતો તથા જાલિમ કૌમોથી બદલો લેવાની ભાવના ચોક્કસ ઉત્તેજન પામશે જે દેખીતુ જ છે કે ત્રાસવાદની ભાવનાને ઉત્તેજીત કરશે. લોકોને આત્મઘાતી બોમ્બર બનવાના માટે મજબૂર કરશે, કેમ કે એ માનવની ફિતરત (પ્રકૃતિ) છે કે જ્યારે જુલ્મો સિતમથી માનવ ત્રાસી જાય છે અને જ્યારે સહન શક્તિની સબ્ર હારી જાય છે તો તે ગમે તેવું કરી નાખવા તત્પર થઈ જાય છે. દા.ત. કોઈ કમજોરને શક્તિવાળો મારતો જ રહે, સતાવતો જ રહે તો કમસે કમ તે એટલુ તો જરૂર કરે છે કે તેને કરડી ખાય છે, પથ્થર મારી દે છે અથવા મોઢા પર થૂંકી દે છે.

એ કહેવત મશહૂર છે કે, "એક મરણીયો સોને ભારે પડે !" એટલે કે જે સમજી લે કે હવે તો મરવાનું જ છે અથવા તો હવે પોતે મૃત્યુ પામેલાઓથીય બુરા હાલવાળો છે તો તે ગમે તેવું કરી શકે છે. એટલા માટે અમેરિકી પ્રમુખ બુશ, તેના નિકટવર્તી સાથી બ્રિટનના વડાપ્રધાન ટોની બ્લેયર તથા ઈઝરાઈલી જાલિમોએ એ સારી રીતે સમજી લેવું જોઈએ કે મરણીયો બનેલો ગમે તેવું ખતરનાક પગલુ ભરી શકે છે, શક્ય છે કે આગામી દિવસોમાં ત્રાસવાદનો રાક્ષસ એટલુ ખતરનાક સ્વરૂપ ધારણ કરી લે કે જેનો ઈલાજ જ શક્ય ન હોય. બેઘર તથા બેદર પેલેસ્ટાઈનીઓના લોહી વહાવવાનો, તેમની લાશો પાડવાનો જે ક્રમ ચાલુ રાખવામાં આવ્યો છે, અફઘાનિસ્તાનમાં જુલ્મો સિતમનો જે નગ્ન નાચ થઈ રહ્યો છે, ઈરાકી પ્રજા પર વરસો સુધીના આર્થિક પ્રતિબંધો તથા અમેરિકા તથા તેના સાથીઓ થકી ફરીવારની જંગલિયતભરી બોમ્બ વર્ષાથી જે જાની તથા માલી તબાહી થઈ છે, હિઝબુલ્લાહની વિરુધ્ધ કાર્યવાહીના નામ પર લેબનાની કૌમને આગ, ખાક તથા ખૂનના જે દરિયાથી ગુજારવામાં આવી છે, પશ્ચિમી તથા યૂરોપી દેશોમાં મુસલમાનોને પરેશાન કરવાનો જે શર્મનાક ખેલ ખેલવામાં આવી રહ્યો છે એનાથી કૌમોની વચ્ચે મહોબ્બતોનો વધારે થશે કે નફરતોનો વધારો થશે ?! આ સવાલ પર બુશ તથા બ્લેયર જેવા

આવતીકાલથી નાવાકેફ સત્તાધીશો હજી પણ વિચાર નથી કરી રહ્યા.

જાલિમ બુશ એ વાતનો સ્વીકાર તો કરી રહ્યો છે કે ઈરાક પર હુમ્લો તથા ત્રાસવાદના બનાવોએ અમેરિકીઓને માનસિક બીમાર બનાવી દીધા છે પણ એવું વિચારવાની હજી પણ તકલીફ નથી કરતો કે જો તેની લુખ્ખાગીરી, હઠધર્મી તથા ઈસ્લામ દુશ્મનીના પાગલપને ત્રાસવાદીઓની સંખ્યામાં ઓર ઉમેરો કરી આપ્યો અને ત્રાસવાદે જો અધિક હાથ ફેલાવ્યા તો અમેરિકી પ્રજાની શી હાલત થશે ? ક્યાંક તે ડર તથા ભયમાં એટલી તો નહીં સપડાય જાય કે ઘરથી બહાર નીકળવાનું પણ ત્યજી દેશે ! અને વર્તમાનકાળનો ઈતિહાસકાર જ્યારે ઈતિહાસ લખવા બેસે તો બુશ તથા બ્લેયરને અમેરિકા તથા બ્રિટનની તબાહીના સૌથી મહાન જિમ્મેદાર ઠરાવીને પ્રજાની બર્બાદીના એવા મુજરિમ ઠરાવી દે જેના માટે માફીનો કોઈ અવકાશ જ ન હોય.

હવે તો અમેરિકીઓ, બ્રિટનવાળાઓ અને તેમના સાથીઓ એટલી હદ સુધી માનસિક બીમાર થઈ ગયા છે કે તેમને દરેક મુસલમાનના ચહેરાની પાછળ અલ્ કાયદાનો ત્રાસવાદી દેખાય છે ! હમણા થોડાક દિવસોથી ત્યાંના એરપોર્ટના અધિકારીઓ એ વાતની સાબિતી આપી રહ્યા છે કે તેઓ માનસિક બીમાર થઈ ગયા છે. ક્યારેક તેઓ કોઈ મુસલમાન સ્ત્રી તથા પુરૂષને ત્રાસવાદી સમજીને વિમાન પાછુ લઈ જઈને ક્યાંક ઉતારી આપે છે, કલાકો સુધી વિમાનની તલાશી લેવામાં આવે છે, મુસાફિરોના સામાનની છાનબીન કરવામાં આવે છે અને જ્યારે એરપોર્ટના અધિકારીઓની શંકા કુશંકાઓમાં કોઈ સચ્ચાઈ જોવા નથી મળતી તો પ્લેનને તેની મંઝિલ પ્રતિ રવાના કરવામાં આવે છે. આ પ્રકારના કોઈ એક નહીં કેટલાયે પ્રસંગો થઈ ચૂક્યા છે જે એવું જાહેર કરે છે કે પ્રમુખ બુશનો એ ખયાલ ઘણા અંશે ખરો છે કે ઈરાક પર થોપવામાં આવેલી જંગ, અફઘાનિસ્તાનની તબાહી તથા બર્બાદી, લેબનોન તથા પેલેસ્ટાઈન પર કહેર વરસાવવાથી ત્રાસવાદનું જે ભૂત ખડુ થયું છે તેણે પશ્ચિમના લોકો પર જીવન એટલી હદે તંગ કરી દીધું છે કે તેમને ઊંઘમાં જાગતાં ત્રાસવાદ દેખાયા કરે છે.

પ્રમુખ બુશ જ નહીં અમેરિકા તથા બ્રિટનનાં વર્તમાનપત્રો પણ એવું સ્વીકારવા લાગ્યાં છે કે **યહૂદીઓ તથા સામ્રાજ્યવાદીઓ (ઈસાઈઓ)ની ઈસ્લામી પૂર્વગ્રહ સંબંધી પ્રવૃત્તિઓમાં જેટલો વધારો થતો જઈ રહ્યો છે એટલા જ તેમના પોતાના લોકો પણ અસુરક્ષિત થતા જઈ રહ્યા છે.** બ્રિટનના ન્યૂઝ પેપર 'ગાર્ડિયને' હમણા થોડાક દિવસો અગાઉ લખ્યું છે કે **વડાપ્રધાન ટોની બ્લેયરની વિદેશ પોલીસીના કારણે બ્રિટન સુરક્ષિત થવાને બદલે અધિક અસુરક્ષિત થઈ ગયું છે અને હવે એ ત્રાસવાદીઓનું નિશાન બની ચૂક્યું છે. બ્રિટનના ૭૨% લોકો એવું જ માને છે કે બ્લેયરની વિદેશ પોલીસીના કારણે ત્રાસવાદી હુમ્લાઓના ખતરામાં વધારો થયો છે.** આ હુમ્લાઓનો ડર લોકો પર એટલા પ્રમાણમાં સવાર થઈ ગયો છે કે તેમણે હવાઈ સફર ઓછી કરી નાખી છે, ટ્રેનોમાં જતાં ડરવા લાગ્યા છે.

આ પરિસ્થિતિ તથા આ સમ્રગ સ્થિતિઓનો મૂળ જિમ્મેદાર અમેરિકા છે, કેમ કે તેની આર્થિક, ટેકનિકી તથા વ્યવસ્થા તંત્ર પર યહૂદીઓનો કબ્જો છે, એટલા માટે ઈઝરાઈલનું અસ્તિત્વ તથા તેની રક્ષા એ અમેરિકા સત્તાધારીઓ માટે કોયડો બનેલ છે. તેઓ એવી કોઈ પણ તાકાતને સહન કરવા તૈયાર નથી જે ઈઝરાઈલના માટે ચેલેન્જ પુરવાર થાય. ઈરાકની તબાહી કરવામાં આવી પણ એ જ ભયનું પરિણામ હતું કે સદ્દામ હુસૈન ક્યાંક ઈઝરાઈલના અસ્તિત્વ સામે ખતરો ન બની જાય. પેલેસ્ટાઈનીઓનું જીવન અજીર્ણ કરવા માટે તથા

ઈઝરાઈલીઓના હઠધર્મીઓને પીઠબળ પર્દા પાછળથી આપવું, ઈરાનને નેસ્તો નાબૂદ કરવાની યોજના પણ એ જ હેતુસર કરવામાં આવી રહી છે કે તે ઈઝરાઈલના માટે ખતરો ન બની જાય. હમણા હાલમાં જ લેબનોનમાં જે યુદ્ધનો જુર્મ કરવામાં આવ્યો તેના પર્દા પાછળ પણ એ જ કારસ્તાન જોવા મળે છે કે ઈરાનની વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવાના માટે પ્રથમ હિઝબુલ્લાહની એ શક્તિને ખતમ કરી દેવામાં આવે જે જવાબી કાર્યવાહીના રૂપે ઈઝરાઈલને નિશાનો બનાવી શકે છે. લેબનોન પર હુમ્લાઓનો એક મકસદ હિઝબુલ્લાહની તાકાતનો અંદાજો લગાડવું પણ હોઈ શકે છે, પરંતુ અત્યંત આશ્ચર્ય તથા અફસોસની વાત છે કે ઈઝરાઈલ લેબનોન પર અંધાધૂંધ બોમ્બવર્ષા કરે છે, માલ મિલ્કતને તબાહ કરે છે, નિર્દોષ લોકોને મારી નાખે છે, પણ વિશ્વની માનવતામાં, ખાસ કરીને મુસ્લિમ દેશોમાં એ હિંમત ન થઈ કે તેની સામે વિરોધનો અવાજ ઉઠાવી શકે ! મઝલૂમ લેબનાની પ્રજાની મદદના માટે આગળ આવી શકે.

એમનેસ્ટી ઈન્ટરનેશનલે કહ્યું છે કે ઈઝરાઈલે જાણીબુઝીને હથિયાર વિનાના લેબનાની નાગરીકો પર બોમ્બવર્ષાનો યુદ્ધમય ગુનો કર્યો છે. તેણે બોમ્બવર્ષાનું નિશાન કેવળ લડાઈનાં કેન્દ્રો જ નહીં પણ મદદ પહોંચાડનારા કાફલાઓ, હોસ્પિટલો, પાણીનાં સંગ્રહ સ્થાનો તથા વીજળીઘરોને જાણીબુઝીને નિશાન બનાવ્યાં જેથી ત્યાંના રહેવાસીઓ સ્થળાંતર કરીને પ્રદેશને ખાલી કરી નાખે.

ઈન્ફ્રા સ્ટ્રકચર, રહેણાંક વિસ્તારો તથા ફેક્ટરીઓને તબાહ કરાવી એ સોચી વિચારીને કરેલો લશ્કરી પ્લાન હતો, અજાણતા કે ભૂલથી તબાહી થવાનો ઈઝરાઈલી દાવો જૂઠો છે. અને લેબનાનના માજી વડાપ્રધાન સલીમ અલહસે કહ્યું છે કે **અમેરિકી પ્રમુખ બુશ લેબનોનમાં કરવામાં આવેલા ઈઝરાઈલી યુદ્ધ જુર્મમાં સંપૂર્ણપણે ભાગીદાર છે. તેમણે કહ્યું કે અમેરિકાએ જ લેબનોન જેવા નાના દેશને તબાહ કરવાના માટે ઈઝરાઈલને રોકેટ, બોમ્બ, વિમાનો તથા આધુનિક ટેન્કો પૂરી પાડી.**

પ્રશ્ન એ છે કે આ જુર્મની સજા ઈઝરાઈલ તથા તેના પીઠબળ બુશને કોણ આપશે...?! સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો) પશ્ચિમી બળોનો હાથો છે જેથી એની પાસે તો કોઈ પ્રકારની આશા રાખવી બેકાર છે. પણ તે મુસ્લિમ દેશો જેઓ અમેરિકાના હાથો પર બયઅત થયા છે તેઓ પોતાના આકા તથા તેના પાળેલા પોષેલા ઈઝરાઈલની વિરુધ્ધ કોઈ કદમ ઉઠાવવાની હિંમત નહીં કરી શકે. પરંતુ એવું નથી કે જાલિમ તથા જાબિર તાકતોના કુકર્મોનો કોઈ હિસાબ લેવાવાળો જ પેદા ન થયો હોય, જેવી રીતે ભૂતકાળમાં જાલિમ તથા જાબિરોનો અંજામ થતો રહ્યો છે તેવો ભવિષ્યમાં પણ થશે. એ હકીકત છે કે અમેરિકી શક્તિ સામે બાથ ભીડવી આસાન નથી, પરંતુ એ પણ સહીહ છે કે **શાંતિપૂર્ણ તરીકા વડે પણ યહૂદીઓ તથા સામ્રાજ્યવાદીઓને તેમના અંજામ સુધી પહોંચાડી શકાય છે, ન કોઈએ ત્રાસવાદી બનવાની જરૂરત છે ન આત્મઘાતી બોમ્બર થવાની જરૂરત છે, અલ્બત્ત એ નિશ્ચયની જરૂરત છે કે તેમના ત્યાં તૈયાર કરેલી કોઈપણ ચીજનો વેપાર ન કરવામાં આવે, તેમની બેંકો તથા વેપાર સંસ્થાનોથી દરેક રીતનો સંબંધ ખત્મ કરી દેવામાં આવે. આ એક એવી યોજના છે જે શાંતિપૂર્ણ પણ રહેશે અને પ્રભાવશાળી પણ. અને જો એવું નથી કરવામાં આવતુ તો મુસલમાનોની વિરુદ્ધ ભવિષ્યમાં જે કાંઈ થશે તેના માટે તૈયાર રહો.**

*–(આલમી સહારા, અઠવાડિક ઉર્દૂ, ૨–ડિસે. ૨૦૦૬)*



# ઈરાકની ઈલ્મી, સાંસ્કૃતિક તથા કલ્ચરલ તબાહી

**રજૂકર્તા : મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી** *(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

ઈરાક પર હુમ્લા બાદ સૌ પ્રથમ જે ચીજનું ખૂન થયું તે "સત્ય" હતું. એ જ કારણ છે કે આ વિષયમાં વર્ણન કરવામાં આવનાર પ્રસંગોનું માધ્યમ રાઈટર, બી.બી.સી., સી.એન.એન. અને એ.એફ.પી.ને બદલે આઝાદ પ્રતિનિધિઓ, અરબ તથા પશ્ચિમી સંસ્થાઓ તથા યૂરોપ સાઈટસ્ છે.

પશ્ચિમી પ્રચાર માધ્યમો વાત વાતમાં કાગનો વાઘ બનાવતા હોય છે પરંતુ તેમણે એ નથી બતાવ્યું કે **ફલૂજાના લોકો પર સફેદ ફોસ્ફરસ છાંટવામાં આવ્યો, ઈરાકમાં ૧૨ લાખ બાળકો શહીદ ગઈ ગયાં, ત્યાં ચાર યુનિવર્સિટીઓને તબાહ કરી દેવામાં આવી, ૧૯૨ વૈજ્ઞાનિકોને તાકી તાકીને મારી નાખવામાં આવ્યા, ખેતીવાડી લાયક વિસ્તારોને નેસ્તોનાબૂદ કરતા ઝહેરનો તોહફો આપવામાં આવ્યો અને નિર્દોષ ઈરાકીઓ પર ૫૦૦ ટન ડીપલેન્ડ યુરેનિયમ વરસાવવામાં આવ્યું.**

અમેરિકી પત્રકાર પીટર આરિયન્ટના જણાવ્યાનુસાર ઈરાકના સંગ્રહાલયો તથા મ્યૂઝિયમોમાંથી ૫૦ હજાર અણમોલ યાદગાર ચીજોને લૂટવામાં આવી, જે બાદમાં લંડન, ન્યૂયોર્ક તથા પેરીસના લીલામ ઘરોમાં વેચાયી. ઈરાકની કલા, કારીગરી, ખેતી, તા'લીમ તથા સંસ્કૃતિ તથા સંસ્કારને નષ્ટ કરવા માટે સેંકડો વૈજ્ઞાનિકો, શિક્ષકો અને કલાના નિષ્ણાતોને નિશાન બનાવવામાં આવ્યા.

## એજ્યુકેશનલ તથા સાયન્ટિફિક ઈન્સ્ટીટયૂટોની બર્બાદી

અમેરિકન એસોસીએશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ સાઈન્સ (AAAS)ના ખાસ મેગેઝિન "સાઈન્સ"માં પ્રસિદ્ધ થનાર લેખ "ઈરાકની તોડી નંખાયેલી યુનિવર્સિટીઓ"ના લેખક એન્ડ્રયૂ લાલર લખે છે કે એપ્રિલ ૨૦૦૩માં અમેરિકી લશ્કરો અને ટેંકો બગદાદમાં ઘુસી આવી અને બગદાદમાં એ જ દિવસથી લૂટમારનો ક્રમ શરૂ થઈ ગયો. બગદાદમાં "અલમુસવ્વિર" જેવી વિખ્યાત યુનિવર્સિટીને સળગાવવા, લૂટવા તથા બર્બાદ કરવાની શરૂઆત થઈ ગઈ.

અસલમાં અમેરિકી લશ્કરોએ વૈજ્ઞાનિક શિક્ષણ સંસ્થાઓને ખાસ રૂપે નિશાન બનાવી. હથિયારોની તલાશમાં અમેરિકી લશ્કરે એક એક સંસ્થાની તલાશી લીધી અને પોતાની પસંદની ચીજને ઉઠાવીને ચાલતા રહ્યા. બાદમાં એ સંસ્થાઓને લૂટારાઓ માટે ખુલ્લી છોડી દેવામાં આવી અને આ રીતે દરેક કાલેજ યુનિવર્સિટીથી, સાયન્સ કોલેજોથી કોમ્પ્યૂટર, પરીક્ષક સાધનો તથા અન્ય કિંમતી સામાનને ટોળાંએ લૂટી લીધો. દા.ત. બગદાદ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી જેવી ઉચ્ચ કક્ષાની સંસ્થાઓને આગ લગાડતાં પહેલાં લોકો તેના બલ્બ સુદ્ધાં ઉતારીને લઈ ગયા. ૧૩મી સદી ઈસ્વીમાં સ્થાપ્ના પામનારી બગદાદની વિશિષ્ટ યુનિવર્સિટી અલ્ મુસ્તન્સિર્યા પણ આ લૂટમારનો શિકાર બની.

યુનિવર્સિટી તથા સાઈન્સ કોલેજોની લૂટમાં ઈરાકી પબ્લિકે પણ ભાગ લીધો. અમેરિકી તથા સંગઠિત ફોજો પણ સરખી રીતે ભાગીદાર રહી. દા.ત. બગદાદની યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજીના માજી પ્રોફેસર માઝૂઈ હજૂમે જણાવ્યું કે અમેરિકીઓએ ટેન્ક વડે યુનિવર્સિટીનો લોખંડી દરવાજો તોડી નાખ્યો અને લૂટરાઓને ઉશ્કેર્યા અને પછી લૂટવાનો ક્રમ ચાલુ થઈ ગયો. હઝૂમ બાદમાં "અન્નહરૈન્" યુનિવર્સિટીમાં જોડાઈ ગયા જે પહેલાં ક્યારેક સદ્દામ યુનિવર્સિટી કહેવાતી હતી. આ ઈરાકનું વિશિષ્ટ વિદ્યાધામ છે જ્યાં ઉચ્ચ કક્ષાના લોકોના ૧૧૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. સારો પગાર તથા સહૂલતોના કારણે પૂરા ઈરાકમાં શિક્ષણ પામેલા શિક્ષકો આ તરફની દીશા પકડતા રહે છે.

નજફ અશરફમાં આવેલી કૂફા યુનિવર્સિટી પર જેને યુનોના તપાસ નિરીક્ષકો પહેલાં જ જોઈ ચૂક્યા હતા એના પર રોકેટ મારવામાં આવ્યું. ૨૬ માર્ચ ૨૦૦૩ના રોજ આ સંસ્થાનો વારો આવ્યો જ્યારે અમેરિકી લશ્કરે કૂફામાં કદમ રાખ્યો. તેમણે ડેટાની તલાશમાં સર્વ કોમ્પ્યૂટરો કબ્જે કરી લીધાં. ત્યાર બાદ તેની કેન્દ્રિય વ્યવસ્થાપન ઈમારત પર રોકેટ ફેંકવામાં આવ્યું જેનાથી સખત નુકસાન થયું. તેના ત્રણ દિવસ પછી મેડિકલ ફાર્મસી તથા સર્વ શિક્ષણ વિભાગોને લૂટવામાં આવ્યા. જીવશાસ્ત્ર, મેડિકલ વિભાગ, માનસ શાસ્ત્ર વગેરેની પ્રયોગશાળાઓને સળગાવીને રાખનો ઢગલો કરી દેવામાં આવી. લૂટારાઓ અહીંથી લગભગ ૧૦૦ જેટલા દુર્લભ પત્રો પણ લઈ ગયા જે ઈસ્લામી યુગના વૈજ્ઞાનિકો તથા ઈસ્લામ પહેલાંના સતૂરી કલીસાના લખેલા હતા.

એ જ પ્રમાણે મૌસલ તથા બસરાની કોલેજોને પણ સખત નુકસાન પહોંચ્યું જ્યારે કે "નાસિરિયહ્" યુનિવર્સિટી પર બોમ્બ વર્ષા કરવામાં આવી, કેમ કે તેના પર કાટ ખાઈ ગયેલી પ્લેનને તોડનારી ટોપ લગાડેલી હતી. આ પરિસ્થિતિએ ઈરાકમાં બુદ્ધિતીવ્રતા અદશ્ય થવાનો માર્ગ ખોલી કાઢયો છે. અલકફૂહ યુનિવર્સિટીના સર સંચાલક રહેનારા એંજીનિયર અર્રવીના જણાવ્યા પ્રમાણે ૧૪૦૦થી ૫૪૦૦ સુધી ઉચ્ચ કક્ષાના નિષ્ણાતો તથા શિક્ષકો દેશ છોડી ચૂક્યા છે, કેવળ અન્નહરૈન કોલેજના જ ૧૮ થી ૪૫ પ્રોફેસર તથા વૈજ્ઞાનિકો કૂચ કરી ગયા છે.

ઈરાકમાં જેવી રીતે બેરોજગારી ૬૦% સુધી જઈ પહોંચી છે તેવી જ રીતે સ્કૂલોની હાલત અકથ્ય છે. કેટલાય વિસ્તારોમાં પાણીની કિંમત પેટ્રોલ કરતાં પાંચ ગણી વધારે છે. ઈરાકી સ્કૂલોમાં પુસ્તકોની સખત કમી છે કેમ કે તેના પ્રકાશનની જિમ્મેદારી યુનેસ્કોએ લઈ રાખી હતી જેનાથી હવે તે હાથ ઊંચા કરી ચૂક્યું છે, જેથી શિક્ષકો કેવળ લેકચર આપે છે અને બાળકો તેને સમજવાની કોશિશ કરે છે.

## બસરા લાયબ્રેરી

માર્ચ ૨૦૦૩ પછી બસરાની મહાન શાનવાળી સેન્ટ્રલ લાયબ્રેરી પર બોમ્બવર્ષા થઈ. એ પુસ્તકાલયમાં દરેક વિષય તથા ભાષાઓમાં પુસ્તકો મૌજૂદ હતાં. અહીં અમુક દુર્લભ તથા પૂરાણા પત્ર પણ હતા. દા.ત. હઝરત મુહમ્મદ ﷺના જીવન મુબારક પર એક કિતાબ જે લગભગ ૭૦૦ વરસ પૂરાણી હતી. લાયબ્રેરીના લાઈબ્રેરીયન મુહમ્મદ બકરે અમેરિકીઓનું આગમન થતાં જ ખતરો અનુભવી લીધો અને ૧૬ એપ્રિલે બસરા પર ખૌફનાક બોમ્બવર્ષા શરૂ થઈ ગઈ. કેટલાયે બોમ્બ લાયબ્રેરી પાસે પણ પડયા. લાયબ્રેરીના કર્મચારીઓ ડરના માર્યા ગાયબ થઈ ગયા પણ આલિયા પોતાની જગાએથી ન હાલી અને એ પ્રસંગે પણ પુસ્તકો બચાવતી રહી. તેણીએ મુહમ્મદ અનીસને ફોન કર્યો જે નજીકમાં એક રેસ્ટોરન્ટનો માલિક હતો. અનીસે અમુક મિત્રોની મદદ વડે કિતાબોને ડબ્બાઓમાં બંધ કરીને પોતાના રેસ્ટોરન્ટ સુધી પહોંચાડી. પછી ૧૫ એપ્રિલ ૨૦૦૩ની તે ઘડી પણ આવી ગઈ જ્યારે

લાયબ્રેરીને ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવી. લાયબ્રેરીની આખી ઈમારત માટીનો ઢગલો બની ગઈ પણ આલિયા તથા તેના હિમ્મતવાન સાથીઓ ત્યાં મૌજૂદ ૭૦% કિતાબો બચાવવામાં સફળ થઈ ગયા.

## ઈરાકની દુર્લભ ચીજો

પ્રથમ લખાણનો પ્રારંભ જ આ ભૂમી પરથી થયો હતો. પૂરાણી મેસોપોટેમિયાથી પકાવેલી માટીની હજારો તખ્તીઓ અને મોહરો મળી જેના પર હજી સુધી પ્રથમ લખાણની નિશાનીઓ મૌજૂદ છે. ઈરાકના તૂટવાથી આ દુર્લભ ચીજોને માફ ન થઈ શકે તેવું નુકસાન પહોંચ્યું છે. ડઝનબંધી યાદગાર સંગ્રહિત ચીજો બોમ્બવર્ષા તથા લડાઈમાં તબાહ થઈ ચૂકી છે. માટીની હજારો તખ્તીઓ ગુમ તથા નષ્ટ થઈ જેને હજી સુધી વાંચવામાં આવી ન હતી, આ રીતે ન ઈરાકનું બલ્કે પૂરી દુનિયાનું ગંભીર નુકસાન થયું છે.

કેટલાય માધ્યમો થકી જાણકારી મળી કે બગદાદ મ્યુઝિયમ તથા અન્ય અજાયબ ઘરોએથી દોઢથી બે લાખ લગભગ દુર્લભ સંગ્રહિત ચીજોની ચોરી કરવામાં આવી તેમજ **The looting of ira museum, the lost legancy of Mesopotamia** નામના પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે કે હક઼ીક઼તમાં ઈરાકથી પંદર હજાર દુર્લભ સંગ્રહિત ચીજો ગાયબ થઈ ગઈ, તેમાંની અડધી જેટલી લોકો પાસેથી પાછી મેળવી લેવામાં આવી પણ એમાંની કાંઈ કેટલીયે ભાગી તૂટી ચૂકી હતી. બગદાદનું અજાયબ ઘર ઈ.સ. ૧૯૨૩માં બ્રિટનના પૂરાણી નિશાનીઓના નિષ્ણાત ગ્રોટર વુડબેલે સ્થાપી હતી. અખાતી યુદ્ધથી પહેલાં વિશ્વભરના નિષ્ણાતો એના પર સંશોધન કરી રહ્યા હતા અને આ ક્રમ છેલ્લા ૨૦૦ વરસથી ચાલુ હતો. ઈ.સ. ૧૯૯૧માં યુદ્ધ શરૂ થતાં જ એક બોમ્બ તેની નજીક પડયો જેનાથી બિલ્ડિંગના કાચ તૂટી ગયા. આ જ અજાયબ ઘર (મ્યૂઝિયમ)માં મેખી લખાણ (ક્યૂનિફાર્મ સ્ક્રિપ્ટ)ની હજારો તખ્તીઓ મૌજૂદ હતી જેને વાંચવામાં આવી રહી હતી, પણ સંશોધનનો આ ક્રમ હવે અટકી ગયો હતો.

કોલંબિયા યુનિવર્સિટીની પ્રાધ્યાપિકા ઝયનબ બહરાનીએ પોતાના લેખમાં લખ્યું છે કે અમેરિકી ફૌજોએ બાબિલ સંસ્કૃતિની યાદગારોના બરાબર ઉપર પોતાનો લશ્કરી કેમ્પ સ્થાપિત કરી રાખ્યો છે. એ જ પ્રમાણે સિકંદરે આ'ઝમના યુગના એક મોટા પૂરાણા થિયેટર પર હેલી પેડ તથા પાર્કિંગનો વિસ્તાર બનાવવામાં આવ્યો છે. ઈરાકી લોકોએ અમેરિકી લશ્કરોને ક્યાંક બીજે જવાની દરખાસ્ત કરી પરંતુ સપ્ટેમ્બર ૨૦૦૪ થી આજ સુધી આ વિસ્તાર અમેરિકી લશ્કરનું રહેઠાણ બનેલો છે.

એક અરબ સંસ્થાએ ઈરાકમાં કત્લ કરવામાં આવનારા વૈજ્ઞાનિકોની યાદી તૈયાર કરી છે જેમાં ઈરાકમાં શહીદ થનારા અમુક અમુક જ્ઞાની પુરૂષોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ યાદીમાં પ્રથમ નામ આલમ અબ્દુલ હમીદનું છે જે ઈરાક પર હથિયારોની વર્ષાના સ્વરૂપમાં વરસાવવામાં આવેલી ડીપ્લીટેડ યુરેનિયમની અસરોનું પરીક્ષણ કરી રહ્યા હતા, તેમને બગદાદમાં ગોળી મારી દેવામાં આવી. મૌસુલ યુનિવર્સિટીમાં છોડોની રક્ષા અને જંગલની વનસ્પતિના નિષ્ણાત ડોકટર અબ્દુલ અઝીઝ ઉતરાશીને તેમના વિદ્યાર્થીઓ સમક્ષ અમેરિકી લશ્કરે ગોળી મારી દીધી અને તેમનાં ઘરવાળાંઓને કહ્યું કે માફ કરજો ! આ ગોળી ભૂલથી વાગી ગઈ હતી. ખૂન તથા તબાહીની આ આંધીમાં મુહમ્મદ નસીમ અલ અઝમરલીનો પ્રસંગ લોહીનાં આંસૂએ રડાવે છે. તે ઈરાકના મશહૂર કેમિકલ નિષ્ણાત હતા. અમેરિકીઓ તેમને તપાસના માટે લઈ ગયા અને તેમને કેદની હાલતમાં મારી નાખ્યા. તેમનું મુત્યું એક આશ્ચર્ય બની રહ્યું, તે ઉપરાંત એક માધ્યમના જણાવ્યાનુસાર તેમને માથા પર તેજ ધારવાળા ઓજારના ઘા વડે મારી નાખવામાં

આવ્યા હતા. અરબ પ્રચાર માધ્યમ પ્રમાણે અમેરિકી ડોકટરોએ તેમની ખોપરીમાં ૨૦ સે.મી. ઊંડુ કાંણુ કર્યું હતું જે તેમની આખરી હિચકીનું કારણ બન્યું.

**આ યાદીથી અંદાજો લગાડી શકાય છે કે ઈરાકને જ્ઞાન વિજ્ઞાન તથા એજ્યુકેશન ક્ષેત્રે વાંઝીયું બનાવવા માટે દરેક ક્ષેત્રની વિદ્યાઓના નિષ્ણાતોને નિશાન બનાવવામાં આવ્યા.** આ એક સુનિયોજીત પ્લાન નથી તો બીજું શું છે ? આ મઝલૂમ પણ ઉચ્ચ કક્ષાના દિમાગોને એ ખબર નથી કે એમનો શો કુસૂર હતો. અમે તે બદ્‌નસીબ વૈજ્ઞાનિકો તથા એજ્યુકેટેડ વ્યક્તિઓનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કર્યો છે, જ્યારે કે ઈરાકમાં કત્લ થનારા, ધમકીઓ તથા ત્રાસથી દેશ છોડી ભાગી જનારા અને બાકી રહેલા ગભરાયેલા ડરી ગયેલા નિષ્ણાતોની યાદી ઘણી લાંબી છે. ઈરાકની એ હાલત છે કે ત્યાં હવે બાળક જન્મ પર એવું નથી પૂછવામાં આવતું કે પુત્ર છે પુત્રી, બલ્કે પ્રથમ એ ઈત્મિનાન કરવામાં આવે છે કે બાળક સામાન્ય છે કે ખામીઓથી ભરપૂર છે. અમેરિકીઓએ ઈરાકીઓની ભૂમી ઉપરાંત માઓની પવિત્ર કૂખોને પણ દારૂગોળા અને રસાયણિક ઝહેરથી ખરાબ કરી નાખેલ છે. બીજી બાજુ અમેરિકી તથા બ્રિટનની ફોજોના બાવડાં હવે ઠંડા થતાં જઈ રહેલ છે. માર્ચ ૨૦૦૩ થી અત્યાર સુધીમાં ૬૦૦ અમેરિકી લશ્કરી પુરૂષ તથા સ્ત્રીઓ યુદ્ધથી ભાગી ગયેલ છે. બ્રિટન લશ્કરમાં આ સંખ્યા ૧૦૦ થી વધુ છે. જાણકારોના જણાવ્યાનુસાર તેમના બાવડાં એટલી હદે અશક્ત થઈ ચૂક્યાં હતાં કે તેઓ નર્વસ બ્રેકડાઉનની નજીક જઈ પહોંચ્યા હતા. અમુક લશ્કરીઓએ ફરિયાદ કરી કે તેમને કત્લ તથા ખૂનામરકી માટે યોગ્ય સહૂલતો નથી મળી રહી. બ્રિટનમાં લેબર પાર્ટીના એમ.પી. જોન મેકડોનલના કહ્યાનુસાર **દરેક ઓપરેશન પછી ફોજી એ જ પૂછે છે કે છેવટે આ યુદ્ધનો મકસદ શું છે ?! આ યુદ્ધની કાનૂની માન્યતા શું છે ? દુનિયાને અમુક મિનિટોમાં ભસ્મ કરી દેનારા ઈરાકી હથિયારો કેમ હજી મળતાં નથી ?!** (આલમી સહારા ઉર્દૂ અઠવાડિક, ૨-સપ્ટે. ૨૦૦૬)

પેજ નં. **૧૨** નું ચાલુ....

રબ તઆલા ફર્માવે છે :–

**وَكُلَّ اِنْسَانٍ اَلْزَمْنَاهُ طَآئِرَهُ فِىْ عُنُقِهِ**

વિચારો કે એ ફરિશ્તાનો જ્યારે આટલા પ્રમાણમાં ઈલ્મ છે તો આપણા નબી ﷺ **અઅ્લમુલ્ ખલ્ક** છે એમનો ઈલ્મ તો આપણી ધારણાઓથી પણ વિશેષ છે. અને આ તખ્તી પર લખવું અને ગળામાં નાખવું એટલા માટે છે કે હકીકતમાં નિગાહો તેને વાંચી શકે. યાદ રાખશો કે લખાણ લોહે મેહફૂઝમાં પણ હોય છે અને શબે કદ્રમાં ફરિશ્તાઓના સહીફાઓમાં પણ છે અને બાળકોની પેશાની અથવા ગળાની તખ્તી અથવા હાથમાં પણ છે, પણ એ લખાણ વિવિધ છે.

**૫.** એટલે કેવળ મૌતનું અંતર કે મરે અને ત્યાં પહોંચી જાય, અને એક હાથ એ કેવળ સરખામણી માટે ફર્માવ્યું.

**૬.** એટલે કે કાફિર બની જાય છે. એમાં નિર્દેશ કરવામાં આવ્યો કે રબ તઆલા બદ્અમલી વિના કોઈને દોઝખમાં નથી મોકલતો, જેથી જાહેર એ છે કે કાફિરોના બાળકો પણ જહન્નમી નથી. વલ્લાહુ અઅ્લમ.

**૭.** એટલે કે ઈમાન લાવીને મુત્તકી બનીને મરે છે જેથી કોઈ બદ્કાર (કુકર્મી) રબ તઆલાથી નિરાશ ન થાય અને કોઈ નેકોકાર પોતાના તકવા પર ફખ્ર ન કરે. અલ્લાહ તઆલા સારો ખાત્મો નસીબ કરે. યાદ રાખશો કે જન્નત કસબથી, અતાથી અને વહબી રીતે મળશે અહીં કોઈ જન્નતનું વર્ણન છે, નહીં તો મુસલમાનોનાં બાળકો જન્નતી છે.

રબ ફર્માવે છે : **اَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ**

# ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા મૌલાના મોહયુદ્દીન (હલદરવા)

## હિકાયત : ૧૯

## હલીમા હુઝૂર ﷺને લઈને ચાલ્યાં

હઝરત હલીમા ફર્માવે છે, અને જ્યારે હુઝૂરને લઈને પોતાના ગામે જવા તૈયાર થઈ ગયાં અને હું હુઝૂરને પોતાની ગોદમાં લઈને પોતાની કમજોર ગધેડી પર બેઠી, તો તે ગધેડી જે ભૂખ અને કમજોરીના કારણે ચાલી ન શક્તી હતી અને આવતી વખતે સૌથી પાછળ મક્કા પહોંચી હતી. હવે સાહિબ મેઅરાજની બરકતથી આગળ જઈ રહી હતી. જેથી મારી સાથે આવતી ઔરતો મને તેને રોકીને સાથે સાથે ચાલવા કહેતી અને હેરાન થઈને પૂછતી હતી કે આ તે જ ગધેડી છે જેના પર તું આવી હતી કે બીજી કોઈ ?! આ તો એવી તેજ છે કે ઊંચાઈ નીચાઈ પણ નથી જોતી, આ તે નથી લાગતી ! અને હું કસમ ખાઈને કહેતી કે તે જ છે પરંતુ તે બાળકની બરકતથી જે મારી ગોદમાં છે તેની સર્વ કમજોરી અને અશક્તિ ખતમ થઈ ગઈ છે. સારાંશ કે અમે આરામથી સૌ પ્રથમ પોતાના ઘરે પહોંચી ગયા.

**બોધ** : હલીમાની ગોદમાં સાહિબે મેઅરાજ હતા અને હલીમા સાથે સવાર સાહિબે મેઅરાજની બરકતથી ગધેડીની બધી અશક્તિ ખતમ થઈ ગઈ અને તે ગતિશીલ બની ગઈ. જાણે તે સમયે ઝબાને હાલથી તે આ પ્રમાણે કહી રહી હતી કે;

**તેઝ યૂં રફતાર મેરી આજ હૈ**
**મુઝ પે બેઠા સાહિબે મેઅરાજ હૈ**

આપણે જે આજે અન્ય કૌમોથી પાછળ રહી ગયા છીએ તેનું મૂળ કારણ એ જ છે કે આપણે સાહિબે મેઅરાજ ﷺનું દામન છોડી દીધું. આ આજકાલની નામની પ્રગતિ જેના પર નાદાન મુસલમાન ખુશ થાય છે. સાચૂ પૂછો તો આ પ્રગતિ નથી પણ અધોગતિ છે. પ્રગતિ અને આગળ વધવા માટે હુઝૂર ﷺની તા'લીમાતને અપનાવવી અનિવાર્ય છે. આપણો દાવો છે કે હુઝૂર ﷺની તા'લીમાતને અપનાવવાથી આપણે સૌ કૌમોથી આગળ નીકળી શકીએ છીએ, આપણી બધી કમજોરીઓ, અશક્તિઓ દૂર થવાનો એક માત્ર ઈલાજ એ છે કે હુઝૂર ﷺને અપનાવી લેવામાં આવે, સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن જે દુનિયાની સર્વ કૌમો પર છવાઈ ગયા અને મોટી મોટી જાલિમ અને તાકતવર કૌમોથી આગળ નીકળી ગયા. તેનું અસલ કારણ એ જ હતું કે તેઓના સીનામાં હુઝૂર ﷺની મહોબ્બત, ગોદમાં હુઝૂર ﷺની તા'લીમાત અને હાથોમાં દામને મુસ્તફા હતું.

**યહી જઝબા થા ઉન મર્દાને ગૈરતમંદ પે તારી**
**દિખાઈ જિનકે હાથો હક્ને બાતિલ કો નિગૂં સારી**

એ પણ જણાયું કે આપણે ભલે અંતિમ ઉમ્મત છીએ અને આવ્યા આપણે સૌથી પાછળ છીએ, પરંતુ હુઝૂર ﷺની નિસ્બતની બરકતથી જ્યારે આપણા ઘર જન્નતમાં પરત ફરીશું તો સૌ પ્રથમ આપણે જન્નતમાં જઈશુ. ઈન્શાઅલ્લાહ ! એટલા માટે હુઝૂરે ફર્માવી દીધું : "આપણે આવ્યા તો છેલ્લે પરંતુ કયામતના દિવસે સૌથી આગળ હોઈશુ." *(મિશ્કાત, પેજ–૫૦૬)*

**દેખ લેના રોઝે મેહશર જન્નતુલ ફિરદૌસમેં**
**સબસે પેહલે જાએગી ઉમ્મત રસૂલુલ્લાહ ﷺકી**

★ ★ જરૂરી નોંધ ★ ★
'મેરેજ બ્યૂરો' વિશે માહિતી આવતા અંકે રજૂ થશે. યોગ્ય સમકક્ષ પાત્રોનો સંપર્ક કરાવી દેવામાં આવશે.
-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## આહ ! હાજી યુનુસ માલજી ચલ બસે !

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી

હું તદ્દન નિખાલસપણે લખું તો એ વાતમાં જરાય અતિશયોક્તિ નથી કે મારા વાલિદ મર્હૂમના ઈન્તેકાલ પછી મારી જિંદગીમાં કોઈના મૌતના સમાચારે મને આટલો હચમચાવી કાઢયો નથી, મારી આંત્રિક હાલતનું હું વર્ણન નથી કરી શક્તો, ખૂબ જ સંયમ રાખવા છતાં વારંવાર આંખોએ તારા ઝિલમિલાવા લાગે છે કે, શું અમારા સગા તથા મિત્ર હાજી યુનુસ માલજીએ ખરેખર આ દુનિયાને અલવિદા કહી દીધી ! કોઈના મૃત્યુ પર આટલા લોકોએ મને ફોન નથી કર્યા, કોઈના મૃત્યુ પર આટલો બધો અજંપો મેં નથી જોયો, દેશ વિદેશના અસંખ્ય લોકોએ અમને આશ્વાસનના શબ્દો કહ્યા, કેટલાક ફોન પર જ પોક મૂકીને બેકાબૂ બની રડી પડયા કે, "આ શું થઈ ગયું ?!" એ કાંઈ એમના સગા ન હતા ! છતાં ! આ બધુ શા માટે ? એટલા માટે કે મર્હૂમ માલજીએ દરેકને નિઃસ્વાર્થ મહોબ્બત આપી છે, પ્યાર આપ્યો છે. આ મર્દે મુજાહિદ જેને મળ્યો તેનો થઈને રહી ગયો ! જે જોયું તે કહીશું કે એના દિલમાં જરાય પાપ ન હતું, અતિશય નિખાલસતા હતી. ખૂબ જ દિલથી આજીજી સાથે હસતે ચહેરે દરેકને પ્રેમ આપ્યો, સખી એવો કે કોઈને ખાલી ન જવા દે અને મેહમાન નવાઝ તો એવો કે ગમે તેવો અંજાણો આવ્યો હોય કે મિત્ર સૌની સાથે સરખુ હેતભર્યું વર્તન કરે, કેવું કરું તો આવનાર ખુશ થાય એવું વર્તન કરે, આલે રસૂલ તથા ઉલમા તેમજ તલબાની ખૂબ જ ખિદમત કરે, અને ખાસ ગુણ ઈશ્કે રસૂલ ﷺથી સીનો ભરપુર હતો, મદીના પાકમાં ઉઘાડા પગે રહેનાર, વહાબી પાછળ કદી નમાઝ ન પઢનાર આ ચુસ્ત સુન્ની મસ્લકે આ'લા હઝરતનો ફિદાઈ કેટલાક વર્ષોથી દર વર્ષે દયાદરામાં મીલાદુન્નબી ﷺમાં U.K.થી આવીને મહફિલે મીલાદમાં ટોચના નઅતખ્વાંને આમંત્રી જબરદસ્ત મેહફિલે નઅત ગોઠવતો. આ બુઝુર્ગાને દીનના આશિક સાથે છેલ્લા બે વરસથી અમો બરેલી ટુ અજમેર ટ્રીપ લગાડતા હતા. આ વરસે પણ પ્રોગ્રામ નક્કી હતો. એમની સાથે મેં હજ્જ પણ કરી છે. મર્હૂમ માલજી U.K. માં ઘણા વરસોથી દર વરસે હજ્જ તથા ઝિયારત અને રમઝાનમાં ઉમરાની ટુર ચલાવતા હતા અને મદીના પાકની હાજરીને મહાન નેઅમત સમજતા હતા. અમારા સઘળા મિત્રો એમના મિત્રો બની ગયા. દીની કામોમાં આગળ પડતો સાથ આપનાર આ મુજાહિદની ખોટ પૂરે એવો કોઈ દેખાતો નથી, આવી મહોબ્બતો વહેંચનાર, આટલો નિખાલસ, નેક સૂરત નેક સીરત બાશરઅ સાથી મળવો મુશ્કેલ છે. તા. ૯/૧૨/૨૦૦૬, ૧૭ ઝીલકઅદા, હિ.સ. ૧૪૨૭ શનિવારના રોજ મદીના શરીફથી મક્કા શરીફ જતાં એહરામની હાલતમાં લકઝરી બસના અકસ્માતમાં ઈન્તેકાલના સમાચાર ફેલાતાં જગતભરમાં જ્યાં પણ સમાચાર ગયા સૌ દિગમૂઢ થઈ ગયા, દયાદરા તથા આસપાસના ગામોમાં સન્નાટો છવાઈ ગયો. ફોનથી, અખ્બારથી જેમ લોકોએ જાણ્યું તો તેમનાં કુટુંબીજનોનો સંપર્ક ન કરી શક્તાં અમને ફોન પર હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી સાહબ, જનાબ કારી રિઝવાન સાહબ, હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળા, હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી, હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબ તેમજ ગામે ગામ તથા વિદેશથી પણ ઘણા લોકોએ દુઃખ વ્યક્ત કરતા શબ્દોમાં દિલસોઝી જાહેર કરીને મર્હૂમની મગફેરત માટે તેમજ કુટુંબીજનોને સબ્રે જમીલ માટે દુઆઓ આપી. બસ ! મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી તેમને જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે અને તેમનાં માતા પિતા, કુટુંબીજનો તથા તેમના અહલિયાને, ફરઝંદોને સબ્રે જમીલ અતા કરે. તેમજ તેમના સાથે અકસ્માતમાં ઈન્તેકાલ કરનાર મર્હૂમા ઝયનબ રફીક દાઊદ વલી ગોરજી (થામવાળા)ની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે, સગાંઓને સબ્રે જમીલ આપે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ હલદરવા, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, દારુલ ઉલૂમ–થામ, દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા, મદ્રસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરામાં, વાગરા મદ્રસામાં વગેરેએ કુર્આન ખ્વાની કરાવી મર્હૂમો માટે ઈસાલે સવાબ કર્યો આવ્યો હતો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજાની ટપાલ

# સુન્ની દા'વતે ઈસ્લામીના શાનદાર ઈજતેમાઓ

### ★ મુંબઈમાં આલમી સુન્ની ઈજતેમા યોજાયો ★

તા. ૧,૨,૩ ડિસે.–૦૬ના દિવસોમાં મુંબઈ આઝાદ મેદાન, વી.ટી. સામે વાદીએ નૂરમાં આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશશાન આલમી સુન્ની ઈજતેમા તા. ૧ એ જુમ્આની નમાઝ બાદથી ઔરતો માટે શરૂ થયો જે ઈશા સુધી ચાલ્યો. જેમાં હજારોની સંખ્યામાં આવેલી બહેનોને દીને ઈસ્લામ વિશે, દીની તા'લીમ વિશે, ઈસ્લામી ખાતૂન કેવી નેક પાકીઝા હોય છે તેની સમજ આપવા માટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી, મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન, U.K.), જનાબ મૌલાના રફીઉદ્દીન પરભનીવાળા તેમજ અન્ય ઉલમાએ કિરામે ઈમાન અફરોઝ બયાનો કર્યા. તા. ૨ શનિવાર સવારથી તા. ૩ રવિવાર ૧૦ વાગ્યા સુધી સતત ઈજતેમા પુરૂષો માટે ચાલુ રહ્યો. જેમાં લાખોની સંખ્યામાં સુન્ની ભાઈઓ જમા થઈ ગયા હતા. એક મોજાં મારતા સમુદ્ર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ત્રણેવ દિવસ બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતે પાકની સાથેસાથે ખૂબ જ પ્યારી પ્યારી દીની વાતો દુરૂદ, દુઆ, દીની મસાઈલ તેમજ હાજીઓ માટે હજ્જની તર્બિયત કરી હતી. શીખવાડયા હતા. વરસોથી પાબંદીથી ઘણા નમાઝ પઢે છે પણ નમાઝમાં રુકૂઅ સિજદા વિગેરે સહીહ ન હોવાથી તેમની મહેનત ક્યારેક બેકાર થાય છે જેથી અહીં શનિવારે બપોરના નમાઝને અદા કરવાનો પ્રેક્ટિકલી તરીકો તેમજ મસાઈલ શીખવાડવામાં આવ્યા. હઝરત મૌલાના મન્સૂર અલીખાં પીલીભીતીનું બયાન ઝહોર બાદ થયું હતું. મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી સદર મુફતી જામિઆ અશ્રફિયા–મુબારકપુરે ત્રણેવ દિવસ અસરથી મગરિબ સુધી અવામમાંથી પૂછાયેલા વિવિધ દીની પ્રશ્નોના જવાબો આપ્યા જેથી અવામના ઈલ્મમાં વધારો થયો. તે ઉપરાંત હઝરત અલ્લામા મૌલાના કારી ઝહીરુદ્દીનખાં સાહબે અલ્હમ્દુ શરીફ પર ખૂબ જ ફિક્રી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હઝરત મૌલાના શાકિર નૂરી સાહબે પોતાના અનોખા અંદાઝમાં તેમજ અલ્લામા આ'ઝમી સાહબે પણ ઈસ્લામની ખૂબીઓ જાહેર કરતાં ખૂબ જ અસરકારક બયાનો કર્યા હતાં. અમીને મિલ્લત હઝરત સૈયદ અમીનમિયાં (સજ્જાદા–મારહરા શરીફ) સાહબે સુન્ની દા'વતે ઈસ્લામીની ભરપૂર પ્રશંસા કરી મૌલાના શાકિર તથા સાથીઓને દીન તથા સુન્નિયતના કામ માટે પ્રોત્સાહિત કરી ખૂબ દુઆઓ આપી હતી. તેમજ મોઈનુલ મશાઈખ શાહઝાદાએ સૈયદ મુસન્નામિયાં અશરફીએ પણ દુઆઓ કરી હતી.

અંતમાં ઝિક્ર દુઆમાં લાખો લોકોએ ગુનાહોથી તૌબા કરી, સલાતો સલામ બાદ બગદાદ શરીફના હઝરત સૈયદ ડો. સબા અર્રિફાઈ બુઝુર્ગે દુઆ કરી હતી.

**ઈડર** : તા. ૧૩/૧૨/૨૦૦૬ના રોજ ઈડર (જિ. સાબરકાઠાં) ખાતે મૌલાના શાકિર નૂરી રઝવી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું આગમન થતાં ઈડર બહાર બે ત્રણ કિ.મિ.થી સ્કૂટર રેલી કાઢીને આપનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું પછી ફૂલહાર પહેરાવ્યા હતા. ઈડરમાં **જશ્ને ગૌષે આ'ઝમ** رضی اللہ عنہના મુબારક અવસરે થયેલા આ સુન્ની ઈજતેમામાં હુઝૂર ગૌષપાક رضی اللہ عنہની શાન બયાન કરતાં "અચ્છી સોહબત" સંબંધે હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

### ★ પાલેજમાં મહફિલે સમાએ નઅત ★

**પાલેજ (નવી નગરી)** : ખાતે તા. ૧૬/૧૨/૨૦૦૬ શનિવાર ઈશા બાદ બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ નઅતે પાકના તરાનાઓથી સુન્ની અવામના ઈમાનમાં તાજગી બખ્શી હતી.

ઈજતેમાગાહમાં ચિક્કાર મજમો થયો હતો જેમના ઈમાન તથા અમલની ઈસ્લાહ માટે જનાબ રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅત તથા દિલમાં જગા લે તેવું અસરકારક બયાન કરીને સંબોધ્યો હતો અને (અમરો નેહી) દીનના કામ માટે પ્રોત્સાહિત કર્યો હતો. જંબુસરથી હઝરત સૈયદ શૌકતઅલી બાપુ, જનાબ સૈયદ હસ્મતબાપુ મજુમિયાં ઉપરાંત દા.ઉ. મુસ્તફાઈયા હલદરવા તથા દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી દયાદરાના મુફતી સાહબો તથા ઉલમા તથા હુફ્ફાઝ તથા અન્ય ઉલમા સાદાતે હાજરી આપી હતી.

*(**રજૂકર્તા** : સુન્ની દા'વતે ઈસ્લામી–પાલેજ શાખા)*

**★ જશ્ને દસ્તારે ફઝીલત ★**

જનાબ હાફેઝ દાઊદ પટેલ ચાંચવેલવાળાના નેક ફરઝંદ મૌલાના મુહમ્મદ ઈરફાન અમજદીના સર પર દસ્તારે ફઝીલત જામિઆ અમજદિયા રઝવિય્યહ–ઘોસી, જિ. મઉ, યુ.પી. ખાતે ૨૫/૧૧/૨૦૦૬ના રોજ મહાન ઉલમાએ કિરામના હાથે રાખવામાં આવી. (ખૂબ ખૂબ મુબારક બાદ)

*–તંત્રી : **બરકાતે ખ્વાજા (માસિક)***

તેમજ સુન્ની દા'વતે ઈસ્લામી થકી ચાલતા જામિઆ ગૌષિયા મુંબઈમાં ફારિગ થનાર મૌલાના ઈમરાન દાઉદ ઝંઘારવી, મૌલાના યૂસુફ વાંકાનેરી, મૌલાના અફઝલ બરકાતી મુંબઈ, મૌલાના ઝાહિદ સુલ્તાન ભાવનગરીના સરો પર દસ્તારે ફઝીલત ૩ ડિસે. ૨૦૦૬ના રોજ સુન્ની દા'વતે ઈસ્લામીના આલમી ઈજતેમામાં વાદીએ નૂર આઝાદ મેદાન, મુંબઈમાં મહાન ઉલમા તથા સાદાતોના મુબારક હાથે રાખવામાં આવી. (સૌને હાર્દિક મુબારકબાદ !)

*–તંત્રી : **બરકાતે ખ્વાજા (માસિક)***

**★ રબ તઆલા હજ્જ કબૂલ ફર્માવે ! ★**

**દયાદરાના હાજી સાહબો** : હઝરત સૈયદ નૂરાનીબાવા બડાસાહબ, ઈસ્માઈલ વલી ઈસા સાલેહ (સહ કુટુંબ), મુશ્તાકભાઈ અકુજી (અહલિયા સાથે), ઉષ્માન શેઠ (અહલિયા સાથે), સીરાજ ગાડીવાળા, લાંગ્યા મુશ્તાક (અહલિયા સાથે), ઈબ્રાહીમ આઝાદ (અહલિયા સાથે), ઐયૂબ બોરડીવાલા (અહલિયા સાથે), જમાલ કોઠીવાલા (અહલિયા સાથે), હનીફ છેલાઘરવાળા, મૂસા લાંગ્યા (અહલિયા + મધર સાથે), યાકૂબ બક્ષ (અહલિયા સાથે), ઈબ્રાહીમભાઈ મજે (અહલિયા સાથે), બાબુભાઈ ખાન (બહેન તથા ફોઈ સાથે), ઈકબાલભાઈ ડાભાવાળા, તેમજ **ભરૂચ** (રોશન પાર્ક)થી ઈસ્હાક મુહમ્મદ કોલવણાવાલા (અહલિયા તથા પુત્રી તહમિના સાથે), મુશ્તાકભાઈ ટોપીવાળા વાગરાવાળા (અહલિયા સાથે), અહમદજી ખત્રી–વાગરા (અહલિયા સાથે) અબ્દુલ ગફૂર દસુ–નબીપુર, શેખ 'શમ્સ' સરખેજવાલા અમદાવાદથી હજ્જે બૈતુલ્લાહ તથા ઝિયારતે રોઝાએ રસૂલ ﷺ માટે જઈ રહ્યા છે. રબ તઆલા સૌની હજ્જ કબૂલ ફર્માવે. (આમીન)

*–તંત્રી : **બરકાતે ખ્વાજા (માસિક)***

**અણમોલ કિતાબો મંગાવો !**

**કિતાબ : દીની માલૂમાત કા ગુલદસ્તા** (ભાગ–૪, પેજ–૬૭)

**સંપાદક** : હાફિઝ કારી મૌલાના અલ્હાજ અબ્દુલગની મિયાં અહમદ રાજેભાઈ (M.A.LLB)

ગુજરાતીમાં સવાલ જવાબરૂપે કુર્આન શરીફ, નિકાહ, જુમ્આ, આ'લા હઝરત વિશે, લિબાસ, મહેમાન નવાઝી, હજ્જ, બુઝુર્ગાને દીન... વિગેરે વિષયે જાણવા પાત્ર માહિતી રજૂ કરી છે. પ્રકાશકના સરનામે રૂા. ૩૦ M.O. કરી મંગાવો.

**પ્રકાશક** : હાફિઝ કારી મૌલાના અલ્હાજ અબ્દુલગની મિયાં અહમદ રાજેભાઈ, ૫/૨૦૨૫, આસિફ સોસાયટી, બ્લોક નં. ૫, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર (સા. કાંઠા) ફોન : ૦૨૭૭૨–૨૪૭૫૪૯

★ ★ ★ ★

કિતાબ : **દાસ્તાન ઈમાન ફરોશોની** (પેજીસ–૧૦૦)

**લેખક** : મર્હૂમ હાજી અ. ગફ્ફાર ચોલા

**પ્રાપ્તિસ્થાન** : મુહમ્મદ અમીન ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧ ૦૦૧

મર્હૂમ ચોલા સાહબની કલમે વહાબી દેવબંદીઓની શરારતો તથા તેમની કુફ્રી હકીકતોની વિગતો વાંચી તેમને ઓળખો અને ઈમાન બચાવો. પ્રકાશકના સરનામે રૂા. ૩૫/– M.O. કરીને મંગાવો.

**★ રૂા. ૪ ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

**૧. રસૂલે ખુદા ﷺના મુબારક નામના અમલ**

**૨. આસાન નમાઝ અને તરીકાએ ફાતિહા**

બંને પ્રકાશનો નં. ૨૪ તથા ૨૫ના નામો પરથી એનો વિષય જણાય જાય છે તેને મંગાવવા સંપર્ક કરો :–

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, કવાર્ટર નં. ૯૧–ડી, મુા. હાપા, પિન–૩૬૧ ૧૨૦ જિ. જામનગર

**ભરૂચ** : રોશનપાર્ક ખાતે અમારા પેટ્રન સભ્ય જનાબ હાજી હનીફ મુહમ્મદ માસ્તર અરગાવાળાના ફરઝંદ ઈકરામુલ હક્કએ **B.H.M.S.** કરીને ડોકટરની ડિગ્રી મેળવી છે. (મુબારકબાદ !)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ જૂનાગઢમાં ઉર્સ તથા મેડિકલ કેમ્પ ★**

**જૂનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ્ નૂરિય્યહ્ થકી તા. ૧૭/૧૧/૨૦૦૬ જુમ્આના રોજ અમીરે અહલે સુન્નત ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના પીર નૂર મુહમ્મદ મારફાની નૂરી રઝવી رحمۃ اللہ علیہના ૮ મા ઉર્સનો પ્રસંગ શાનો શૌકતથી જુલૂસ કાઢી મઝાર શરીફ પર પહોંચી ગુસ્લ, સંદલ, ચાદર.. વિગેરે વિધિ થઈ. ઈશા બાદ હઝરત મૌલાના રઈસ કૌષર સાહબ તથા હઝરત મૌલાના મુફતી હબીબુર્રહમાન તથા અન્ય ઉલમાની તકરીરો થઈ હતી. સલાતો સલામ બાદ આમ ન્યાઝ ખવડાવી. તા ૨૬/૧૧/૨૦૦૬ના રોજ નૂરી ક્લિનિકમાં ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો જેમાં વિવિધ બીમારોનું નિદાન ઉમદા ડોકટરોથી કરવામાં આવ્યું.

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યહના સજ્જાદાનશીન પીરે તરીકત મૌલાના ગુલ્ઝાર અહમદબાપુ નૂરી રઝવી જણાવે છે કે જૂનાગઢ ખાતે તા. ૧/૧૨/૨૦૦૩ના રોજ મુફતીએ આ'ઝમ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપ્ના થઈ ત્યારથી આમ લોકોની સેવા માટે એમ્યુલન્સ ચાલુ કરવામાં આવી. તા. ૨૭/૧૧/૨૦૦૫થી "નૂરી ક્લિનિક" તેમજ "મદ્રસાએ અન્વારે મુસ્તફા હિફઝુલ કુર્આન" શરૂ કરવામાં આવેલ. હવે ૬/૧૧/૨૦૦૬ (૧૩ શવ્વાલ) થી આલિમ ફાઝિલનો સનદી કોર્સ શરૂ થયો છે. તેમજ "દારુલ ઈફતા" પણ શરૂ કરેલ છે. તો આમ સુન્ની પબ્લિક તેનો લાભ ઉઠાવે એવી અપીલ છે. પત્ર વ્યવહારનું સરનામુ :–

પીરે તરીકત મૌલાના ગુલઝાર અહમદ બાપુ નૂરી, દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા, ભાટીયા ધર્મશાળા રોડ, નાથીબુ મસ્જિદ સામે, જૂનાગઢ, પિન. ૩૬૨ ૦૦૧, ફોન : (૦૨૮૫) ૨૬૨૪૭૮૬

**◄ ઈન્તેકાલ પુરમલાલ ►**

**દયાદરા** : ખાતે જનાબ માસ્તર યાકૂબ અલી કુલ્ફીવાલાનાં વાલિદા બીબીબેન અલીભાઈનો ઈન્તેકાલ તા. ૨૬/૧૧/૨૦૦૬ રવિવારના રોજ ૯૨ વર્ષની ઉંમરે થયો. રબ્બે કરીમ નબીએ પાક ﷺના સદકામાં મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કરજણ** : થી જનાબ હાફેઝ મેહબૂબ ઝંઘારવી લખી જણાવે છે કે જનાબ અબ્દુલ મજીદ પટેલનાં વાલિદાનો ઈન્તેકાલ થયો. મર્હૂમાની ઝિયારતના ફાતેહા કરજણની જુમ્આ મસ્જિદમાં રાખવામાં આવ્યા જ્યાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્તયાઝભાઈ ભીવંડીવાળાએ મૌત વિશે અસરકારક બયાન ફર્માવી સૌને ઈસ્લામી જિંદગી જીવવા નસીહત કરી હતી. મૌલા કરીમ રસૂલે કરીમ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભાણવડ** : જનાબ અશરફ મોહમંદ મોટાણી જણાવે છે કે નેક સખી બહેન હજીયાણી હવાબાઈ અ.લતીફનો તા. ૨૮/૧૧/૨૦૦૬ના રોજ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકમાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જોલવા** : (તા. વાગરા) મુકામે મર્હૂમ ઈકબાલ મૂસા પટેલના ચેહલુમના ફાતેહા તા. ૩/૧૨/૨૦૦૬ના રોજ રાખવામાં આવ્યા. રાત્રે ઈશા બાદ હઝરત મૌલાના સૈયદ કમરકુત્બી કારંટવી સાહબની તકરીર રાખવામાં આવી. *(રજૂ. : પટેલ ઐયૂબ મૂસા–જોલવા)*

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

## વિષય : વર્તમાન શાદીઓની ધૂમધામ અને ઈસ્લામી આદેશ

### લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો

**મદ્રસા મઝાહેરુલ ઉલૂમ-દયાદરા**

✍ મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ

**મુા. હાડગુડ, તા. જિ. આણંદ**

✍ સૈયદ મુહમ્મદ મુનાદીન કે.

**દારુલ ઉલૂમ ગૌષિયા-મુંબઈ**

✍ મૌલાના ઈમરાન દાઉદ ઝંઘારવી

**મુા. કાવી, તા. જિ. જંબુસર**

✍ હાફેઝ મકસૂદ યાકૂબ મોંઘા

**M.E.S. સ્કૂલ -રાજપારડી**

✍ વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન-રાજપારડી

### ઉલમાએ કિરામ તથા ઉસ્તાદોને વિનંતિ

તાલિબે ઈલ્મોને લેખ હરીફાઈમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો. તથા યોગ્ય માર્ગદર્શન આપી તથા વિષયને લગતી કિતાબો સંબંધે રેહબરી કરી લેખ લખવા પ્રોત્સાહિત કરશો. (જઝાકલ્લાહ!)

### ★★ સૂચના ★★

**લેખ લખનારા તલબા ધ્યાન રાખે કે....**

★ પઢાઈ સિવાય સમય કાઢીને વિવિધ ગુજરાતી-ઉર્દૂ રિસાલા તથા વર્તમાન પત્રોનો અભ્યાસ રોજની આદત બનાવે જેથી દિમાગ વિશાળ થશે. જાણકારી વધશે, લખવાનો ઢંગ મળશે વગેરે.

★ કુર્આનની આયતો લખે કે ન લખે પણ તર્જુમાની પાછળ સૂરતનું નામ તથા આયત નંબર જરૂર લખે.

★ હદીષ ટાંકયા બાદ કે શરૂમાં કિતાબનો હવાલો અને બહવાલા કઈ કિતાબમાંથી લખ્યું તે દર્શાવે.

★ વાક્યા બયાન કરે તેમાં પણ પેજ નં. સાથે જે તે કિતાબનો હવાલો લખે.

★ જ્યાં વાત બદલાય ત્યાં **પેરેગ્રાફ** પાડે.

★ ડાબી બાજુ હાશિયાની જગા છોડીને લખાણ લખો.

★ લખાણ સુવ્યવસ્થિત લાગે તેમ સ્પષ્ટ શક્ય તેટલા સુઅક્ષરોમાં લખે.

★ જોડણી માટે બુક સ્ટોલ પરથી ગુજરાતી ડિક્ષનરીઓ મેળવી લે જેથી સરળતા રહે.

★ લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક **માર્ચ-૨૦૦૭**નો ભેટમાં આપવામાં આવશે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | હાફેઝ મકસૂદ યાકૂબ મોંઘા | રૂા. ૨૦૦/- | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | મૌલાના ઈમરાન દાઉદ ઝંઘારવી | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |

### ✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪

## પડોશીના હક્કો સંબંધે ઈસ્લામની તાકીદ અને આપણે

તા. **૧૨-૦૨-૨૦૦૭** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**નોંધ :** આ સંબંધે કુર્આન હદીષના હુકમો, બુઝુર્ગોના વાક્યા તથા આપણી શું હાલત છે તે વિશે અભ્યાસ કરીને લખવું.